# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
# અમરેલી

# શિક્ષણની નવી ક્ષિતિજો

## જિલ્લા કક્ષાનો
## એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ
## ૨૦૨૩-૨૦૨૪

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ –ગાંધીનગર

પ્રેરિત

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન –અમરેલી દ્વારા સંપાદિત

# શિક્ષણની નવી ક્ષિતિજો


:: પ્રેરણા ::

ડી.એસ. પટેલ

નિયામક

જી.સી.ઇ.આર.ટી. – ગાંધીનગર

:: માર્ગદર્શન ::

દક્ષાબેન પી.પાઠક

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

:: કન્વીનર ::

ભરતકુમાર બી. ડેર

જિલ્લા ઇનોવેશન કૉ - ઓર્ડીનેટર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

:: સંકલન ::

હરેશકુમાર વી. ગોહેલ

આચાર્ય , પ્રાથમિક શાળા - નાનાગોખરવાળા



દક્ષાબેન પાઠક

# શુભેચ્છા સંદેશ

પ્રકૃતિ અનેકવિધ વિવિધતાઓથી ભરેલી છે. પ્રકૃતિનું જ સુંદર સર્જન એવું બાળક તો અનેક વિવિધતાઓ ધરાવે છે. વિવિધતા સભર બાળકોને એક જ પદ્ધતિથી શિક્ષણ આપી શકાય નહી, તેવી સફળ અને સચોટ રજુઆત ગુજરાતની સૌ પ્રથમ શિક્ષણની પ્રયોગકથા દિવાસ્વપ્નના લેખક સ્વ. ગિજુભાઈ બધેકાએ કથાનાયક લક્ષ્મીરામના માધ્યમથી કરી હતી.NCF ૨૦૦૫નો સૂર એ છે કે બાળક એ જ્ઞાનનો સર્જક છે. બાળકની સર્જન પ્રતિભા વિકસાવવા શિક્ષકો વિવિધ નાવિન્યપૂર્ણ પ્રયુકિતઓ અને પદ્ધતિઓ હાથ ધરે છે. અમરેલી જિલ્લાના આવા જ પ્રાથમિક શાળાના ૩૨ શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના ૦૮ શિક્ષકો કુલ 40 શિક્ષકોના શૈક્ષણિક પ્રયોગોનો મેળાવડો એટલે જ એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ.

જીસીઈઆરટી, ગાંધીનગરની પ્રેરણાથી જિલ્લાના પ્રત્યેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ઈનોવેશન સેલ વર્ષ ૨૦૧૩ થી શરૂ થયા. પ્રયોગશીલ શિક્ષકોના નવતર પ્રયોગોનું તાલુકા કક્ષાએ ઇનોવેટિવ શિક્ષકોએ પ્રેઝન્ટેશન કરેલ. આ વર્કશોપમાં ૫૦ ગુણમાંથી માર્કિંગ પણ કરેલ તેના આધારે પ્રાથમિક શાળાના ૩૨ શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના ૦૮ શિક્ષકો, કુલ ૪૦ શિક્ષકો ભાગ લઈ રહ્યા છે. પસંદ થયેલ ઈનોવેટીવ શિક્ષકોને ઇનોવેશન શેરીંગ અને રાઇટઅપ વર્કશોપમાં માર્ગદર્શન આપવામાં આવેલ. અમરેલી જિલ્લામાં એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ ઓક્ટોમ્બર - ૨૦૨૩ દરમિયાન યોજાનાર છે. ત્યારે ભાગ લેનાર સૌ શિક્ષકો અને જોવા આવનાર સૌ સારસ્વત મિત્રોને અભિનંદન. આ મેળાવડામાં આવી, આપ પણ આપની શાળાના પ્રશ્નોના વૈજ્ઞાનિક સમાધાન માટે અનોખો અને નવો જ પ્રયોગ આદરો તે અપેક્ષા છે.

જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા માર્ગદર્શન અને વર્ષ : ૨૦૧૫-૧૬ થી એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં અમોને જે માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત થઈ છે, તે બદલ અમો માર્ગદર્શક સંસ્થાઓનો આભાર માનીએ છીએ. આ ઉપરાંત નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર પટેલ સાહેબ વિશેષ રસ પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહે છે. તેના જ પરિપાક રૂપે અમે આ એજયુકેશન ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરી શકયા. અને ઈનોવેશનની શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો બુકલેટ તૈયાર કરી શકયા છીએ. તે બદલ નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગરનો અમે ઋણ સ્વીકાર કરીએ છીએ. આ બુક દરેક શાળા અને શિક્ષક સુધી પહોચશે અને શિક્ષણમાં ઉપયોગી થશે તેવી શુભેચ્છાઓ.

દક્ષાબેન પાઠક
પ્રાચાર્ય
ડાયટ -અમરેલી

# પ્રસ્તાવના



## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ એક ઝલક

ભરતકુમાર બી. ડેર

વર્ગખંડમાં દરેક બાળકો અલગ અલગ હોય છે. દરેક બાળકોની શીખવાની પ્રક્રિયા અને ગતિ અલગ અલગ હોય છે, આવી પરિસ્થિતિમાં ઘણી વખત વર્ગખંડમાં શીખવવામાં શિક્ષકો મુશ્કેલી અને સમસ્યાઓ અનુભવે છે. આ સમસ્યાના નિવારણ માટે પ્રાથમિક શિક્ષણમાં ઘણા શિક્ષકો કોઈ ને કોઈ ઈનોવેશન કાર્ય કરી પ્રાથમિક શાળાની અને તેના વર્ગની ગુણવત્તા ઊંચી આવે તે માટે પ્રયત્ન કરતા હોય છે. પ્રાથમિક શાળાઓની મુલાકાત દરમ્યાન ધ્યાનમાં આવેલ છે કે કેટલાક શિક્ષકો વર્ગશિક્ષણ કાર્ય રેગ્યુલર પદ્ધતિ ઉપરાંત અભ્યાસક્રમને સહાયક હોય તેવી પદ્ધતિ કે પ્રયુકિત મારફત વર્ગશિક્ષણ કાર્યને ઉત્તમ કક્ષાએ લઈ જાય છે.

પ્રાથમિક શાળા કક્ષાએ થઈ રહેલા કામોને વેગ આપવા માટે રાજય કક્ષાએ જીસીઈઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ દરેક જિલ્લા કક્ષાએ ઈનોવેશન સેલની રચના કરવામાં આવેલ છે, જે અંતર્ગત જિલ્લા કક્ષાએ થઈ રહેલા ઈનોવેટીવ કાર્યને વેગ આપવામાં આવે છે. શિક્ષકે પોતાની શાળામાં કે વર્ગખંડમાં ઈનોવેટીવ કાર્ય કરેલ હોય તેની દરખાસ્ત તૈયાર કરી તાલુકા ક્ક્ષાએ જમા કરવામાં આવે છે. આ વર્ષે તાલુકા ક્ક્ષાએથી એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલની શરૂઆત કરવામાં આવેલ. તાલુકા કક્ષાએ પસંદગી સમિતિ સમક્ષ ઇનોવેટિવ શિક્ષકોએ પ્રેઝન્ટેશન કરેલ તેમજ ૫૦ ગુણમાંથી માર્કિંગ પણ કરેલ. તાલુકા ક્ક્ષાએ દરેક તાલુકામાંથી પ્રાથમિક શાળામાંથી ૩ અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી ૨ કુલ ૫ શિક્ષકો પસંદ કરવાના હતા. તાલુકા ક્ક્ષાએ પસંદ થયેલ ઈનોવેટીવ શિક્ષકો સાથે ઇનોવેશન શેરીંગ અને રાઇટઅપ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, આ વર્કશોપમાં વર્ષ : ૨૦૨૨-૨૩ દરમ્યાન રાજ્ય ક્ક્ષાએ પસંદ થયેલ ઈનોવેટીવ શિક્ષકોએ શેરીંગ કરેલ. જિલ્લા ક્ક્ષાએ એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવેલ. આ વર્કશોપના અંતે પ્રાથમિક શાળાના ૩૨ શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના ૦૮ શિક્ષકો કુલ ૪૦ શિક્ષકો જિલ્લા ક્ક્ષાએ એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં ભાગ લેવાના.

આ 40 શિક્ષકોના ઈનોવેશનની માહિતી **શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો – બુકમાં** સ્ટોરી સ્વરૂપે મુકવામાં આવેલ છે, જે આગામી સમયમાં શિક્ષણ સાથે સંકળાયેલા લોકોને ઉપયોગી થશે.

શ્રી ભરતકુમાર બી. ડેર
કન્વીનર
જિલ્લા ક્ક્ષા ઇનોવેશન ફેસ્ટીવલ
ડાયટ –અમરેલી


# અનુક્રમણિકા



| ક્રમ | વિભાગ | ઇનોવેટરનું નામ | શાળા | ઇનોવેશનનું નામ | પેજ |
|---|---|---|---|---|---|
| 1 | પ્રાથમિક | હપાણી વર્દેશભાઈ કે. | જૂની બરપટોળી પ્રા.શાળા | GUJARATI WALL BOOK | 7 |
| 2 | પ્રાથમિક | ઠાકર હિરલબેન બી. | ધારેશ્વર પ્રાથમિક શાળા | ડિજિટલ FLN પઠનમ□□□□ | 9 |
| 3 | પ્રાથમિક | દેવમુરારી ઇલાબેન જે. | વાપાળિયા પ્રાથમિક શાળા | મારો એકમ મારી ફાઈલ | 12 |
| 4 | પ્રાથમિક | ધડુક સંદીપભાઈ ડી. | કોઠાપીપરીયા પ્રા.શાળા | PRACTICAL MATHS | 14 |
| 5 | માધ્યમિક | સંઘાણી આશુતોષભાઇ કે. | મનમંદિર શાળા ધારી | નાવીન્ય શૈક્ષણિક સાધનો | 16 |
| 6 | પ્રાથમિક | સોલંકી પ્રકાશભાઈ ડી. | કાકચ કન્યા શાળા | વાર્તાથી વિજ્ઞાન | 17 |
| 7 | પ્રાથમિક | સાવલિયા કમલેશભાઈ એમ. | CRC એસ એન દામાણી | સદીની સમજ | 19 |
| 8 | પ્રાથમિક | ખાંડલ રાજેશભાઈ બી. | જામકા પ્રાથમિક શાળા | ઝીરો સે હીરો | 20 |
| 9 | માધ્યમિક | બારૈયા સંજયકુમાર બી. | BRC ભવન | HI -TECH | 22 |
| 10 | પ્રાથમિક | કડેવાળ ભાવેશભાઈ એમ. | ગમાંપીપળીયા પ્રા. શાળા | આજનું તાપમાન જાણો ગુરુ શિષ્ય દ્વારા FLN | 24 |
| 11 | પ્રાથમિક | શાહ વર્ષાબેન એચ. | સાજણટીંબા પ્રા.શાળા | ચિત્રની સમજ મારા શબ્દોમાં | 26 |
| 12 | પ્રાથમિક | નસિત ધાર્મિષ્ઠા વી. | દેવગામ પ્રાથમિક શાળા | સ્વ મૂલ્યાંકન | 27 |
| 13 | પ્રાથમિક | જાની લખનભાઈ એન. | વારાહસ્વરૂપ પ્રા.શાળા | એનર્જી એવરી વીક | 28 |
| 14 | પ્રાથમિક | નથવાણી પાયલબેન એ. | ચાંદગઢ પ્રાથમિક શાળા | મૂલ્ય આધારિત શિક્ષણ | 30 |
| 15 | પ્રાથમિક | પરમાર નીલમબેન આર. | ચલાલા કુમાર પ્રા. શાળા | સામાજિક વિજ્ઞાનના અવનવા પ્રયોગો | 32 |
| 16 | પ્રાથમિક | સોલંકી રાજેશકુમાર એમ. | કોદીયા પ્રાથમિક શાળા | પુસ્તક સમીક્ષા | 33 |
| 17 | પ્રાથમિક | કટારા સુરેશભાઇ કે. | કોટડી પ્રાથમિક શાળા | બાળવૃંદથી શાળા વિકાસ | 34 |
| 18 | માધ્યમિક | તેરૈયા પાર્થભાઈ યુ. | માધ્યમિક શાળા - શાખપુર | Rise of students strength and board result | 36 |
| 19 | પ્રાથમિક | વનરા ભૂપતભાઈ આર. | કન્યાશાળા ખાંભા | પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા | 37 |
| 20 | માધ્યમિક | ધાનાણી રૂપલબેન એમ. | મા.શાળા ધ્રુફણીયા | યોગ દ્વારા સર્વાંગી વિકાસ | 38 |
| 21 | પ્રાથમિક | મહેતા અરુણાબેન એમ. | નાના લોઠપુર પ્રા.શાળા | જાતે શીખીએ ગમ્મત સાથે જ્ઞાન | 39 |
| 22 | પ્રાથમિક | મકાણી શીતલબેન પી | જેસિંગપરા કન્યા શાળા | STUDY GAME ZONE | 41 |

# અનુક્રમણિકા



| ક્રમ | વિભાગ | ઈનોવેટરનું નામ | શાળા | ઈનોવેશનનું નામ | પેજ |
|---|---|---|---|---|---|
| 23 | પ્રાથમિક | ગજેરા ચિરાગભાઈ ડી. | જામબરવાળા પ્રા.શાળા | ડોક્ટર વિક્રમ સારાભાઈ સાયન્સ એક્ટિવિટી સેન્ટર | 43 |
| 24 | પ્રાથમિક | જીકાદરા જયસુખભાઈ એલ. | શાખપુર કન્યા શાળા | નકામા પ્લાસ્ટિકનું જીવન વ્યવહારમાં સદ્ઉપયોગ | 45 |
| 25 | પ્રાથમિક | ચાવડા મનુબેન ડી. | હજીરાધાર પ્રાથમિક શાળા | સહભ્યાસિક પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કાર્ય | 47 |
| 26 | પ્રાથમિક | સોલંકી દર્શનાબેન કે. | ભાલવાવ પ્રાથમિક શાળા | શૈક્ષણિક ઈ-મેગેઝીન શાળા પ્રતિબિંબ | 49 |
| 27 | માધ્યમિક | મકવાણા કૈલાશબેન જે. | નાની કુંડલ માધ્યમિક શાળા | ધ્યાનના માધ્યમથી મળેલ સિદ્ધિ | 51 |
| 28 | પ્રાથમિક | સુતરીયા નિધીબેન એમ. | વાવડી પ્રાથમિક શાળા | मस्ती की पाठशाला | 52 |
| 29 | પ્રાથમિક | ત્રિવેદી ભાવેશકુમાર આર. | બાંટવા દેવળી પ્રાથમિક શાળા | student ParliamentThrough Child Development and Valuable Education | 54 |
| 30 | પ્રાથમિક | ઠૂંબર અંકિતાબેન જી. | શાળાનંબર -2 | શિક્ષણથી સ્વનિર્ભરતા | 56 |
| 31 | પ્રાથમિક | ચાવડા પરેશકુમાર એમ. | મોટા મુંજીયાસર પ્રાથમિક શાળા | હું ગુજરાત છું | 57 |
| 32 | પ્રાથમિક | ચૌહાણ મનીષાબેન એ. | પાણીયા પ્રાથમિક શાળા | મોબાઈલનો સદ્ઉપયોગ વેસ્ટમાંથી બેસ્ટ | 58 |
| 33 | પ્રાથમિક | કરકર માધવીબેન કે. | ઠવી પ્રાથમિક શાળા | લાયબ્રેરી વિદ્યાર્થીને દ્વાર | 60 |
| 34 | પ્રાથમિક | ત્રિવેદી મેહુલભાઈ ડી. | ગાધકડા પે.સે. શાળા | માય પરફોર્મિંગ આર્ટ ક્લબ | 62 |
| 35 | પ્રાથમિક | સોજીત્રા દયાબેન એસ. | અમરાપુર પ્લોટ શાળા | આકાશને આંબતા મેઘ ધનુષ્યો | 64 |
| 36 | પ્રાથમિક | દવે વરુણભાઇ એ. | બવાડી પ્રાથમિક શાળા | ડિજિટલ જ્ઞાન મિશન | 65 |
| 37 | પ્રાથમિક | રૂડાણી પ્રતિકભાઈ એ. | ઇંગોરાળા પ્રાથમિક શાળા | ન્યુઝ ચેનલ | 67 |
| 38 | માધ્યમિક | ચૌહાણ હિનાબેન કે. | માશાળા બાબરકોટ . | વિદ્યાધામ | 69 |
| 39 | માધ્યમિક | ભૂત ટીનાબેન ડી | એમ.વી.પટેલ કન્યાવિદ્યાલય | વિધાર્થી ઉપયોગી ઉત્પાદકીય કાર્ય | 72 |
| 40 | માધ્યમિક | પઠાણ ફિરોજખાન ડી. | BRC ભવન | દિવ્યાંગ દિવ્ય દ્રષ્ટિ ક્ષિતિજ પાર | 74 |


ભાગ લેનાર ઇનોવેટર શિક્ષકો
સંખ્યા
14
12
10
8
6
4
2
0
ક્ષેત્ર-1
ક્ષેત્ર- 2
ક્ષેત્ર- 3
ક્ષેત્ર- 4
ક્ષેત્ર- 5
ક્ષેત્ર- 6
ક્ષેત્ર-7
ક્ષેત્ર- 8
ક્ષેત્ર- 9
ક્ષેત્ર-10


તાલુકો
4
3
4
3
5
5
4
3
3
2
4
AMRELI
RAJULA
DHARI
LILIYA
LATHI
KHAMBHA
JAFARABAD
KUKAVAV
SAVARKUNDALA
BAGASARA
BABARA

**સ્ટોલ 01**

ઈનોવેટરનું નામ : હપાણી વર્દેશભાઈ કાંતિભાઈ    મોબાઈલ નંબર : 8140462120

શાળાનું નામ : શ્રી જુની બારપટોળી પ્રા. શાળા    તાલુકો : રાજુલા    જિલ્લો : અમરેલી



# GUJARATI WALLBOOK

કોઈપણ સમાજ, વ્યક્તિ કે દેશનાં વિકાસ માટે શિક્ષણ અનિવાર્ય છે. અમારી શ્રી જુની બારપટોળી પ્રા.શાળામાં 375 જેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. અમારી શાળાનાં ધો.6 થી 8 નાં વિદ્યાર્થીઓને ગુજરાતી વ્યાકરણ શીખવામાં, યાદ રાખવામાં અને એકમકસોટીમાં વ્યાકરણનાં સાચાં જવાબો લખવામાં તકલીફ થતી હતી. વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષા-સજ્જતા શીખતી વખતે ઓછો રસ લેતાં હતાં.

ગુજરાતી WALLBOOK ઈનોવેશન અંતર્ગત વિદ્યાર્થીઓને રોજીંદા જીવનમાં ગુજરાતી વ્યાકરણ શીખવામાં ઉપયોગી બને અને વ્યાકરણનાં કઠિન મુદ્દાઓ સરળતાથી સમજી શકે તેવી 34 ગુજરાતી WALLBOOK તૈયાર કરવામાં આવી છે. આ WALLBOOK રંગીન કાગળ અને પ્રિન્ટેડ પેપરનો ઉપયોગ કરી બનાવવામાં આવી છે. આ WALLBOOKમાં ધો. 6 થી 8 માં આવતાં વ્યાકરણના વિવિધ મુદ્દાઓ જેવાકે અકર્મક વાક્ય, સકર્મક વાક્ય, કહેવત, સુવિચાર, કાળના પ્રકાર જેવા કે વર્તમાનકાળ, ભૂતકાળ, ભવિષ્યકાળ, કર્તરી વાક્ય, કર્મણી વાક્ય, સાદું વાક્ય, સંયુક્ત વાક્ય, સંકુલ વાક્ય, ભાવે વાક્ય, વિશેષણના પ્રકાર જેવા કે ક્રમવાચક વિશેષણ, ક્રિયાવાચક વિશેષણ, ગુણવાચક વિશેષણ, દર્શક વિશેષણ, સંજ્ઞાનાં પ્રકાર જેવા કે વ્યક્તિવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા, સમુહવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ WALLBOOKખૂબ સુંદર, આકર્ષક અને વિદ્યાર્થીઓને ગમે તેવી બનાવવામાં આવી છે. વિદ્યાર્થીઓને ભાષાસજ્જતા સમજાવતી વખતે સંદર્ભ સાહિત્ય તરીકે આ WALLBOOKનો ઉપયોગ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને Common Homework તરીકે પણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ રીસેષ દરમ્યાન પણ  આ WALLBOOKનો ઉપયોગ કરે છે. ધો. 6/7/8નાં ગુજરાતી વિષયમાં  દરેક પાઠમાં આવતી વ્યાકરણની અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરવા માટે ગુજરાતી WALLBOOK ખૂબ ઉપયોગી થાય છે. આ ઉપરાંત વિરામચિહ્નો, વિરોધી શબ્દો, વિશેષણનાં પ્રકારને લગતાં ઉપયોગી TLM પણ બનાવ્યાં છે.  આ  WALLBOOK વર્ગખંડની દીવાલ પર લગાવી શકાય છે. આ પ્રવૃત્તિમાં મોનીટર પણ ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીઓએ WALLBOOK ને લગતું ગૃહકાર્ય તપાસવા  જેમણે ગૃહકાર્ય કરેલ છે તે કંઠસ્થ કરે છે કે કેમ તેનો રિપોર્ટ શિક્ષકને આપે છે.

આ નવતર પ્રયોગનાં મૂલ્યાંકન માટે ધો.6/7/8નાં વિદ્યાર્થીઓની મૌખિક ટેસ્ટ લેવામાં આવે છે. એકમ કસોટી અને પુન:કસોટીનાં આધારે મૂલ્યાંકન કરવામાં આવે છે.  આ નવતર પ્રયોગ હાલમાં અમારી શાળામાં ચાલું છે. આ ઈનોવેશન પહેલાં 60%  વિદ્યાર્થીઓ વ્યાકરણમાં રસ લેતાં હતાં. ઈનોવેશન બાદ 80% જેટલા વિદ્યાર્થીઓ ગુજરાતી વ્યાકરણમાં રસ લેતા થયા. વિદ્યાર્થીઓ ગુજરાતી વ્યાકરણનાં કઠિન મુદ્દાઓ સરળતાથી શીખી શક્યાં. વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા-સજ્જતા સરળ લાગી.ધો. 6 થી 8 માં ગુજરાતી વિષયની વ્યાકરણની અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ થઈ છે.


હપાણી વર્દેશભાઈ કાંતિભાઈ

જુની બારપટોળી પ્રા.શાળા

Mo. 8140462120


દર્શક વિશેષણ
સંકુલ વાક્ય
કહેવત
દ્વિકર્મક ક્રિયાપદ
ક્રમવાચક વિશેષણ
સાર્વનામિક વિશેષણ
પ્રશ્નવાચક વિશેષણ
સંયુક્ત વાક્ય
સાદું વાક્ય


ક્રિયાવાચક સંજ્ઞા
રુઢિપ્રયોગ
કહેવત


વિરામ ચિહ્નો
અલ્પવિરામ
કૌંસ
અર્ધવિરામ
પ્રશ્નાર્થચિહ્ન
પૂર્ણવિરામ
ગુરુરેખા
ઉદ્ગારચિહ્ન
વિગ્રહરેખા
અવતરણચિહ્ન
લોપકચિહ્ન
ગુરુવિરામ


કહેવત
દ્વિકર્મક ક્રિયાપદ


કહેવત
સાદું વાક્ય
પ્રશ્નવાચક વિશેષણ


વિશેષણનાં પ્રકાર
ક્રમવાચક
ગુણવાચક
સાપેક્ષ
સંખ્યાવાચક
પ્રશ્નવાચક
દર્શક
ભાવવાચક

**સ્ટોલ 02**


ઈનોવેટરનું નામ : ઠાકર હિરલબેન ભાનુશંકર  મોબાઈલ નંબર 7359057748

શાળાનું નામ : શ્રી ધારેશ્વર પ્રાથમિક શાળા  તાલુકો : રાજુલા  જિલ્લો : અમરેલી




# ડીજીટલ F.L.N. પઠનમ્

કોરોના મહામારીમાં શાળાઓ લાંબો સમય બંધ રહેવાના કારણે બાળકોમાં વાચન, લેખન અને ગણન અંતર્ગત ખૂબ કચાશ જોવા મળેલ. આ સમસ્યાનું કોઈ જ સોલ્યુશન ડીજીટલ સ્વરૂપે ઉપલબ્ધ ન હતું, તેમજ સરકારશ્રી દ્વારા ઓનલાઈન માધ્યમથી શિક્ષણના વિકાસાર્થે YouTube, Teams, Google Meet વગેરે જેવા ડીજીટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા બાબત સુચન પણ થયેલ.તેમજ નવતર પ્રયોગ કર્યા ધોરણ 1 થી 8 નાં આશરે 100+ બાળકોમાં વાચન- લેખન- ગણનમાં કચાશ જોવા મળેલ. આમ શિક્ષણનાં નાવીન્યીકરણ માટે ગુજરાતમાં સૌ પ્રથમ વાર FLNનું ડીજીટલ કન્ટેન્ટ તૈયાર કરવાની જરૂરિયાત ઉદ્ભવી.

✓ પઠનમ YouTube દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી બાળકો રસપ્રદ રીતે શિક્ષણ મેળવે તેમજ નિપુણ ભારત તેમજ નવી શિક્ષણ નીતિ અંતર્ગત મહત્વના હેતુઓ- વાચન, લેખન અને ગણનની પાયાની અધ્યયન નિષ્પત્તિઓ તથા પાયાના કૌશલ્યો સિદ્ધ કરે તે હેતુસર ઓનલાઈન માધ્યમથી બાળકોને મૂળાક્ષરોથી લઈને સાદા શબ્દો, કાનાવાળા શબ્દો, હ્રસ્વ ઈ - દીર્ઘ ઈ વાળા શબ્દો, હ્રસ્વ ઉ -દીર્ઘ ઊ વાળા શબ્દો, અનુસ્વાર વાળા શબ્દો, જોડયા શબ્દો, રકાર વાળા શબ્દો, રેફવાળા શબ્દો વગેરેના 2500+ શબ્દોનું સંકલન તેમજ તેનું વિડીયો કન્ટેન્ટ ક્રિએશન વાચન લેખન અંતર્ગત 16 ભાગમાં તેમજ ગણન અંતર્ગત 6 ભાગમાં કરવામાં આવ્યું. ઉચ્ચારણ સાથે વિડીયોના દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી બાળકોને વર્ગખંડમાં તેમજ WhatsApp ગ્રુપમાં લિંક મોકલીને ઘરે પણ દરરોજ શાળા સમય બાદ મહાવરો કરાવવામાં આવે છે. શાળા સમય દરમિયાન દરેક બાળકો ક્રમાનુસાર શબ્દોનું વાચન અને લેખન કાર્ય કરે છે. તેમજ ઘરે વાલીઓ પણ આ વીડિયોનો ઉપયોગ કરીને બાળકોના અભ્યાસમાં મદદરૂપ થઈ રહ્યા છે.

✓ નિયત સમય દરમિયાન દરેક બાળકો ક્રમાનુસાર શબ્દોનું વાચન,લેખન અને ગણન કાર્ય કરે છે. આ દરેક બાળકોના વાચન,લેખન અને ગણનની મૂલ્યાંકન પત્રકમાં નોંધ કરવામાં આવે છે. તેના આધારે બાળકોના FLN ને વધુ સારું બનાવવા માટે ઉપચારાત્મક કાર્યનું આયોજન પણ કરવામાં આવે છે. તેમજ વખતો વખત નિયત ફોર્મેટમાં પુનઃ કસોટી લઈ તેની નોંધ કરવામાં આવે છે. બાળકોની પ્રગતિ બાબત વાલીઓ સાથે WhatsApp માધ્યમથી તેમજ વાલીમીટીંગ દરમિયાન ચર્ચા કરવામાં આવે છે.

✓ બાળકો પોતાના સમય અને જરૂરિયાત મુજબ ગમે તે સ્થળે તથા ગમે ત્યારે PathanamYouTube ચેનલના દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી બાળકો રસપ્રદ રીતે શિક્ષણ મેળવી પાયાની અધ્યયન નિષ્પત્તિઓ તેમજ નિપુણ ભારત તેમજ નવી શિક્ષણ નીતિ અંતર્ગત મહત્વનાં પાયાના કૌશલ્યો સિદ્ધ કરી શક્યા.બાળકોમાં નવતર પ્રયોગના કારણે પાયાનું વાચન લેખન તેમજ ગાણિતિક કૌશલ્ય સિદ્ધ થયું.

✓ લગભગ ગુજરાતના મહત્તમ બાળકોએ આ ઇનોવેશનનો લાભ લીધેલ છે. ચેનલમાં 1699+ સબસ્ક્રાઈબર તેમજ 4300+ કલાક વોચ ટાઈમ આ સફળતાની સાક્ષી પૂરે છે.સ્કુલ ઇન્સ્પેક્ટરની કામગીરી બાદ મારી શાળામાં પરત ફરજ પર હાજર થયા બાદ આ નવતર પ્રયોગ થકી 75% સફળતા મળેલ છે.

✓ પઠનમ FLNડીજીટલ કન્ટેન્ટ દ્વારા અન્ય શાળાઓમાં મળેલ પરિણામ અને રીવ્યુ ગુગલ ફોર્મ માધ્યમથી એક સર્વે દ્વારા પ્રાપ્ત થયા છે. નવતર પ્રયોગ કર્યા બાદ અન્ય શાળાઓને મળેલપરિણામ અને સફળતા રીવ્યુ ગુગલ ફોર્મ SUMMARY માધ્યમથી જોઈ શકાય છે. YouTubeએ એક ગ્લોબલ માધ્યમ હોઈ સમગ્ર ગુજરાત તેમજ અન્ય રાજ્યો અને દેશોના ગુજરાતી કે અંગ્રેજી માધ્યમના બાળકો અને શિક્ષકો આ ઇનોવેશન થકી લાભાન્વિત થયેલ છે.

ઠાકર હિરલબેન ભાનુશંકર
શ્રી ધારેશ્વર પ્રાથમિક શાળા
Mo.7359057748




એકમનું સ્થાન
૧૧
૧૮
૧૫


ગુજરાતી
॥ पठनम् ॥
૧૦૦ સાદા શબ્દો
ગજ નમ જમ
www.hiralthakar.com


F.L.N
॥ पठनम् ॥
વાંચન લેખન ભાગ-1
ન મ ગ જ વ ર સ દ
www.hiralthakar.com


ગુજરાતી
॥ पठनम् ॥
વાચન - લેખન ભાગ 16
ક્ર ગ્ર પ્ર મ્ર વ્ર
Like.. Share.. Subscribe.
www.hiralthakar.com


Let's Learn
॥ पठनम् ॥
THE ALPHABET
A B C D E F G H
* www. hiralthakar.com *


ગણિત
॥ पठनम् ॥
સ્થાનકિંમત ભાગ-3
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
Like.. Share.. Subscribe


New Course
॥ पठनम् ॥
English
Std 2 Unit 1
Story Time :
A monkey's Tail
SUBSCRIBE

**સ્ટોલ 03**


ઈનોવેટરનું નામ : દેવમુરારી ઇલાબેન જયંતિભાઇ  મોબાઈલ નંબર : 7990383155

શાળાનું નામ : શ્રી વાપાળિયા પ્રાથમિક શાળા  તાલુકો : જાફરાબાદ  જિલ્લો : અમરેલી




# મારો એકમ મારી ફાઇલ

જાફરાબાદ એટલે અમરેલી જિલ્લાનું છેવાડાનું પણ ખુબજ રળિયામણો,તાલુકો જેની ધરા પર લુનસાપુરીયા દાદાની મહેર વરાહ ભગવાનની પવિત્ર ભુમી તપસીબાપુની ટેકરી દરીયાકાંઠે ભોલાનાથ બીરાજમાન, તેમા જાફારાબાદ થી 2 કી.મી દુર વાપાળીયા નામે ગામ તેમાં મોરના નૃત્યથી થનગનતી અમારી શાળામા દરીયાના મોજા હિલ્લોળા ખાતા હોય નાના નાના ભુલકાઓ મીઠાનાં અગરિયાઓની વચ્ચે ગણિત સાથે ગમ્મત કરીએ ચાલો બાળકો

દરિયા કાંઠે રમવા.......... ચાલો ......બાળા રાજા

રેતીમાં રમવાને ......... ચાલો ....ને બાળારાજા

ધોરણ-2 માંથી આવતા ધોરણ-3 માં આવતાં જ પ્રશ્નબેંકમાંથી એકમ કસોટીમાં પુછાતા પ્રશ્નો લખવામાં બાળકો મૂંજવણ અનુભવે છે. પત્રક – A માં પણ એકમ પ્રમાણે જ્યારે મૂલ્યાંકન કરવાનું થાય ત્યારે બાળકની વ્યક્તિગત અધ્યયયન નિષ્પતિ સિધ્ધ કરવાની હોય છે. એકમ પ્રમાણે સિધ્ધિ દર્શાવવા માટે સમસ્યા ઉદભવે પેડાગોજી આધારિત મારો એકમ મારી ફાઇલ ધોરણ-3 થી ધોરણ-5 ના ગુજરાત રાજ્યના તમાંમ બાળકોને ઉપયોગી થાય તે માટે મારો આ નવતર પ્રયોગ વર્ષ :- 2020 કોરોના સમયથી ચાલુ કરેલ છે. દરેક એકમ પ્રમાણે વ્યક્તિગત રીતે બાળક પોતાની ફાઇલ જાતે જ દરેક એકમ પ્રવુતિઓનો સંગ્રહ કરતો, જાય નવા અભ્યાસક્રમ પ્રમાણે ધોરણ 3 થી 5 માં ગણિતગમ્મત માં દરેક બાળક એકમ પ્રમાણે એકમનું બાલગીત, તેમજ એકમની આકૃતિ-પ્રવૃત્તિઓ, વ્યક્તિગત દરેક બાળક પોતાની ફાઇલમાં સંગ્રહ કરતો જશે વર્ગમાં રોજ 4 વાગ્યે બાલગીત અભિનય સાથે રજુ કરશે.

ઘરેથી વાલીના સાથ સહકાર દ્વારા 100 ટકા બાળકો વર્ગ માં હાજર રહે છે . હાલ જાફરાબાદ તાલુકામા હાર્દિક ભરતભાઇ બારૈયા શ્રી વાપાળિયા શાળાનુ ગૌરવ છે. તાલુકા ખાતે એક નવોદયમા પાસ થયેલ છે. હાલ ધોરણ -6 મા બાબાપુર અભ્યાસ કરે છે. ત્રીજા ધોરણ થી ધોરણ 5 સુધી પેડગોજી આધારિત મે કરાવેલ ગણિત ભણિએ ગમ્મત કરતાં કરતાં

| | | | |
|---|---|---|---|
| 1. મારો જાદુ | 2. મને ધારો | 3. માટલી પ્યાલાની રમત | 4.કેટ્લા ટપકા કરીએ |
| 5. બનો અને બની | 6. કોનો લાંબો ફૂદકો | 7. લાકડીની રમત | 8. વાંદરાનુ નાટ્ક |


દેવમુરારી ઇલાબેન જયંતિભાઇ

શ્રી વાપાળિયા પ્રાથમિક શાળા

Mo.7990383155




realme Shot on realme 7


realme Shot on realme 7



**સ્ટોલ 04**


ઈનોવેટરનું નામ : સંદિપભાઈ ધીરુભાઈ ધડુક   મોબાઈલ નંબર : 9978784966

શાળાનું નામ : શ્રી કોઠા પીપરીયા પ્રાથમિક શાળા   તાલુકો : ધારી   જિલ્લો : અમરેલી




# Practical Maths

ભારતીય સંસ્કૃતિની ભવ્યતા અને વૈભવશાળી વારસાનું સંવર્ધન થાય તથા વર્તમાન પેઢીના બાળકો ટેકનોલોજીમાં વિશ્વ સાથે કદમ મિલાવે એવી ઈચ્છા તો કોઠા પીપરીયા પ્રાથમિક શાળામાં એક ગણિત શિક્ષક તરીકે પહેલાથી જ હતી. ગણિત એ પ્રવૃત્તિ અને ગણનનો વિષય છે, પરંતુ મોટા ભાગના વિદ્યાર્થીઓ પ્રયોગ/પ્રવૃત્તિની સરળ પધ્ધતિ જાણતા નથી હોતા, ઘણીવાર શિક્ષકો પણ  કઠીન બિંદુને બાળકોને સમજાવવામાં મુશ્કેલી અનુભવતા હોય છે, આ સમસ્યાના નિવારણ માટે Practical Maths નામનો નવતર પ્રયોગ કર્યો.

જેમાં ગણિતના 25 જેટલા પ્રાયોગિક મોડેલ બનાવ્યા અને પ્રાયોગિક રીતે ગણિત ભણવાનું શરુ કર્યું. ધોરણ 3 થી 8 ના ગણિત વિષયના આશરે 25 જેટલી સંકલ્પનાઓને  સિદ્ધ કરવા માટે વર્કિંગ મોડેલ બનાવ્યા અને પ્રાયોગિક રીતે ગણિત ભણવાનું શરૂ કર્યું. એક મીનીટમાં 100 સુધીના ઘડિયા,પૂર્ણાંક સંખ્યાના સરવાળા- બાદબાકી યંત્ર, ભાગાકાર યંત્ર, ગુણાકાર યંત્ર ,લ.સા.અ, ગુ.સા.અ યંત્ર, અવિભાજ્ય સંખ્યાની રમત, મણકા પદ્ધતિ દ્વારા ગુ.સા.અ, બહુપદી, 7અને ૧૩ ની વિભાજયતાની ચાવી, એકી-બેકી સંખ્યાની પેટર્ન,   3-4-5 ની પેટર્ન,વર્તુળના ક્ષેત્રફળની સાબિતી, અપૂર્ણાંકની સમજ, યુગ્મકોણ , અનુકોણની જોડ , ખૂણામાપન યંત્ર, 3D મોડેલ , પ્રાયોગિક ઘડીયાળ આવી કુલ 25  પદ્ધતિઓ ગણિત માટે વિકસાવેલ છે, અને તેને youtubeના માધ્યમથી Smart Science નામની ચેનલ પર સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરી.

મારી શાળાના ધોરણ 6 થી 8 ના બાળકો તો મોટાભાગની ગણિતની સંકલ્પનાઓ મોડેલ દ્વારા અને પ્રાયોગિક રીતે જ ભણે છે .બાળકો જાતે પ્રવૃત્તિ /પ્રયોગ કરતા હોવાથી બાળપણની સમજણ શક્તિમાં વધારો થાય છે ,અને ગણિતની તમામ સંકલ્પનાઓ સિદ્ધ થાય છે.રાજ્યભરમાંથી શિક્ષકો અને વિદ્યાર્થીઓ પ્રાયોગિક ગણિત પદ્ધતિના વિડીયો જોવે છે .

સ્માર્ટ સાયન્સ નામની youtube ચેનલમાં આ વિડીયો ઉપલબ્ધ હોવાથી સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓને પ્રાયોગિક રીતે ગણિત ભણવાની ખૂબ મજા પડે છે. સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હોવાથી ગણિતની હજુ પણ ઘણી બધી નવી પદ્ધતિઓ વિકસાવવાનું કાર્ય શરૂ જ છે.

આ નવતર પ્રયોગથી ફાયદો એ થયો કે વિદ્યાર્થી માટે ગણિત  વિષય રસનો વિષય બન્યો, અને  બધાજ ચેપ્ટરોની સમજૂતી ખૂબ સરળતાથી મેળવતા થયા. youtube પર ઉપલબ્ધ હોવાથી સમગ્ર ગુજરાતના શિક્ષકો સુધી સરળતાથી પહોંચાડી શકાય છે.મારી શાળાના 9 0% બાળકો 70%  અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરે છે , જેનું પરિણામ ઓનલાઈન ઉપલબ્ધ છે.


સંદિપભાઈ ધીરુભાઈ ધડુક

શ્રી કોઠા પીપરીયા પ્રા. શાળા

Mo. 9978784966








13ની વિભાજ્યતાની ચાવી | Practical Maths | #s...
90 views · 2 weeks ago





Maths pazal | જાદુઈ ગણિત | Practical Maths
84 views · 2 weeks ago




લ. સા. અ. \ ગુ. સા. અ. || LCM And HCM Pra...
170 views · 3 weeks ago






શીખો સરળ રીતે પૂર્ણાંક સંખ્યાઓ નો સરવાળો - બા...
196 views · 3 weeks ago




10 Tip Of Practical Maths
206 views · 3 weeks ago

સ્ટોલ 05


ઈનોવેટરનું નામ : સંઘાણી આશુતોષ કિશોરભાઈ મોબાઈલ નંબર : 7874422041

શાળાનું નામ : મનમંદિર શૈક્ષણિક સંકુલ તાલુકો : ધારી જિલ્લો : અમરેલી




# નાવીન્ય શૈક્ષણિક સાધનો

વર્ષ 2021-22 દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી હેઠળની બી.એડ ઇન્ટર્નશીપ તાલીમ દરમિયાન અનુભવેલું કે બાળકોનું અધ્યાપનકાર્ય જો અધ્યાપનશાસ્ત્ર આધારિત હોય છે તો શા માટે વિવિધ મુદ્દાની સમજ આપવા વપરતી સહાયક શૈક્ષણિક સામગ્રીની બનાવટ કોઈ અધ્યાપનશાસ્ત્ર કે વિચાર આધારિત ન હોય ? રમત આધારિત શિક્ષણપદ્ધતિ અને મૂર્ત અભિગમ સાથે Heutagogy (હ્યુટાગોજી) પણ આવી જ એક નાવીન્ય પ્રવાહ મુજબની છે. અંહી બાળકો ક્રિયાત્મક રહીને (પછી તે શારીરિક ક્રિયાત્મકતા હોય કે પછી માનસિક ક્રિયાત્મકતા) શીખે છે, સમજે છે, લાગુ કરે છે તથા કૌશલ્ય કેળવે છે. વર્ષ 2022 દરમિયાન ભારત સરકાર દ્વારા પ્રકાશિત થયેલ Toy Based Pedagogy પુસ્તિકામાં પ્રકરણ 4 અને 5, Heutagogy અને મૂર્ત અભિગમમાંથી માર્ગદર્શન મેળવી "નાવીન્ય શૈક્ષણિક સાધનો" સ્વરૂપનું ઇનોવેશન બી.એડ દરમિયાન જ શરૂ કરી દીધું હતું.

'એડગરડેલના અનુભવ શંકુ'મુજબ કોઈ વસ્તુ જોયા બાદ ક્રિયાત્મકની સાપેક્ષે ભુલાવવાની શક્યતા ઘણી વધુ છે. ધો.9માં વિજ્ઞાન વિષયમાં આવતા વનસ્પતિકોષ અને પ્રાણીકોષ મુદ્દાને આવરી લેતું "સમાવેશી કોષ" નામનું સાધન કે જે એક જ સાધન વનસ્પતિ કોષ તથા પ્રાણી કોષ બંને સ્વરૂપમાં સમજાવી શકાય છે. તેના દરેક ભાગો અલગ કરી વિદ્યાર્થીઓને બતાવી શકાય છે અને તેના ભાગોને જૂથ પાડી સમજાવવા હોય અથવા સમગ્ર મોડેલ નિશ્ચિત સમયમાં તૈયાર કરવાનું હોય તેવા ટાસ્ક આપી વર્ગખંડમાં 'મૂર્ત અને બાળ કેન્દ્રીય અભિગમ' અપનાવી શકાય છે. ધો.10માં માનવ પાચનતંત્રનો વિડીયો જોવા માટે વિવિધ ઉપકરણોની જરૂર પડે છે અને ઉપર જણાવ્યા મુજબ જોયા બાદ તે યાદ રહેવાની સંભાવના પણ ઘણી ઓછી છે.આથી પાચનતંત્રને વિચારધારાના ભાગરૂપે હરતું-ફરતું બનાવી શકાય તેવો વિચાર આવ્યો અને વિવિધ પ્લાસ્ટિકની નળીઓ દ્વારા સમગ્ર પાચનતંત્રને પોતાના શરીર ઉપર પહેરી શકાય તેવો આકાર આપી "હરતું-ફરતું પાચનતંત્ર" બનાવેલ અને બાળકોને પણ તે પહેરાવી સમગ્ર પાચનક્રિયા તથા પાચન અંગોની રંગીન પાણીના વહન દ્વારા સમજ આપી હતી.આ ઉપરાંત સૂર્યમંડળ રમત, હરતું - ફરતું થિયેટર, શાહમૃગ પપેટ જેવી સામગ્રીનું પણ નિર્માણ કરેલ છે.

350 થી પણ વધુ બાળકો ઇનોવેશનનો ભાગ બન્યા હતા. આ પ્રક્રિયામાં બાળકોને શૈક્ષણિક પરિસ્થિતિ ધ્યાને લઈ સ્વનિર્મિત સામગ્રી તથા અન્ય સંદર્ભો દ્વારા રમત આધારિત શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું અને બાળકોને પણ આ પદ્ધતિમાં ખૂબ રસ પડ્યો હોય મૂલ્યાંકન દરમિયાન પૂર્વ કસોટીની તુલનાએ ઉત્તર કસોટીમાં 70% જેટલો સુધારો જોવા મળ્યો હતો.આથી કહી શકાય કે ઇનોવેશન સફળ રહ્યું હતું.

રમત આધારિત અધ્યાપનશાસ્ત્રથી બહુવિધ મુદ્દાઓને કોઈ એક શૈક્ષણિક સાધનમાં આવરી ૭૦% હકારત્મક પરિણામ સાથે અર્થપૂર્ણ અધ્યયન થયુ હતું. પ્રશ્નો ઉઠાવવા, તપાસ કરવી, પ્રયોગ કરવો, જિજ્ઞાસા સંતોષવી, સમસ્યાઓ હલ કરવી, જવાબદારી સ્વીકારવી, સર્જનાત્મક બનવું જેવા ગુણોનો વિકાસ થયો હતો.ઉપરાંત સંયુક્ત રાષ્ટ્રની (UN) માર્ગદર્શિકા મુજબના સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન આપી શકાયું હતું

."આપણને ભલે દેશ,રાજ્ય,જીલ્લો,તાલુકો કે ગામ ઓળખતું હોય, પરંતુ જ્યાં સુધી આપણા બાળકો ન ઓળખે ત્યાં સુધી....."


સંઘાણી આશુતોષ કિશોરભાઈ

મનમંદિર શૈક્ષણિક સંકુલ

Mo. 7874422041

**સ્ટોલ 06**


ઈનોવેટરનું નામ : સોલંકી પ્રકાશકુમાર ડી. મોબાઈલ નંબર : 84602 21825

શાળાનું નામ : શ્રી ક્રાંકચ કન્યા પ્રાથમિક શાળા તાલુકો : લીલીયા જિલ્લો : અમરેલી




# વાર્તા થી વિજ્ઞાન

શિક્ષણનો મુખ્ય હેતુ શિક્ષણ પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનો છે. શ્રી ક્રાંકચ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એકમ કસોટીઓ તથા સત્રાંત કસોટીઓના પરિણામોનું મૂલ્યાંકન કરતા ધ્યાનમાં આવ્યું કે તેમનામાં વિજ્ઞાન વિષયની અપેક્ષિત અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ થતી નથી. આ સાથે જ એ બાબત પણ ધ્યાનમાં આવી કે વિજ્ઞાન વિષયની કઠિન વિષય વસ્તુઓ તેઓ સરળતા પૂર્વક સમજી શકતા નથી. વિદ્યાર્થીઓમાં જોવા મળેલ આ સમસ્યાઓનું સમાધાન કરવું આવશ્યક હોય, વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયની અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવા હેતુ આ ઇનોવેશનનું અમલીકરણ કરવામાં આવ્યું છે.

વાર્તા કથન એ શિક્ષણનું મૂળ સ્વરૂપછે અને તેમાં ભાવનાત્મક બુદ્ધિને પ્રોત્સાહન આપવાની અને બાળકને માનવવર્તન ની સમજ મેળવવામાં મદદ કરવાની ક્ષમતાછે. વિદ્યાર્થીઓને વાર્તા કહેવાથી વિચારોને વ્યાપક સંદર્ભમાં સ્થાન મળેછે, વધુ સારી સમજણ મળેછે અને ટકાઉ યાદશક્તિ બનાવી શકાયછે. વાર્તાના સંદર્ભમાં વાતને યાદ રાખી શકાયછે. અધ્યયન નિષ્પતિઓને ધ્યાને લઈ બાળકો માટે વિજ્ઞાન વાર્તાઓનું નિર્માણ કરવામાં આવ્યુંછે. આવાર્તાઓ બનાવતી વખતે વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પત્તિઓ (ઉદા. પ્રક્રિયા અને ઘટનાને સમજે છે, પ્રક્રિયા અને ઘટનાઓને કારણો સાથે જોડે છે) વિષયનું કઠિનતા મૂલ્ય તથા પાઠ્યક્રમનું વિષયવસ્તુ (ઉદા. પ્રકાશ સંશ્લેષણ, મનુષ્યમાં પાચનતંત્ર) જેવી બાબતોને સાંકળી વિદ્યાર્થીઓને મનોરંજન સહીત જ્ઞાન પીરસી શકાય તે બાબતનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યુંછે.

વાર્તાથી વિજ્ઞાન વિષય ઇનોવેશનનું અમલીકરણ શ્રીક્રાંકચ કન્યાશાળામાં પાંચ તબક્કાઓમાં આ મુજબ કરવામાં આવ્યુંછે. જેમાં સૌ પ્રથમ તબક્કામાં ઇનોવેશનનાં અમલીકરણ પૂર્વે વિદ્યાર્થીઓ માટે અધ્યયન નિષ્પત્તિઓ આધારિત ટેસ્ટનું આયોજન કરવામાં આવેછે. ત્યાર બાદ બીજા તબક્કામાં શિક્ષક દ્વારા સ્વ-નિર્માણ કરેલ વિજ્ઞાન વાર્તા વિદ્યાર્થીઓને વર્ગમાં સંભળાવવામાં આવેછે. સાથે જ વિદ્યાર્થીઓને આ વાર્તાઓ ફરી સાંભળવા માટે આ વાર્તાઓનો ઓડિયો વિદ્યાર્થીઓ સાથે તેમના વોટ્સએપ ગ્રૂપ દ્વારા શેર કરવામાં આવેછે. ત્રીજા તબક્કામાં વિદ્યાર્થીઓને વાર્તાઓ વાંચવા માટે આપવામાં આવેછે તથા વાર્તાઓ વાંચ્યા બાદ આ વાર્તાઓ યાદ રાખી લખવાનું કહેવામાં આવેછે. ચોથા તબક્કામાં વિદ્યાર્થીઓ સાથે આ વાર્તાઓમાં શું-શું થયું હતું તેની ચર્ચા કરવામાં આવેછે. તથા અંતે પાંચમાં તબક્કામાં વિદ્યાર્થીઓનાં પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટનું આયોજન કરવામાં આવેછે.આ ઇનોવેશનની અસરકારકતા તપાસવા શ્રીક્રાંકચ કન્યા શાળા ઉપરાંત અમરેલી જિલ્લા અન્ય તાલુકાઓની વિવિધ દસ જેટલી શાળાઓમાં પણ લાગુ કરવામાં આવ્યું છે.

નવતર પ્રયોગનું મૂલ્યાંકન દરેક વાર્તાઓ માટે ઇનોવેશનના અમલીકરણ પૂર્વે તથા અમલીકરણ બાદ ટેસ્ટનું દ્વારા કરવામાં આવેછે. ઉપરાંત એકમ કસોટી તથા સત્રાંત કસોટીના પરિણામોમાં જોવા મળતા ફેરફારોના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવેછે.

ઇનોવેશન પૂર્વે લેવાયેલ ટેસ્ટમાં કુલ 25 વિદ્યાર્થીઓ માંથી માત્ર 6 વિદ્યાર્થીઓ એટલે કે 24% વિદ્યાર્થીઓ જ 50% કરતા વધુ ગુણ મેળવી શક્યા હતા અને ઇનોવેશનનાં અમલ બાદ લીધેલ ટેસ્ટમાં કુલ 25 વિદ્યાર્થીઓમાંથી 14 વિદ્યાર્થીઓ એટલેકે 56% જેટલા વિદ્યાર્થીઓ 50% કરતા વધુ ગુણ મેળવી શક્યા છે. આમ આ લેવાયેલ ટેસ્ટના પરિણામોનો અભ્યાસ કરતા જણાયછે કે આ ઇનોવેશનનાં દ્વારા 50% કરતા વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં 32% નો વધારો થયો છે. સાથે જ વિદ્યાર્થીઓ દ્વારા એકમ કસોટી તથા સત્રાંત કસોટીઓમાં મેળવેલ પરિણામોમાં પણ સુધારો જોવા મળેલછે. ઉપરાંત વિજ્ઞાન વિષયની કઠિનતા મૂલ્ય ધરાવતી અધ્યયન નિષ્પત્તિઓ વિદ્યાર્થીઓમાં આસાનથી સિદ્ધ થતી જોવા મળી છે.


પ્રકાશકુમાર ડી. સોલંકી

શ્રી કાંકચ કન્યા પ્રાથમિક શાળા

**Mo** 84602 21825






| | | |
|---|---|---|
| વાર્તા સાંભળવા (ઓડિયો) | વાર્તા વાંચવા (પીડીએફ) | ક્રિયાત્મક સંશોધન પેપર |

**સ્ટોલ 07**


ઈનોવેટરનું નામ : સાવલિયા કમલેશકુમાર એમ. મોબાઈલ નંબર : 9104804237

શાળાનું નામ : C.R.Co. એસ.એન.દામાણી તાલુકો : ધારી જિલ્લો : અમરેલી




# સદીની સમજ

ઇતિહાસ એ ભુતકાળની ઘટનાઓને સમય સાથે સાંકળે છે. એ તમામ ઘટનાઓની ચોક્કસ સમય અથવા સમયગાળા સાથે નોંધ કરવામાં આવે છે. ઘટનાઓને જ્યારે આપણે વાંચતા હોઇએ છીએ ત્યારે "ઇ.સ. અને સદી" જેવી સંકલ્પનાઓ વિશેની સમજ દરેક વ્યક્તિઓને હોવી જરૂરી છે. ધોરણ 6 થી 8 નાં બાળકો પણ સામાજિક વિજ્ઞાનમાં ઇતિહાસની ઘટનાઓને ચોક્કસ સાલવારી તેમજ ચોક્કસ સદી સાથેની સમજ મેળવે તે ખાસ જરૂરી છે.ધારી તાલુકાનાં એસ.એન.દામાણી ક્લસ્ટરની કુલ 10 શાળાઓ પૈકી 7 શાળાઓમાં ઉચ્ચ પ્રાથમિક ધોરણો ચાલુ છે. આ શાળાઓમાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર તરીકે ખાસ કરીને સામાજિક વિજ્ઞાન વિષયનું વર્ગખંડ મૂલ્યાંકન કરતી વખતે તાસ દરમ્યાન બાળકોમાં "સદી" સંકલ્પનાની સમજનો મહદંશે અભાવ જોવા મળ્યો. બાળકો ઇ.સ.ની સમજ ધરાવતા હતા પરંતુ આ ઇ.સ. કઇ સદીમાં આવે છે તેની સમજ બાબતે ઉણપ જણાઇ. ધોરણ 6 થી 8 નાં સામાજીક વિજ્ઞાનનાં પુસ્તકમાં ઇતિહાસનાં દરેક એકમમાં "સદી" શબ્દ વારંવાર પ્રયોજાયેલ છે. તેમ છતા બાળકોને આઠમી સદી, બારમી સદીવગેરે શબ્દો કઇ ઇ.સ.નો સમયગાળો દર્શાવે છેતે સમજી શકતા ન હતા. આ માટે બાળકોની પાંચ વૈકલ્પિક પ્રશ્નોની ટેસ્ટ PLICKERS નાં માધ્યમથી લેતા મારા ક્લસ્ટરની તમામ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ફક્ત10% થી 18% બાળકો જ સદીની સમજ ધરાવતા હતા.

બાળક જ્યારે શાળાએ શિક્ષણ અને વિકાસ અર્થે આવતુ હોય ત્યારે પાઠ્યપુસ્તકમાં આવતી તમામ સંકલ્પનાઓની સમજ તેનામાં વિકસિત થાય તે અપેક્ષિત છે. આ જ ઉદ્દેશ્ય સાથે મેં બાળકોમાં "સદીની સમજ" સ્પષ્ટ થાય તે માટે એક લર્નિંગ ટૂલ વિકસાવ્યુ. આ ટૂલની કાર્યપધ્ધતિ સામાન્ય ગણિત આધારિત છે. ગણિતની +1 અને -1 ની સાદી સમજ દ્વારા કોઇ પણ સદીને ઇ.સ.માં અને ઇ.સ.ને સદીમાં સરળતાથી ફેરવી શકાય છે. શાળાનાં ધોરણ 6 થી 8 નાં તમામ બાળકોમાં વ્યક્તિગત રીતે "સદીની સમજ" વિકસિત થાય તે માટેલર્નિંગ ટૂલની 200 જેટલી કોપી તૈયાર કરી આ બાળકોને વ્યક્તિગત રીતે આપવામાં આવી. ફક્ત 10 મિનિટનાં સમયગાળામાં આ લર્નિંગ ટૂલ કેવી રીતે વાપરવું તેની મેં બાળકો સમક્ષ સમજૂતીઆપી. ફક્ત 10 મિનિટની સમજ દ્વારા બાળકો જાતે જ કોઇપણ ઇ.સ. ને સદીમાં અને કોઇપણ સદીને ઇ.સ.માં ફેરવી શકતા હતા.

બાળકોમાં "સદીની સમજ" ખરેખર આવી છે કે કેમ તેની ચકાસણી અર્થે પાંચ વૈકલ્પિક પ્રશ્નોની ટેસ્ટ PLICKERS નાં માધ્યમથી લેતા 85% થી 90% બાળકો હવે "સદીની સમજ" ખરેખર ધરાવતા થયેલ જોવા મળ્યા. એક અઠવાડિયા બાદ "સદીની સમજ" બાળકોનાં માનસપટ પર છે કે કેમ તેની ચકાસણી અર્થે ફરીથી મૌખિક પ્રશ્નોત્તરી કરતા બાળકો લર્નિંગ ટૂલ વગર પણ સરળતાની સદીને ઇ.સ. અને ઇ.સ.ને સદીમાં ફેરવી શકતા હતા.આ નવતર પ્રયોગ દ્વારા બાળકોમાં "સદીની સમજ" હું વિકસાવી શક્યો તેની હર્ષની લાગણી મને કાયમ રહેશે.


સાવલિયા કમલેશકુમાર મનસુખલાલ

સી.આર.સી. – એસ.એન.દામાણી

**Mo** 9104804237

**સ્ટોલ 08**


ઈનોવેટરનું નામ : રાજેશભાઈ ભીખુભાઈ ખાંડેલ  મોબાઈલ નંબર : 9409453153

શાળાનું નામ : શ્રી જામકા પ્રાથમિક શાળા  તાલુકો : બગસરા  જિલ્લો : અમરેલી




# ઝીરો સે હીરો

વૈશ્વિક મહામારી કોવિડ-19 નાં સમય દરમ્યાન માઈક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા લેવાતા ઑનલાઈન વર્ગોમાં માત્ર 1 કે 2 વિદ્યાર્થીઓ જ જોડાતા. ટેકનૉલોજીનાં આ યુગમાં અહીં નવો જ અનુભવ સામે આવ્યો. જેમાથી ઉદભવ થયો આ ઈનોવેશનનો.

ઘરે-ઘરે ફરી બાળકોને કોવિડ-19 નાં સમય દરમ્યાન માઈક્રોસોફ્ટ ટીમ્સનાં મેનુની સમજ આપી. કોવિડ-19 મહામારી પૂરી થતા સરકારશ્રીના આદેશ મુજબ શાળાઓ રાબેતા મુજબ શરૂ કરવામાં આવી. દાતાના સહયોગથી એક રૂમમાં પ્રોજેક્ટર ફીટ કરાતા દરરોજ એક ક્લાસ ધોરણ-6/7/8 નો પ્રોજેક્ટર પર લેવાનું શરૂ કર્યું. આ સમયગાળા દરમ્યાન અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા અમારી શાળાની પસંદગી થતા ધોરણ-7ના બાળકોને ડિસેમ્બર-2022માં ટેબલેટ આપવામાં આવ્યા.

દરેક બાળકને પોતાના ટેબલેટમા જ બ્લોગ શોધતા શીખવવામા આવ્યું. બાળકોને Animal 4D, Arloopa, Quiver- 3D, Flip book, $360^0$ વર્ચ્યુલ ટુર, હાયપર લીંક જેવી બાબતો શીખવી અને રોજિંદા શૈક્ષણીક કાર્યમાં ઉપયોગ કરવામાં આવ્યો. બાળકોને રસ પડે માટે હૃદય અને સૂર્યમંડળ જેવા મુદ્દાને જુદી-જુદી AR/VR એપથી શીખવવામાં આવ્યા.બાળકોને ટેબલેટમા PPT,MS WORD ની માહિતીના વિડિઓ શોધી જોતા કર્યા. ઝડપી શેરીંગ કરવા QR Code Monkey વેબસાઈટથી QR Code કેમ બનાવી શકાય તે શીખવ્યું.બાળકોની જિજ્ઞાસાને જોઈ કેટલાક બાળકોને વિડિઓ એડિટીંગ કરતા શીખવવામાં આવ્યું. ધોરણ-8ના બાળકોને SCRETCH સૉફ્ટવેરથી કાર્ટૂન કેરેક્ટર મૂકી વિડિઓ કેમ બનાવી શકાય તેની માહિતી આપી. વૈદિક ગણિતની જુદી-જુદી બુક્સ કેમ ડાઉનલોડ ફ્રીમાં કરી શકાય તે સમજાવવામા આવ્યું.

ધોરણ-6 થી 8 ના બાળકો ગણિત/વિજ્ઞાનના પ્રોજેક્ટ ટેબલેટમા સબમિટ કરતા થયા. સાયન્સ સેમિનારની PPT બાળકોએ જાતે બનાવી. દરેક બાળકોના બનાવેલ QR Code દ્વારા QR Code બુક બનાવી જે દરેકને ઉપયોગી થશે. બાળકો દ્વારા બનાવેલ વિડીઓના QR Code બનાવી જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેરની PPT મા મૂકવામા આવ્યાં.

ધોરણ- 6 થી 8 માં આવતી અધ્યયન નિષ્પત્તિ આધારિત બાળગીતોનુ સંકલન કરી એક અંક બનાવવામાં આવ્યો.જ્યા શક્ય બન્યુ ત્યા સામે QR Code મૂક્યો. પ્રાર્થનાસભામાં દરરોજ એક બાળગીત ભાષા શિક્ષક દ્વારા ગાવામા આવ્યું. ધોરણ-6 ગણિત વિષય માટે અધ્યયન નિષ્પત્તિ આધારિત એક કસોટી અંક બનાવી ઉપયોગ કરવામાં આવ્યો.

પ્રયોગ પૂર્વે ધોરણ-6 થી 8 ના કુલ 53 બાળકોમાંથી માત્ર 4 બાળકો ટેક્નોલોજીનો ઉપયોગ કરતા હતાં. જે 2 વર્ષ 6 માસની મહેનત પછી ધોરણ-6 થી 8 ના કુલ 53 બાળકોમાંથી 44 બાળકો ટેક્નોલોજીનો ઉપયોગ કરતા થયાં.


રાજેશભાઈ ભીખુભાઈ ખાંડેલ

શ્રી જામકા પ્રાથમિક શાળા

Mo. 9409453153



# શ્રી જામકા પ્રાથમિક શાળા તા.બગસરા જિ.અમરેલી

## ધોરણ : 3 થી 8

## PLAYING WITH QR CODE


વિદ્યા એ જ વિકાસ

SCANE ME


શ્રી જામકા પ્રાથમિક શાળા તા.બગસરા જી.અમરેલી

બાળગુંજન


-: સંકલન :-


શ્રી જામકા પ્રાથમિક શાળા

તા.બગસરા જી.અમરેલી

કોવિડ-૧૯ જનજાગૃતિ અભિયાન




શ્રી જામકા પ્રાથમિક શાળા તા.બગસરા જી.અમરેલી

ક્ષમતા આધારિત ટેસ્ટ પેપર

ધોરણ-6

વિષય- ગણિત




ધોરણ – 7 વિજ્ઞાન 10. સજીવોમાં શ્વસન





ફેફસાનું મૉડેલ

ધોરણ – 6 વિજ્ઞાન 1. ખોરાક ક્યાંથી મળે



ફણગાવેલા મગની પ્રવૃત્તિ

ધોરણ – 6 વિજ્ઞાન 11.પ્રકાશ,પડછાયો અને પરાવર્તન



**સ્ટોલ 09**


ઈનોવેટરનું નામ : બારૈયા સંજયકુમાર બાલુભાઇ મોબાઈલ નંબર : 7069067904

શાળાનું નામ : BMIS . બી.આર.સી.ભવન તાલુકો :ખાંભા જિલ્લો : અમરેલી




# HI-TECH

ખાંભા તાલુકાની 3 સરકારી માધ્યમિક શાળાઓ આવેલી છે. જેમા જામકા, ખાંભા અને પાટી સરકારી માધ્યમિક શાળાઓમાં બાળકોની શિક્ષણ પ્રત્યે અરુચિ, હાજરીનું પ્રમાણ ઓછું, સામાન્ય જ્ઞાનનો અભાવ અને (ટેકનોલોજી) બહારની દુનિયાથી અજાણ,વાલીઓમાં જાગૃતતાનો અભાવ તેમા બાળકોને રસ લેતા કરવા તે એક મોટી સમસ્યા હતી.

આજે HI-TECH ડીજીટલ શિક્ષણ સાથે ટેક્નોલોજીનો ઉપયોગ કરી શિક્ષણ આપવાનું શરુ કરાવ્યું તેમા સરકારશ્રી દ્વારા 10 - કોમ્પ્યુટરની લેબ, 3 – નંગ, 65 "L.C.D. અને લેપટોપ જેવા ટેકનોલોજીના સાધનો આપવામાં આવ્યા તેમજ મોબાઇલની વિવિધ એપ્લીકેશન, YouTube, Q.R. કોડ, G-SHALA જેવા અનેક વિધ ટેકનોલોજી દ્વારા જીવંત શિક્ષણની શરુઆત થઇ. ટેકનોલોજીનો સરળતાથી વિદ્યાર્થીઓ ઉપયોગ કરે તે માટે સેમિનારો, વ્હોટએપ વિડીયોકોલ, માઇક્રોસોફ્ટ ટીમ્સ દ્વારા વિવિધ સમજૂતિ આપી અને શાળાઓ મુલાકાત દરમિયાન બાળકોને કોમ્પ્યુટરનો ઉપયોગ કરતાં શિખવ્યા. તેમજ L.C.D. પર ઓફલાઇન G-SHALA સમજૂતિ આપી. અને જ્ઞાનકુંજ પ્રોજેકટ અંતર્ગત HI-TECH માટે શાળાઓનું ચેકલિસ્ટ બનાવી. તેમાં જરૂરી માહિતી એકત્રિત કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. માધ્યમિક શાળાઓ મુલાકાત દરમિયાન મૌખિક ટેસ્ટ લેવાની શરૂઆત કરી.

બાળકોને PAINT, NOTEPAD, MICROSOFT WORD, EXCEL જેવા સોફ્ટવેરમાં 10 માર્કસની પ્રેકટીકલ પરીક્ષામાં ફકરો અને પરીણામપત્રક અંગેની ટેસ્ટ આપતાં થયા. ટેસ્ટનું પરિણામ ચાર્ટ દ્વારા રજુ કરવામાં આવ્યું. જેનાથી બાળકો ટેકનોલોજીથી વાકેફ થયા.

આજે વિદ્યાર્થીઓમાં શિક્ષણ તરફ રુચિ વધી, વિદ્યાર્થીઓ હોંશે હોંશે શાળામાં આવતા થયા ગેરહાજરીનું પ્રમાણ ઘટ્યુ, ટેકનોલોજીનો વિદ્યાર્થીઓ જાતે ઉપયોગ કરતા થયા, ડ્રોપઆઉટનો દર ઘટ્યો,વાલીઓમાં જાગૃતતા આવી, વિદ્યાર્થીઓને બહારની દુનિયા સાથે પરિચય થયો અને વિદ્યાર્થીઓ માટે HI-TECH થી ડીજીટલ શિક્ષણના દ્વાર ખુલ્યા આ છે મારો નાનકડો પ્રયાસ HI-TECH...


બારૈયા સંજયકુમાર બાલુભાઇ

MIS Co. બી.આર.સી.ભવન

Mo. 7069067904


GOVERNMENT SECONDARY & HIGHER SECONDARY SCHOOL - PATI
Since - 2016-17
Ta. Khambha Di. Amreli








CRC LEVEL SCIENCE FAIR 23
Sep 22, 2023, 15:24





COMPUTER
LEB

સ્ટોલ 10

ઈનોવેટરનું નામ : કડેવાળ ભાવેશભાઇ એમ મોબાઈલ નંબર : 9724772469

શાળાનું નામ : ગમાપિપળીયા પ્રાથમિક શાળા તાલુકો : બાબરા જિલ્લો : અમરેલી



## આજનું તાપમાન જાણો ગુરૂ શિષ્ય દ્વારા FLN

વિદ્યાર્થીઓ ગણિતમાં સરવાળા, બાદબાકી,ગુણાકાર,ભાગાકાર જેવી ક્રિયાઓ કરી શકતા ન હતા. પરંતુ વિજ્ઞાન પ્રયોગ પ્રત્યે ખુબજ રસ દાખવતા હતા.

તે માટે વિજ્ઞાન સાધન દ્વારાજ વિદ્યાર્થીઓ ગણિતમાં રસ લેતા થાય તેવા વિચાર સાથે સૌ પ્રથમ મેદાનમાં એક થર્મોમીટર રાખી દિવસમાં પાંચ વાર 10 : 45 , 12: 30 , 2:30 , 4 : 00 & 5 : 00 વાગ્યે ( પોતાના ફ્રી સમયમાં ) જુદા જુદા સમયના તાપમાન બાળકો પોતાની નોટબૂકમાં નોંધે. ત્યાર બાદ આ તાપમાનને ચડતાક્રમમાં , ઉતરતાક્રમમાં, પોતાની નોટ્બૂકમાં લખે. કોઇ પણ બે તાપમાનના સરવાળા, બાદબાકી અને ગુણાકાર પોતાની નોટબૂકમાં કરે, તથા આખા દિવસમાં નોંધેલ તાપમાનની સરાસરી કાઢે જેથી બાળકોને સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારની ક્રિયાઓનો રોજ મહાવરો થાય.


રિસેસના સમયમાં એક હોશિયાર (ગુરૂ) બાળકને એક પ્રિય બાળક સોંપવામાં આવે છે.અને રોજ દનૈયા બૂકમાં ( રોજ લખવાની બૂક્માં ) સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર જેવી ક્રિયાના દાખલાઓ રોજે રોજ દરેક બાળકોની જરુરિયાત અને પરિસ્થિતિ મુજબ જુદા જુદા દાખલા હોશિયાર (ગુરૂ) પ્રિય બાળકને બનાવી આપે. અને પ્રેક્ટીસ માટે વધારાનાં દાખલા નોટબૂકમાં લખી આપે. અને રોજ આપેલ લેશન ગુરૂ દ્વારાજ ચેક કરવામા આવે છે. અને પોતના શિષ્યને (પ્રિય બાળકને) જુદા જુદા દાખલા બનાવીને લખવા આપે છે.


આ નવતરપ્રયોગ બાદ 90 % જેટલા વિદ્યાર્થીઓ સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર જેવી ક્રિયા કરતા થયા. પ્રયોગ કે વિજ્ઞાનનાં મોડેલ જાતે બનાવતા થયા. અને વાલીઓ પણ પોતાનાં બાળકના ગૃહકાર્ય અને અભ્યાસથી વાકેફ થયાં અને જાગૃત બન્યા.


કડેવાળ ભાવેશભાઇ એમ.

ગમાપિપળીયા પ્રા.શાળા

Mo.9724772469


રૂમ નું તાપમાન જાણતા
બાળકો
ઉત્તર


પદાર્થનું અલગીકર
કરતા બાળકો


વેકેશન માં કરેલ પ્રવૃતિ


ધોરણ 6 ના દરેક બાળકો ને
લેશન ડાયરી આપવા માં
આવી



સ્ટોલ
11

ઈનોવેટરનું નામ : શાહ વર્ષાબેન એચ. મોબાઈલ નંબર : 9428040100
શાળાનું નામ : શ્રી સાજણટીંબા પ્રાથમિક શાળા તાલુકો : લીલીયા જિલ્લો : અમરેલી



# ચિત્રની સમજ મારા શબ્દોમાં

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અટાળ્યા મહાદેવ મંદિરનાં સાનિધ્યમાં આવેલ ગામ એટલે સાજણ ટીંબા જ્યાં તમને ક્યારેક ક્યારેક સિંહ દર્શન પણ થતું જોવા મળે.

શાળાના કર્મચારી સાથે શૈક્ષણિક ચર્ચા થતા ચિત્ર ઉપરથી મૌલિક લખાણ (સ્વતંત્ર લેખન)ની સ્પષ્ટતા ઓછી હોય, ક્રમબદ્ધ રીતે લખાણનો અભાવ તેમજ અવલોકન શક્તિનો અભાવ તેવી બાબત સમજાતા તેના મહાવરા માટે આ પ્રયોગનું આયોજન એટલે ચિત્રની સમજણ મારા શબ્દોમાં.

પ્રથમ એના માટે સૌપ્રથમ મારા નવતર પ્રયોગ ને સઘન બનાવવા માટે વર્ગખંડમાં એક કોર્નરનુ નિર્માણ કરી જેમાં વિવિધ ટી એલ એમ મૂકવામાં આવ્યા, જેવા કે પઝલ, ચિત્ર, કેલેન્ડર, કાર્ડ ,રોલર, થ્રીડી ખૂટતા અક્ષરો જેવા TLM મૂકી તેનું કોર્નર બનાવવામાં આવ્યું તેમજ બધા બાળકને એક એક નોટબુક આપવામાં આવી જેમાં તે આ પ્રવૃત્તિનો મહાવરો કરી શકે છે જેનું નામ આપવામાં આવ્યું ચિત્રની સમજ મારા શબ્દોમાં. જેના દ્વારા બાળકો શબ્દો,વાક્યો, ફકરાઓનું લેખન દ્વારા મહાવરો કરી શકે છે.

કોઈપણ ચિત્રને જોઈ તેમાં છુપાયેલ વિચારને પોતાના શબ્દોમાં વ્યક્ત કરવો. જેમાં બે બાબત ને સમજવાનો પ્રયાસ કરે ચિત્ર અને લેખન. જેના આધારે બાળકોને ત્રણ બાબતની ચર્ચા કરી સમજણ આપવામાં આવે છે

1) પ્રથમ દ્રષ્ટિનું અવલોકન :- જેમાં ચિત્રને ધ્યાનથી જોવું.આ શેનું ચિત્ર છે? ચિત્રને જોતા જે વિચાર આવે તે મૌલિક રીતે લખવાનો પ્રયાસ કરે છે.

2) સામાન્ય અવલોકન:- વિવિધ ક્રિયાઓ નો અભ્યાસ જેમકે ચિત્રમાં શેની ક્રિયા થાય છે?ભૌતિક, કુદરતી ઘટના હોય તો તેનું વર્ણન કરે છે.વાહન ,વસ્તુઓનું વર્ણન કરે છે.વગેરે....

3) ઝીણવટ ભર્યું અવલોકન :-ચિત્રને સંબંધિત સંદેશ હોય તે ક્રિયા પાછળના કારણો જાણી લખાણ કરી શકે છે.

આ દરેક બાબતની ચર્ચા કર્યા પછી બાળકની ક્ષમતા પ્રમાણે બાળકને ચિત્ર વર્ણન ની સમજ આપી તેની પાસે મહાવરો કરાવવામાં આવે છે મહાવરા રૂપે બાળકોને વ્યક્તિગત રીતે એક એક નોટ આપવામાં આવેલ છે જેમાં લખેલ નોટની ચકાસણી કર્યા બાદ પ્રાર્થનામાં, વર્ગમાં ચિત્ર વર્ણન દ્વારા તેઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

જેના દ્વારા કહી શકાય કે બાળકો સરળતાથી ચિત્ર પરથી વર્ણન કરી શકે છે અભિવ્યક્તિમાં સુધારો જોવા મળેછે.તેમજ,અવલોકન શક્તિ કેળવાય છે. કોઈપણ ચિત્રનું સ્વતંત્ર લેખન કરી શકે છે. ક્રમબદ્ધતાનો વિકાસ પણ થાય છે લેખનમાં રસ રુચિ પણ જોવા મળ્યા.

શાહ વર્ષાબેન એચ.
શ્રી સાજણટીંબા પ્રાથમિક શાળા
Mo 9428040100

સ્ટોલ 12


ઈનોવેટરનું નામ : નસીત ધર્મિષ્ઠાબેન વી. મોબાઈલ નંબર : 9974218070

શાળાનું નામ : શ્રી દેવગામ પે.સેન્ટર શાળા. તાલુકો : કુંકાવાવ. જિલ્લો : અમરેલી




# સ્વ મૂલ્યાંકન

કોરોનાકાળ બાદ બાળકો વાંચન લેખનમાં ખુબ જ નબળા જણાયા તેથી બાળક દત્તક આપીને સ્વ મૂલ્યાંકન ચાર્ટ બનાવી વાંચન-લેખન અભિયાન શરુ કરવાનું નક્કી કર્યું.

ધોરણ 6થી8ના વર્ગખંડમાં હોશિયાર બાળકને નબળું બાળક દત્તક આપીને તેની બાજુમાં બેસાડવા. ત્યારબાદ વર્ગખંડમાં લગાવેલ ચાર્ટ મુજબ દરરોજ બાળક ગૃહકાર્ય આપે છે અને તેની અલગ બનાવેલ વાંચન લેખન બુકમાં તે કાર્ય કરે છેને હોંશિયાર બાળક તેની ચકાસણી કરે છે અનુકુળ સમયે હું પણ રેન્ડમલી વાંચન-લેખનની તપાસ કરું છું, આ અભિયાન શાળા સમય પહેલા એટલે કે દસ વાગ્યાથી આવા 40 બાળકો આવી જાય છે, જે આઠ ગ્રુપમાં કામ કરે છે, અને તેનું ધ્યાન નીમેલા આઠ બાળકો રાખે છે. અને વાંચન લેખનનું કાર્ય કરાવે છે દરેક વર્ગમાં બાળકના નામના ચાર્ટ બનાવેલ છે.

આ ચાર્ટમાં બાળકના નામની સામે અંગ્રેજી અને ગુજરાતી ભાષાના વાંચન લેખનના કુલ 20 ખાના આપેલ છે. જેમાં...

| ગુજરાતી | | | | | અંગ્રેજી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મૂળાક્ષર | બારાક્ષરી | શબ્દ | વાક્ય | ફકરા | પ્રથમ એ.બી.સી.ડી | બીજી એ.બી.સી.ડી. | મૂળાક્ષર | બારાક્ષરી | ફકરા |
| વાંચન/ લેખન | વાંચન/ લેખન | વાંચન /લેખન | વાંચન /લેખન | વાંચન /લેખન | વાંચન /લેખન | વાંચન /લેખન | વાંચન /લેખન | વાંચન/ લેખન | વાંચન /લેખન |
| ✓ | ✓ | ✓ | | | ✓ | ✓ | ✓ | | |

જે બાળકને જે સ્ટેપ આવડી જાત તે મારી પાસે આવીને ચકાસણી કરી ત્યારબાદ પોતાના ખાનામાં જાતે ટીક કરે છે.

પોતાનો સમગ્ર વર્ગ અને આવનાર દરેકની નજર ચાર્ટ પર જતી હોવાથી બાળક પોતાના નામની સામેના બધા ખાના ઝડપથી ભરાઈ જાય તે માટે ઉત્સાહ અને પોતાની હરોળના બાળક સાથે હરીફાઈ કરી ખૂબ ઓછા સમયમાં વાંચન લેખનમાં શ્રેષ્ઠ દેખાવ કરે છે.

આ પદ્ધતિ મુજબ સમગ્ર વર્ગના બાળકો પોતાનું વાંચન આદર્શ થાય અને લખાણ ભૂલ રહિત થાય તે માટે રોજ શ્રુત લેખન કરે છે, તેમજ અંગ્રેજીમાં ફકરો ઉચ્ચાર સહીત લખે છે, અને બીજે દિવસે હું રેન્ડમલી બાળકના ફકરાની તપાસ કરી તેજ ફકરો વંચાવવામાં આવે છે અને લખાવવામાં પણ આવે છે.જો ભૂલ જણાય તો બીજે દિવસે ફરીથી તેજ ફકરો આપવામાં આવે છે. આના દ્વારા સમગ્ર વર્ગનું ભાષા શિક્ષણ આદર્શ અને ભૂલ રહિત બન્યું છે.


નસીત ધર્મિષ્ઠાબેન વી.

શ્રી દેવગામ પે.સેન્ટર શાળા.

**Mo** 9974218070

સ્ટોલ 13

ઈનોવેટરનું નામ : જાની લખનભાઈ નંદલાલભાઈ મોબાઈલ નંબર : 9898185898
શાળાનું નામ : શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળા તાલુકો : જાફરાબાદ જિલ્લો : અમરેલી



# એનર્જી એવરી વિક

મૂલ્યલક્ષી અને વ્યવહારુ શિક્ષણ વગર ઉત્તમ અને વિકસિત રાષ્ટ્રની કલ્પના કરવી અશક્ય છે, પરંતુ આવું શિક્ષણ મેળવવા બાળકો શાળાએ જ ન આવે તો ? અને શાળાએ આવતા બાળકો પણ આવું જ્ઞાન મેળવવા ઉત્સુક ન હોય તો ? એટલું જ નહિ શિક્ષક તરીકે નિયુક્ત થતી વખતે કે બદલી વખતે સૌ પ્રથમ દરેકના મનમાં ઉદભવતો એક પ્રશ્ન એટલે ગ્રામજનો કેવા હશે? ગ્રામજનો શાળા પ્રત્યે લાગણી સભર સબંધ ઓછા પ્રમાણમાં ધરાવતા હોય ત્યારે આ પરિસ્થતિઓમાંથી બહાર કઈ રીતે આવવું એ મોટો પ્રશ્ન થઈ પડે.

આવી અનેક પ્રકારની સમસ્યાઓના ઉપાય સ્વરૂપે અમારી શાળામાં "એનર્જી એવરી વિક" નામે એક પ્રવૃતિ શરૂ કરવામા આવી. આ પ્રવૃત્તિ અંતર્ગત અમે અમારી શાળામાં દર અઠવાડિયે એક વિશિષ્ટ પ્રવૃત્તિ કરાવવાનું નક્કી કર્યું. જેમાં વિશિષ્ટ દિવસ અને જો વિશિષ્ટ દિવસ ન આવતો હોય તો વિશિષ્ટ પ્રવૃત્તિ કરાવવામાં આવતી. દિવસની ઉજવણી સંસ્કૃતિની નિકટ રહીને તથા વિશેષ પ્રવૃતિઓ બાળકોને આત્મનિર્ભર બનાવે તેવી રાખવામાં આવતી. આ પ્રવૃત્તિઓ બાળકોને શાળાએ આવવા પ્રેરે છે, મૂલ્ય શિક્ષણ આપે અને ઉત્સાહી બનાવે છે. થયેલી દરેક પ્રવૃતિઓનો વ્યવસ્થિત અહેવાલ લખીને ન્યુઝ પેપરમાં આપવામાં આવે છે, જે રાજ્ય વ્યાપી બને છે. એક જ વર્ષમા અમારી શાળાનુ 50 જેટલી વખત ન્યુઝ પેપરમા આવ્યુ જે અમારી શાળાની ખૂબ મોટી સિધ્ધિ ગણી શકાય. ન્યુઝ પેપરનુ કટિંગ તથા પ્રવૃત્તિઓના વિડિયો વાલીઓને નિયમિત મોકલવામાં આવે છે. ન્યુઝ પેપરમાં પોતાના બાળકના નામ તથા ફોટો જોતા વાલીઓ શાળા પ્રત્યે હૃદયપૂર્વક જોડાય છે. વર્તમાન પત્રમાં આવતું નામ કે ફોટો કોઈ માટે સામાન્ય વાત નથી એનું ઉદાહરણ હું પોતે જ છું. મને ધોરણ 12માં મળેલા સારા પરિણામનાં ન્યુઝ પેપરમાં આપેલ જે આજ સુધી મારી પાસે સચવાયેલ છે. તો કલ્પના કરો આ પ્રવૃત્તિ અમારા નાના બાળકો અને ગ્રામજનોમાં કેટલી મોટી ઊર્જા પૂરતી હશે. આ બાબતની નોંધ એક વખત અમારા જાફરાબાદના ટીડીઓશ્રીએ પણ લીધી. શાળાએ આવવા પ્રેરાયેલા બાળકોને અમે બાહ્ય પરીક્ષાની તૈયારીઓ માટે પણ પ્રેરણા આપી.

અમારા આ ઈનોવેશનનો અમલ અમારા ક્લસ્ટરની શાળાઓમાં પણ થવા લાગ્યો છે. આ ઉપરાંત વર્તમાન પત્રમાં આવતું હોવાથી અનેક શાળાઓ આમનો અમલ કરેલ છે. આ ઉપરાંત વોટ્સએપમાં મળતા પ્રતિભાવો જો ગણવામાં આવે માત્ર શિક્ષક મિત્રોના જ ઓછામાં ઓછાં 100 જેટલા પ્રતિભાવો મળેલ છે, જો આ શિક્ષક મિત્રો માત્ર 50 બાળક સુધી આ પ્રવૃત્તિ લઈ જાય તો 5000 બાળકો લાભ લે છે. આ ઉપરાંત youtube થકી પણ ઘણા લોકો અને બાળકો સુધી આ પ્રવૃત્તિ પહોંચી છે.

"એનર્જી એવરી વિક" થી અમને ખૂબ સારું પરિણામ મળ્યું. જેમકે વર્ગની હાજરીની સતત વધી રહી છે. ધોરણ 5ની સરાસરી હાજરી જોવામાં આવે તો છેલ્લા ત્રણ માસ જૂન, જુલાઈ અને ઓગસ્ટની અનુક્રમે 16.68 , 22.52 અને 23.41 જોવા મળે છે. આ ઉપરાંત આ વર્ષે અમારી શાળામાંથી PSEમાં 6, NMMSમાં 3, કોમન એંટ્રસ ટેસ્ટમાં 1 તથા જ્ઞાન સાધના સ્કોલરશિપ પરિક્ષામાં 1 બાળક પાસ થયો જે અમારી શાળાનું આજ સુધીનુ શ્રેષ્ઠ પરીણામ બન્યુ. આ ઉપરાંત વાર્તા સ્પર્ધામાં 2 બાળકો તથા વિજ્ઞાન મેળામાં 2 કૃતિઓ આગળ વધી. પ્રાથમિક ચિત્રકામ અને CSR - અલ્ટ્રાટેક દ્વારા યોજાતી ગરબા સ્પર્ધાઓમા બાળકો અગ્રેસર રહ્યા. આ ઉપરાંત બાળકોની ભાગીદારી પણ પૂર્વેની સ્થિતિ 20 - 30 % થી વધીને 90 % થી પાર થઇ છે. ગ્રામજનોનું શાળા પ્રત્યેનું હૃદયપૂર્વક અને હકારાત્મક જોડાણ 100 % થયું છે.

જાની લખનભાઈ નંદલાલભાઈ
શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળા
Mo. 9898185898

**સ્ટોલ 14**


**ઈનોવેટરનું નામ : નથવાણી પાયલબેન એ .** **મોબાઈલ નંબર 9408652703**

**શાળાનું નામ : શ્રી ચાંદગઢ પ્રાથમિક શાળા** **તાલુકો : અમરેલી** **જિલ્લો : અમરેલી**




# મૂલ્ય આધારિત શિક્ષણ

મારી શાળાના 6 થી 8ના વિદ્યાર્થીઓના વર્તનવ્યવહારમાં કેટલાક જરૂરી મૂલ્યોની ઊણપ વર્તાય છે તે મૂલ્યો ફરી આત્મસાત કરવા માટે તેમજ બાળકોને શિક્ષણમા રસ કેળવાય અને એકાગ્રતા જાગૃત કેમ કરવી? આ સમસ્યા દૂર કરવા માટેનો મારો આ એક નવતર પ્રયોગ છે

જે અંતર્ગત અધ્યયન પ્રક્રિયા તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિઓ માધ્યમથી વિદ્યાર્થીઓમાં કેટલાક જરૂરી મૂલ્યોની ખીલવણી કરવામાં આવી. સૌપ્રથમ બધાજ વિષયોની મૂલ્યવર્ધક નિષ્પત્તિઓની તારવણી કરી. તે મુજબની શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરી.જેમકે **સામાજીકવિજ્ઞાન**નાં અધ્યયન દરમિયાન વેશભૂષા અને નાટયીકરણ દ્વારા દેશપ્રેમ,શાંતિ,રાષ્ટ્રીય એકતા, સત્ય જેવા મૂલ્યોની ખીલવણી થાય **વિજ્ઞાન** વિષય અંતર્ગત ચિંતન, તર્ક, વિવેક, પર્યાવરણની જાળવણી, સ્વચ્છતાના વગેરે જેવા મૂલ્યોનો વિકાસ **ગણિત** વિષયના અધ્યયન દરમિયાન ધૈર્ય, એકાગ્રતા જેવા મૂલ્યોનો વિકાસ, **ભાષાશિક્ષણ** અન્વયે મૌલિકતા, રચનાત્મક્તા જેવા મૂલ્યોની ખિલવણી.કાવ્ય સંકલન,પહેલીઓનુ નિર્માણ.

**સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ** દ્વારા મૂલ્યશિક્ષણ પ્રાર્થના સભામાં મહાન વિભૂતિઓના પ્રેરકપ્રસંગોનું વાચન કરાવવામાં આવ્યું. જેથી વિદ્યાર્થીઓમાં સત્ય, પ્રમાણિકતા, નિયમિતતા, ઈશ્વરીય અનુરાગ જેવા મૂલ્યોની ખિલવણી થાય.તેમજ **ધ્યાન-યોગ** દ્વારા આરોગ્યની જાળવણી અને સ્વરછતા જેવા મૂલ્યો ખીલવવા. **રમતગમત** દ્વરા ખેલદિલી, સહનશીલતા, એકાગ્રતા, તંદુરસ્તી,ભાઈચારાની ભાવનાનો વિકાસ. **રાષ્ટ્રીયપર્વની** તેમજ જયંતિપર્વની ઉજવણી દ્વારા મહાન વિભુતિઓના જીવનમૂલ્યો ઉજાગર કરવા પ્રયાસ કર્યો.

અક્ષરશાળા અંતર્ગત વિવિધ મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓ જેવીકે "રામહાટ","ખોયા-પાયા" અને "અક્ષય દ્રવ્ય"થી બાળકો પોતાની નૈતિક ફરજથી વાકેફ થાય તેમજ તેમનામા પ્રમાણિકતાનુ મૂલ્ય આત્મસાત થાય તેવો પ્રયાસ કર્યો."અક્ષયપાત્ર"ના માધ્યમથી વિદ્યાર્થીઓમાં પક્ષીપ્રેમ,દયા,કરૂણા જેવા મૂલ્યોનો વિકાસ થયો. શાળા બચતબેંકની પ્રવૃત્તિ થી બાળકોમાં નાનપણથી જ બચતનો ગુણ વિકસિત થાય.

મારા નાવતર પ્રયોગની સાર્થકતા કેટલા અંશે સિદ્ધ થઈ છે ? તે માટે વર્ગખંડમાં બાળકોની એકાગ્રતા તેના વર્તનવ્યવહારનું આનૌપચારિક અવલોકન કર્યું. વિદ્યાર્થીઓના વાલીઓનો અવારનવાર સંપર્ક સાધવામાં આવ્યો.પરિણામ સ્વરૂપ ગામલોકો અને વાલીઓનો શાળા પ્રત્યેનો દ્રષ્ટિકોણ સકારાત્મક થતો જોવા મળ્યો. અને વિદ્યાર્થીઓમાં નિયમિતતા, સ્વચ્છતા,શિસ્ત, જીવદયા, પર્યાવરણની જાળવણી પ્રમાણિકતા વગેરે જેવા મૂલ્યોની ખીલવણી થતી જોવા મળી.અને આ વર્ષે સ્વતંત્રતા પર્વ નિમિતે રૂપિયા ૧૫,૦૦૦/- નું દાન અમારી શાળાને ગામલોકો તરફથી આપવામાં આવ્યું.

---


નથવાણી પાયલબેન એ.

શ્રી ચાંદગઢ પ્રાથમિક શાળા

Mo.9408652703

# વાલીસંપર્ક









સ્ટોલ 15


ઈનોવેટરનું નામ : પરમાર નીલમબેન રમેશભાઇ મોબાઈલ નંબર : 9662921755

શાળાનું નામ : શ્રી ચલાલા કુમાર શાળા તાલુકો : ધારી જિલ્લો : અમરેલી




## સામાજિક વિજ્ઞાનના અવનવા પ્રયોગો

શાળામાં સામાજિક વિજ્ઞાન વિષયના અધ્યાપન કાર્ય દરમિયાન મેં અનુભવ્યું કે બાળકો સામાજિક વિજ્ઞાન વિષય વસ્તુથી અજાણ હતા.વિષયવસ્તુને જીવન સાથે જોડતા નહી.વિષય વસ્તુની પ્રાયોગિક રજૂઆતનો પણ અભાવ હતો.

સામાજિક વિજ્ઞાનને જીવન સાથે જોડવા તથા વિષય વસ્તુને વિદ્યાર્થીઓ પ્રાયોગિક રીતે રજૂ કરી શકે તે માટે સામાજિક વિજ્ઞાન અવનવા પ્રયોગો દ્વારા સૌપ્રથમ બાળકની દૈનિક ક્રિયાનો અવલોકન કરી તેમાં સામાજિક મૂલ્યના ઘડતર માટે બાળકોની સહભાગીતાથી ઘણા મોડેલ્સ બનાવ્યા. વૃક્ષનો ચાર્ટ અને કાર્ડ પેપરમાં સારી ટેવોનું લિસ્ટ મુકવામાં આવતું. જેનાથી સારા કાર્ય કરવાની બાળકોને પ્રેરણા મળતી. સુંદર કામગીરી કરતા બાળકનું સન્માન કરવામાં આવતું. સૂર્યમંડળના ગ્રહો અને સૂર્યની માહિતી વિશેના મોડલ દ્વારા પ્રાયોગિક રીતે બ્રહ્માંડની માહિતી આપી. પોલીસ સ્ટેશન, જાહેર બજાર, બેંક જેવી સ્થાનિક સંસ્થાઓની રૂબરૂ મુલાકાત કરી શિક્ષણકાર્ય કર્યું.ઈતિહાસ જાણવાના સ્રોતો એકમ અંતર્ગત સિક્કાઓ,અનાજ, ભોજપત્ર, અભિલેખો, તાડપત્ર વગેરે નમૂનાઓ બતાવી શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું. પૃથ્વી આપણું ઘર, પર્યાવરણનું રક્ષણ,હવાનું પ્રદૂષણ, વિવિધતામાં એકતા જેવી વિષય વસ્તુ પર ટી.એલ.એમ. બનાવી મોડેલ દ્વારા નિદર્શન કરી શિક્ષણ આપવામાં આવતું.

બાળકોમાં થયેલા વર્તન પરિવર્તનનું નિરીક્ષણ કરીને, બાળકોને મૌખિક પ્રશ્નોત્તરી કરીને તેમજ વાલીઓના ફીડબેક દ્વારા તેમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. તેમજ જે બાળક વૃક્ષ સમાન સારા કાર્યો કરવા પ્રેરાય તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.આના પરિણામે બાળકો જાતે પ્રવૃત્તિ દ્વારા શીખતા થયા.બાળકોમાં સંસ્કારોનું સિંચન થયું. તેમજ સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુને સમજતા થયા.


પરમાર નીલમબેન રમેશભાઈ

શ્રી ચલાલા કુમાર શાળા

Mo. 9662921755

**સ્ટોલ 16**


ઈનોવેટરનું નામ : સોલંકી રાજેશકુમાર મનસુખભાઈ મોબાઈલ નંબર : 9925454578

શાળાનું નામ : શ્રી કોદિયા પ્રાથમિક શાળા તાલુકો : ખાંભા જિલ્લો : અમરેલી




## પુસ્તક સમીક્ષા

પુસ્તક સમીક્ષા શાળા પુસ્તકાલયના યોગ્ય ઉપયોગના અભાવથી વિધ્યાર્થીઓના વાચન, લેખન અને મૌલિક અભિવ્યક્તિ જેવા કૌશલ્યોમા થોડી કચાસ જણાતી, તેમજ શાળા પુસ્તકાલયના બધાજ પુસ્તકોને પૂરતો ન્યાય મળતો ન હતો.

ઉપરોક્ત સમસ્યાના નિવારણ માટે એક ભાષા શિક્ષક તરીકે મે સૌપ્રથમ બધાજ પુસ્તકોનુ વર્ગીકરણ કરી ધો- 5 થી 8ના મોટા ભાગના બાળકોને પ્રાર્થના સભામાં ટૂંકી માહિતી આપી. વિદ્યાર્થીઓ સ્વરૂચિ મુજબ વાચન માટે પુસ્તકો પસંદ કરતા. તે પુસ્તક વાંચ્યા બાદ તેમાથી તેમને ગમતો કોઈ પ્રસંગ, લેખ કે વાર્તા રોલનંબર પ્રમાણે પ્રાર્થનામાં મૌલિક રજૂઆત કરતાં. જેની નોંધ પુસ્તક રજીસ્ટરમા કરતાં. આ પ્રવૃત્તિમાં માત્ર શાળાના હોશિયાર બાળકો જ નહીં, પણ પ્રિય બાળકોનો પણ સમાવેશ થતો.

આ પુસ્તક સમીક્ષા દરરોજ અમારી પ્રાર્થના સભામાં થાય જ છે. જેમાં બાળકોની અભિવ્યક્તિ વખતે કોઈ કઠિન કે અઘરાં શબ્દો હોયતો અમે શિક્ષકો ત્યાં જ નિરાકરણ અને સમજ આપીએ છીએ. સમયાંતરે પુસ્તક રજીસ્ટર ચકાસણી કરતાં વિદ્યાર્થીઓએ કયાં અને કેટલા પુસ્તકો વાચ્યા તે જાણી શકાય છે.

શાળા પુસ્તકાલયના બધા જ પુસ્તકોને યોગ્ય ન્યાય મળ્યો, વિદ્યાર્થીઓનુ વાચન કૌશલ્ય વિકસ્યું, વિદ્યાર્થીઓ પ્રાર્થના સભામાં ડર રાખ્યા વગર મૌખિક રજુઆત કરતા થયાં. તેમ જ લેખન કરતી વખતે પણ વાચેલ સામગ્રીને ઉદાહરણ કે સંદર્ભ તરીકે ટાંકતા થયાછે. આ ઉપરાંત કલાઉત્સ, વકૃત્વસ્પર્ધા, કાવ્યરચના જેવી સ્પર્ધામાં મારી શાળા સમગ્ર તાલુકામાં હાઈલાઈટ થઈછે.


સોલંકી રાજેશકુમાર મનસુખભાઈ
શ્રી કોદિયા પ્રા. શાળા
Mo. 9925454578

**સ્ટોલ 17**


ઈનોવેટરનું નામ : કટારા સુરેશભાઈ ખીમજીભાઈ મોબાઈલ નંબર : 9428468889

શાળાનું નામ : શ્રી કોટડી પ્રાથમિક શાળા તાલુકો : રાજુલા જિલ્લો : અમરેલી




# બાલવૃંદથી શાળા વિકાસ

એક સારી, સુંદર અને ગુણવત્તાયુક્ત શાળા અને આધુનિક ટેક્નોલોજીના પ્રવાહ સાથે અવિરત અને સતત વિકાસથી સજ્જ હોય એવી રાજુલા તાલુકાની કોટડી પ્રા.શાળામાં કેટલાક મૂલ્યો જેવાં કે, નિયમિતતા, સ્વચ્છતા, શ્રમ, પ્રામાણિકતા અને સમુહભાવના પર કાર્ય કરવાની જરૂરિયાત જણાઈ. બાળકોના આ વિચારો અને વર્તન-વ્યવહારને વધુ સમજવા માટે આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો.

સૌ સાથે મળીને શીખીએ તે અંતર્ગત શાળાનાં ધોરણ ૩ થી ૮ ના નબળા અને તેજસ્વી દરેક બાળકોનો સમાવેશ કરી ૮ (આઠ) ગ્રુપ બનાવ્યા. આ દરેક ગ્રુપમાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે, લેખન, ચિત્રકામ, પ્રાર્થના સભા,દિન વિશેષ ઉજવણી, રમત ગમત જેવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. જેમાં ગ્રુપના દરેક બાળકોની સામેલગીરી સુનિશ્ચિત કરવામાં આવે છે. જેથી બાળકોમાં રહેલ ડર, નિરાશા,લઘુતગ્રંથી દૂર થાય તેમજ સુષુપ્ત શક્તિઓ ખીલે અને સર્વાંગીગુણોનો વિકાસ થાય તેમજ નેતાગીરી અને સમુહ ભાવનાનો વિકાસ થાય તે માટે બાલવૃંદની મદદથી શાળા વિકાસના હેતુ સિધ્ધ થાય એ માટે આ નાવિન્યસભર પ્રયોગ કર્યો છે. આ પ્રયોગમાં દરેક ગ્રુપને એક વિશિષ્ટ કલર કોડ ધરાવતો અને એકસમાન ઉંચાઈ ધરાવતો ધ્વજ આપવામાં આવશે. દરેક ગ્રુપના નામ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને મહાન રાજાઓ પરથી રાખવામાં આવ્યા છે. ગ્રુપના બાળકોની પ્રગતિના મુલ્યાંકનના આધારે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ગ્રુપનો ધ્વજ અન્ય ગ્રુપના ધ્વજની સરખામણીમાં ઉંચો ફરકતો રાખવામાં આવશે. જેથી અન્ય ગ્રુપના બાળકો પણ વિશિષ્ટ કામગીરી કરવા માટે પ્રેરાય છે. માસના અંતે દરેક ધ્વજ એકસરખી ઉંચાઇએ કરવામાં આવે છે અને ફરી આખા માસની પ્રવૃત્તિઓનું મુલ્યાંકન કરી ધ્વજની ગોઠવણ કરવામાં આવે છે.

દરેક બાળક જૂથમાં પ્રવૃત્તિ કરે છે કે નહિ તેની ચકાસણી કરવામાં આવે છે. દર માસના અંતે આઠ ગ્રુપમાથી ક્યુ ગ્રુપ વધુ પ્રગતિ કરે છે તેની તપાસ કરવામાં આવે છે. દરેક ગ્રુપના બાળકની સહભાગિતા ચકાસવા માટે ગ્રુપ લિડર અને શિક્ષક દ્વારા સતત નિરિક્ષણ કરવામાં આવે છે.

આ પ્રયોગથી બાળકો એકબીજા સાથે મળીને સમુહમાં કામ કરતા જોવા મળ્યા. લઘુતાગ્રંથી દૂર થઇ, તેમાં રહેલા વિવિધ કૌશલ્યોનો વિકાસ થયો, બાળકો પોતાના વિચારો મુક્તપણે રજૂ કરતા થયા. આ ઉપરાંત સમુહભાવના, અવલોકન શક્તિ, જિજ્ઞાસાવૃત્તિ જેવા ગુણોનો વિકાસ થતો જોવા મળ્યો. બાળકો પોતાના ગ્રુપની પ્રગતિ માટે યોગદાન આપવા લાગ્યા જેનાથી શાળામાં નિરાશ રહેતા બાળકો વધુ પ્રગતિશીલ બન્યા.

બાલવૃંદથી શાળાના વિકાસમાં ધોરણ ૩ થી ૮ ના દરેક બાળકો પ્રવૃત્તિમાં ભાગ લેતા થયા. તેમના આત્મવિશ્વાસમાં વધારો થયો. તેમની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થયો. વાંચન-લેખન-ગણન જેવી વિવિધ સહ અભ્યાસિક પ્રવૃતિમાં ભાગ લેતા થયા છે જે મારા નવતર પ્રયોગની સાર્થકતા સિધ્ધ કરે છે.


**કટારા સુરેશભાઈ ખીમજીભાઈ**

**શ્રી કોટડી પ્રા.શાળા રાજુલા**

**Mo.9428468889**











સ્ટોલ 18


ઈનોવેટરનું નામ : તૈરૈયા પાર્થ ઉમેશભાઈ મોબાઈલ નંબર : 9427412487

શાળાનું નામ : શ્રી સરકારી મા.- ઉ.મા. શાળા તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી




# Rise of students' strength and Board results.

" સર્વે દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ... "

સપ્ટેમ્બર-2016 માં શાળામાં આચાર્ય તરીકે ચાર્જ સંભાળ્યો ત્યારે સરકારી શિક્ષક તરીકે હું એક જ કર્મચારી હતો. ધોરણ 9 અને 10ની કુલ વિદ્યાર્થી સંખ્યા 23 હતી. ધોરણ 10નું 2016નું બોર્ડ રીઝલ્ટ 20 % અને છેલ્લા 3 વર્ષનાં રિઝલ્ટની સરેરાશ 39.33 % હતી. વિદ્યાર્થી હાજરીમાં પણ અનિયમિતતા હતી.

| ➢ વિદ્યાર્થી સંખ્યા વધારવાના પ્રયત્નો. | ➢ બોર્ડ રિઝલ્ટ વધારવાના પ્રયત્નો |
|---|---|
| ➢ પોષક વિસ્તારના તમામ ગામોની પ્રાથમિક શાળાઓની મુલાકાત.<br>➢ માતા-પિતા, વાલીવર્ગની રૂબરૂ મુલાકાત.<br>➢ પ્રવેશપાત્ર તમામ વિદ્યાર્થીઓને શાળાનું પેમ્પલેટ વિતરણ તેમજ પોકેટ ડિકશનેરી ભેટ.<br>➢ પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ-માતા-પિતા, વાલીવર્ગની સાથે શાળાએ રૂબરૂ મુલાકાતનું આયોજન.<br>➢ મોંઘા શિક્ષણના યુગમાં પણ નિ:શુલ્ક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થશે તેની વાલીવર્ગ અને વિદ્યાર્થીવર્ગમાં સમજ કેળવી અને તેમનો વિશ્વાસ સંપાદિત કર્યો. | ➢ શાળાનું પોતાનું જ સ્ટડી મટીરિયલ-વિષય વાઈઝ શિક્ષકોએ સ્થાનિક પરિસ્થિતીને અનુલક્ષીને જાતે તૈયાર કરેલ છે.<br>➢ યુનિટ, વિકલી, મંથલી, સેમેસ્ટર એમ સમયાંતરે ટેસ્ટનું આયોજન અને પ્રોગ્રેસ રીપોર્ટની વાલીઓને જાણ.<br>➢ તમામ વિદ્યાર્થીઓની રસ-રૂચિ, અભિગમને અનુરૂપ થતી અભ્યાસિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ.<br>➢ વિદ્યાર્થીઓની તમામ નાની-મોટી ઉપલબ્ધિઓને બિરદાવી-પ્રોત્સાહન ભેટરૂપે પણ અભ્યાસ ઉપયોગી વસ્તુઓના ઈનામ-પારિતોષિકો.<br>➢ એક્સ્ટ્રા/પ્રેકટીસ ક્લાસનું આયોજન-0 તાસ. |

ધૈર્યપૂર્વકના સઘન અવિરત પ્રયત્નોથી સંખ્યામાં ઉત્તરોતર વધારો થયો. ધો. 9,10 ની કુલ 20 ની સંખ્યામાંથી શાળામાં ઉ.મા. વિભાગનો પણ ઉમેરો થઈ ધો.9 થી 12 ની કુલ સંખ્યા દર વર્ષે 200 થવા પામી.

S.S.C., H.S.C. બોર્ડ રિઝલ્ટમાં પણ ઉજ્જવળ પરિણામોની પરંપરાની શરૂઆત થઈ. શાળાએ 100% બોર્ડ રિઝલ્ટ ત્રણ વખત (હેટ્રીક) પ્રાપ્ત કર્યુ. છેલ્લા પાંચ વર્ષનું સરેરાશ પરિણામ પણ 95% પ્રાપ્ત કર્યુ.


તૈરૈયા પાર્થ ઉમેશભાઈ

સરકારી મા.- ઉ.મા. શાળા

Mo. 9427412487

સ્ટોલ 19

ઈનોવેટરનું નામ : વનરા ભુપતભાઈ રણછોડભાઈ મોબાઈલ નંબર :9909522366
શાળાનું નામ : શ્રી કન્યાશાળા ખાંભા તાલુકો : ખાંભા જિલ્લો : અમરેલી



# પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા

અમારી કન્યાશાળા ખાંભામાં હાલ વિદ્યાર્થીનીઓની સંખ્યા ૨૦૦ છે. પીવાના પાણી માટે આરઓ વોટર ફિલ્ટર છે. જેની ક્ષમતા ૫૦ લીટર છે. મોટાભાગે ૧૫ ફેબ્રુઆરી થી એપ્રિલ માસમાં વારંવાર આ ફિલ્ટર ખાલી થઈ જતું અને વિદ્યાર્થીનીઓ ફરિયાદ કરતી હતી.

આ મોટી સમસ્યાનો ઉપાય વિચાર્યો તો જણાયું કે પાણી પીવા માટે ૩૦૦મિ.લીના ગ્લાસનો ઉપયોગ કરવામાં આવે છે. વિદ્યાર્થીનીઓ પાણી પીવા માટે આખો ગ્લાસ ભરે છે અને જરૂર પૂરતું પાણી પી ને બાકીનું પાણી ઢોળી નાખે છે. આ કારણે પીવાના પાણીનો ખૂબ વ્યય થતો .આથી મનોમંથન કરીને આ સમસ્યાનું નિરાકરણ કરવા ગ્લાસની સાઈઝ ઘટાડી ૧૫૦ મિલીના ગ્લાસનો ઉપયોગ શરૂ કાર્યો.

એજ દિવસ થી તેના પરિણામ મળતા શરૂ થઈ ગયા. અને પાણી ઘટવાની કાયમી સમસ્યાનો સુખદ અંત આવ્યો. એ વખતે ૩૦૦ મિ.લી ના મોટા ગ્લાસના ઉપયોગ થી વિદ્યાર્થીનીઓ અંદાજે ૧૦૦ થી ૧૫૦ મિ.લી પાણી પીતા અને ૧૫૦ મિલી પાણીનો બગાડ કરતા બધા વિદ્યાર્થીઓ લગભગ બે થી ત્રણ વાર આ રીતે પાણી પીતા એટલે એવરેજ દરેક વિદ્યાર્થી ૨૦૦ થી ૩૦૦ મિ.લી પાણીનો બગાડ કરતા કુલ ૨૦૦ વિદ્યાર્થી ગણીએ તો રોજનું ૬૦ લીટર પાણી વ્યય થતું.

આમ એક મહિનામાં વિદ્યાર્થીનીઓ દ્વારા (૧૫૦૦) એક હજાર પાંચસો લીટર જેટલું પાણીનો બગાડ થતો.અને એક વર્ષમાં અભ્યાસના ૧૦ માસ ગણતા લગભગ ૧૫૦૦૦ લીટર જેટલો પાણીનો બગાડ થતો.

આ નાનકડી શરૂઆત દ્વારા અમારી શાળામાં કાયમી પાણીનો પ્રશ્ન હલ થઈ ગયો. આમાં પાણીની બચત તો થઈ પણ સાથો સાથ લાઈટ બિલ માં પણ ઘણી બચત જોવા મળે છે.

આ પ્રયોગ આપ પણ આપની શાળામાં, ઓફિસોમાં ,જાહેર કાર્યક્રમોમાં અને ધાર્મિક સ્થળોમાં કરી શકો છો.રાષ્ટ્રહિતમાં જળ બચાવો અભિયાનને સાર્થક બનાવવામાં ખિસકોલી ફાળો આપી શકો છો.

વનરા ભુપતભાઈ રણછોડભાઈ
કન્યા શાળા ખાંભા
Mo 9909522366

સ્ટોલ 20

ઈનોવેટરનું નામ : ધાનાણી રૂપલબેન એમ. મોબાઈલ નંબર : 7984534382
શાળાનું નામ : શ્રી સરકારી મા. શાળા ધ્રુફણીયા તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી



# યોગ દ્વારા સર્વાંગી વિકાસ

કોરોના કાળ દરમિયાન વિદ્યાર્થીઓનું વજન વધતા તેઓ આરોગ્ય પ્રત્યે સભાન બને તથા તેઓનો યોગ્ય શારીરિક વિકાસ થાય અને માનસિક રીતે તનાવ મુક્ત બને તે હેતુ વિદ્યાર્થીઓને યોગા અભ્યાસ કરાવવાનો વિચાર થયો .

વર્ષ 2023 ના વેકેશન ખુલતા જૂન મહિનાના ત્રીજા અઠવાડિયામાં આ નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે, દરરોજ પ્રાર્થના સભા દરમિયાન 15 મિનિટનો સમય યોગા અભ્યાસ માટે ફાળવવામાં આવે છે. આ 15 મિનિટના સમયમાં પાંચ મિનિટ પ્રાણાયામ માટે તથા દસ મિનિટ અલગ અલગ આસનો માટે ફાળવવામાં આવે છે . આ પાંચ મિનિટના સમયમાં કપાલભાતિ અથવા અનુલોમ વિલોમ જેવા પ્રાણાયામ કરાવવામાં આવે છે. અને 10 મિનિટના સમય દરમિયાન કોઈપણ બે આસનો કરાવવામાં આવે છે, જેવા કે ત્રિકોણાસન, પશ્ચિમોતાનાસન, પાદ હસ્તાસન, બાલાસન, ઉષ્ટ્રાસન, વીર ભદ્રાસન એક અને બે, વૃક્ષાસન, હલાસન, વજ્રાસન, પદ્માસન, મત્સ્યાસન, ઉત્તાનપાદાસન, ચક્રાસન, સેતુબંધાસન, અધો મુખો વૃક્ષાસન શીર્ષાસન, તિતલી આસન, ભદ્રાસન .. વગેરે. જ્યારે વિદ્યાર્થીઓને વિવિધ આસનોનો મહાવરો કરાવવામાં આવે છે ત્યારે ક્યારે શ્વાસ લેવો, શ્વાસ છોડવો અને શ્વાસ રોકી રાખવો તેવી બાબતો વિશે કહેવામાં આવે છે. શનિવારના સૂર્ય નમસ્કાર કરાવવામાં આવે છે . તે પણ ક્યારે શ્વાસ લેવો, શ્વાસ છોડવો તથા શ્વાસ રોકી રાખવો તેની સંપૂર્ણ સમજૂતી સાથે બાળકોને ચોક્કસ માહિતી પૂરી પાડ્યા પછી જ યોગા અભ્યાસ કરાવવામાં આવે છે . કેમકે યોગા અભ્યાસ જમિયાના પાંચ કે છ કલાક પછી કરવો, સવારનો સમય શ્રેષ્ઠ, યોગા અભ્યાસ કર્યા પછી 20 મિનિટ પછી પ્રવાહી લઈ શકાય અને 40 મિનિટ પછી જમી શકાય . કોઈપણ યોગ કરતી વખતે ગમે તેમ કરી શરીર વાળવું ના જોઈએ . ધીમે ધીમે મહાવરો કરવો જોઈએ . યોગા અભ્યાસ કરતી વખતે હાથ કે ગળામાં કોઈપણ પ્રકારના આભૂષણો પહેરવાનું ટાળવું જોઈએ. જેથી કોઈપણ પ્રકારની ઈર્જા થાય નહિ . આ દરેક પ્રકારની સમજુતી સાથે વિદ્યાર્થીઓ ને વિવિધ આસનો કરાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના યોગ વિશે જાણતા થયા તથા તેમના ફાયદાઓ વિશે સભાન . યોગા અભ્યાસ દ્વારા બાળકો "સ્વ "ને ઓળખતા થયા . યોગ કરવાના હેતુ સહ બાળકો શાળાએ નિયમિત આવતા થયા . યોગ દ્વારા બાળકો શારીરિક રીતે સ્થિતિસ્થાપક થયા તથા માનસિક તાણ મુક્ત થયા. બધા જ બાળકો યોગનો રાજા કહેવાતા એવા શીર્ષાસન કરતા થયા. યોગા અભ્યાસ દ્વારા બાળકોમાં સમૂહની ભાવના નો વિકાસ થયો. બાળકો પોતાની રીતે નવા નવા યોગ તથા તેના ફાયદાઓ વિશે જાણતા થયા.

ધાનાણી રૂપલબેન મનસુખભાઈ
સરકારી મા. શાળા ધ્રુફણીયા
Mo.7984534382

**સ્ટોલ 21**


ઈનોવેટરનું નામ : મહેતા અરૂણાબેન મનસુખલાલ મોબાઈલ નંબર : 9726218010

શાળાનું નામ : શ્રી નાના લોઠપુર પ્રા.શાળા, તાલુકો : જાફરાબાદ જિલ્લો : અમરેલી




# જાતે શીખીએ ( ગમ્મત સાથે જ્ઞાન )

અમરેલી જિલ્લાનો છેવાડાનો તાલુકો એટલે જાફરાબાદ. આ જાફરાબાદ તાલુકાની શ્રી નાના લોઠપુર પ્રા.શાળામાં હું માર્ચ-2022થી અચાર્ય તરીકે ફરજ બજાવુંછું. અચાર્ય તરીકે શાળાનાં વિકાસ અને વહીવટી કાર્યની સાથે સાથે ધો.1 અને 2ના પ્રજ્ઞા વર્ગને શૈ.કાર્ય કરાવવાની જવાબદારી પણ હતી. જ્યારે શાળાના વહીવટી કાર્યમાં હું રોકાયેલ હોય ત્યારે વર્ગના બાળકો કંટાળો અનુભવતા અને વર્ગની બહાર નીકળવા માટેનું બહાનુ શોધતા હતા જેના કારણે વર્ગમાં અવ્યવસ્થા ઊભી થતી હતી. આ પરિસ્થિતિમાં બાળકોને રસપ્રદ રીતે સતત પ્રવૃતિમય રાખવા ખુબ જ જરૂરી બન્યું હતું.

વિકાસ અને વહીવટી કાર્યની સાથે-સાથે પ્રજ્ઞા વર્ગ સતત સક્રિય રહી કાર્ય કરી શકે તે માટે બાળકો રમી શકે, ગણી શકે, વાંચી શકે અને પ્રવૃતિ સાથે શીખી શકે તેવા શૈક્ષણિક સાધનો બનાવવામાં આવ્યા.બાળકો સરળતાથી ઉપયોગ કરી શકે તેવા સંખ્યા, શબ્દ, વાક્ય , ફળ-ફૂલ, શાકભાજી, વગેરેનાં પપેટ્સ બનાવવામાં આવ્યા. થર્મોકોલની ડીશનો ઉપયોગ કરી વાર અને મહીનાનાં નામ/દિવસો શીખવવા માટેની શૈ.સામગ્રી તૈયાર કરાવવામાં આવી. હાજરીમાં સ્પર્ધા કરાવી શકાય તેવાં ધ્વજ બનાવવામાં આવ્યા. આ ઉપરાંત એકમ મુજબ પ્રવૃત્તિ કરી શીખી શકે તેવી શૈ.કીટ અને શૈ.રમકડાંઓ વસાવવામાં આવ્યા. તેમજ એસ.એસ.એ. માથી શાળામાં આવેલ શૈ.કીટનો પણ ભરપુર ઉપયોગ કરવામાં આવ્યો. જેમા તૈયર કરેલ,વસાવેલ તથા GCERT દ્વરા મળીને અંદાજે 500 થી 550 શૈક્ષણિક સાધન સામગ્રી ઉભી કરવમા આવી.

જયારે હું શાળાનાં આચાર્ય તરીકેની અન્ય કામગીરીમાં હોય ત્યારે બાળકો જાતે જ આ વિવિધ શૈ.વસ્તુઓનો ઉપયોગ કરે, બાળકો જુથમાં રહી કાર્ય કરે જેમા વર્ગમા નક્કી કરેલ લીડરની મદદથી પોતાની ક્ષમતા મુજબ શૈક્ષણિક સમગ્રીનો ઉપયોગ કરી શીખે અને બાળકો રમતા-રમતા પ્રવૃતિ સાથે સતત કાર્યરત રહે.

વર્ષનાં અંતે અધ્યયન નિષ્પતિ મુજબ બાળકોની નોંધ તૈયાર કરી મૂલ્યાંકન કરવામાં આવ્યું. જેમાં વર્ગનાં 80% બાળકો 70% થી 75% જેટલી અંધ્યયન નિષ્પતિમાં નિપુણ જોવા મળ્યા. વર્ગનું વાતાવરણ આનંદદાયી બન્યું. બાળકો રમતા રમતા , પ્રવુતિ કરતા કરતા જ્ઞાન મેળવતા થયા. વર્ગમાં બાળકોની ગેરહાજરીનું પ્રમાણ ઘટ્યું. અને શિક્ષકની ગેરહાજરીમાં પણ બાળકો સ્વયં શિસ્ત સાથે સ્વયં શિક્ષણ મેળવતા થયા.


મહેતા અરૂણાબેન મનસુખલાલ

નાના લોઠપુર પ્રા.શાળા,

Mo. 9726218010


સુ-સ્વાગતમ


મારી શાળા
સ્વચ્છ
શાળા




માગશર
પોષ
મહા
ફાગણ
ચૈત્ર
વૈશાખ
જેઠ
સોમવાર
મંગળવાર
બુધવાર
ગુરુવાર
શુક્રવાર
શનિવાર
રવિવાર




આજનું ગુલાબ


A
B
C
D



**સ્ટોલ 22**


ઈનોવેટરનું નામ : મકાણી શિતલબેન પ્રાગજીભાઈ મોબાઈલ નંબર : 9427780871

શાળાનું નામ : શ્રી જેસિંગપરા કન્યાશાળા તાલુકો : અમરેલી જિલ્લો : અમરેલી




# STUDY GAME ZONE

ટેકનોલોજીથી સુસજ્જ સરકારી શાળાઓ મહત્તમ શિક્ષણ કાર્ય ટેકનોલોજીના માધ્યમથી કરે અને ટેકનોલોજીના માધ્યમથી મૂલ્યાંકન કાર્ય વિવિધ પદ્ધતિઓ પ્રવિધિઓથી 'ગેમ'ના સ્વરૂપે સરળ, સચોટ અને રસપ્રદ રીતે થાય તો કેમ? આ વિચાર સાથે ગેમ્સ બનાવવાની શરૂઆત કરી.

ગત વર્ષે શાળાની વેબસાઈટ – ' www.jesingparakanyashala.in ' ની રચના કરી. તેમાં ' STUDY GAME ' નામે પેઇજ બનાવ્યું. સાથે સાક્ષરી વિષયો અને તેના ધોરણ મુજબ સબપેઇજ બનાવ્યા. તેમાં વિવિધ ગુજરાતી માધ્યમના સાક્ષરી વિષયોની અધ્યયન નિષ્પત્તિ આધારિત 100 થી વધુ ગેમ્સ બનાવીને મૂકેલી છે. આ ગેમ્સ દ્વારા અધ્યેતાને તાસ દરમિયાન શીખવેલા વિષયવસ્તુનું મૂલ્યાંકન માત્ર 5 જ મિનિટમાં થઈ શકે છે. જેથી એકમકસોટી બાદ નિદાનાત્મક કાર્ય પણ થઈ શકે છે. આ ગેમ્સ wordwall.net ના માધ્યમથી તૈયાર કરેલ છે. જેમાં-

- Find the match
- Group sort
- Crossword
- Hangman

- **Flip tiles**
- **Anagram**
- **Matching pair**
- **Random wheel**
- **Gameshow quiz**

- **Open the box**
- **Match up**
- **Missing word**
- **Labelled diagram**

ઉપરોક્ત પ્રકારની ગેમ્સ ફ્રી વર્ઝન અને ઘરે માત્ર મોબાઇલના માધ્યમથી તૈયાર કરેલ છે. તેમાં ચિત્ર, સાઉન્ડ, વિવિધ ફોર્મેટિંગ દ્વારા વધુ રસપ્રદ, સ્પષ્ટ અને અસરકારક રીતે ગેમ્સના સ્વરૂપમાં તૈયાર કરી છે. આ ગેમ પાંચ મિનિટની સમય મર્યાદા સાથે ગોઠવેલી છે.આ ગેમ્સ વારંવાર રમી શકાય છે, પરિણામ જાણી શકાય છે, સાચા જવાબ તપાસી શકાય છે, મેળવેલ સ્કોરને પુનરાવર્તિત કરી શકાય છે. શાળાના ધોરણ ૮માં અભ્યાસ કરતા બાળકો જાતે સાક્ષરી વિષયોની ગેમ બનાવી રહ્યા છે. આમ, આનંદમય શિક્ષણ કરી શકાય છે.

આ ગેમ્સ શાળામાં શિક્ષણમાં એકમના મૂલ્યાંકન અને નવરાશના સમયે બાળક અને વાલી દ્વારા પુનરાવર્તન તથા નિદાનાત્મક કસોટી સ્વરૂપે ઉપયોગ કરવામાં આવે છે.


આ ગેમ્સ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા તમામ બાળકો માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થઈ રહી છે. બાળકોની શાળામાં હાજરી અને એકમક્સોટીના ટકાવારીમાં સુધારો જોવા મળ્યો છે. ગુજરાત રાજ્યની અન્ય શાળાઓના બાળકો પણ આ ગેમ્સનો ઉપયોગ કરી શિક્ષણ કાર્ય કરી રહ્યા છે. ગેમ્સ ઓનલાઇન પ્લેટફોર્મ (વેબસાઈટ) ઉપર ઉપલબ્ધ હોવાથી નવરાશના સમયે પણ તેનો ઉપયોગ કરી શકાય છે.


આમ, મૂલ્યાંકન કાર્ય સરળ, સચોટ અને રસસભર બનાવી શક્યાનો મને અત્યંત આનંદ છે.


મકાણી શિતલબેન પ્રાગજીભાઈ


જેસિંગપરા કન્યાશાળા

Mo. 9427780871


2 of 10
पुच्छम्
शूर्पाकारी
दन्तौ
कर्णौ ।


Media Player
VID-20230927-WA0011




1:57
0:07
0:51
વરસાદ બહુ સરળ
અને પ્રેમાળ છે.
સાચું
ખોટું
1:47
Sep 24
2:09
2:20
सार्थ एकवादनम्
0:13
0:23
0:05
0:30
नीडे
सुखेन डयसे
0:34
0:51


2:27 PM
Videos
0:43
0:25
1:52
0:05
Sep 26
great
1:01
1:12
1:46
Sep 25

**સ્ટોલ 23**


ઈનોવેટરનું નામ : ગજેરા ચિરાગભાઈ દિલીપભાઈ મોબાઈલ નંબર : 9574746303

શાળાનું નામ : શ્રી જામબરવાળા પે સેન્ટર શાળા તાલુકો : બાબરા જિલ્લો : અમરેલી




# ડૉ. વિક્રમ સારાભાઇ સાયન્સ એક્ટીવિટી સેન્ટર

ધો. 6 થી 8માં વિજ્ઞાનનાં તાસ દરમિયાન કોઈ પણ પ્રયોગ કરાવવા માટે સાધન-સામગ્રી શોધવી પડતી હતી, જેમાં સમય બગડતો અને જે તે પ્રયોગ સંપૂર્ણ રીતે સમજાવી શકાતો ન હતો. જેથી પ્રયોગ પૂર્ણ કરવા માટે થોડી ઝડપ રાખવી પડતી હતી. જેનાથી બાળકોને સચોટ સમજ આપી શકાતી ન હતી. જેથીકેટલાક બાળકો એકમ કસોટી કે સત્રાંત પરીક્ષામાં પ્રયોગોનું યોગ્ય વર્ણન કરી શકતા ન હતા.

વિજ્ઞાનના તાસ દરમિયાન જે તે પ્રાયોગિક કાર્યની સચોટ સમજૂતી આપી શકાય અને બાળકોતે પ્રયોગો જાતે કરીને તેનું દ્રઢીકરણ કરી શકે તેમાટે જૂન – 2019 થી આ નવતર પ્રયોગની પૂર્વ તૈયારીઓની શરૂઆત કરવામાં આવી. સૌપ્રથમ ધો. 6 થી 8 નાં વિજ્ઞાન વિષયના વર્ગખંડમાં કરી શકાય એવા પ્રયોગોનાં હેતુ અને જરૂરી સાધન-સામગ્રીની યાદી તૈયાર કરીને, યાદી મુજબની વિગત દર્શાવતા સ્ટીકર તૈયાર કરવામાં આવ્યા. દરેક પ્રયોગની સાધન-સામગ્રી રાખવા માટેના બોક્ષની ખરીદી કરીને તેના પર સ્ટીકરલગાડવામાં આવ્યા. આ રીતે ધો. 6 થી 8 નાં વિજ્ઞાનના કુલ 80 પ્રયોગોની પ્રયોગ મુજબ કીટ તૈયાર કરવામાં આવી. આ તમામ કીટની ધોરણ અને એકમ મુજબ કબાટમાં યોગ્ય ગોઠવણી કરવામાં આવી. જાન્યુઆરી – 2020 માં આ નવતર પ્રયોગનું અમલીકરણ કરવામાં આવ્યું. ધો. 6 થી 8 નાં વિજ્ઞાનનાં તાસ દરમિયાન કોઈ પણ પ્રાયોગિક કાર્ય કરવાનું હોય તો ત્યારે જે તે ધોરણ અને એકમ મુજબ જે તે પ્રયોગની કીટ લઇને તાસની શરૂઆતથી જ પ્રાયોગિક કાર્ય કરાવી શકાય છે. સાધન-સામગ્રી એકઠી કરવાનો સમય બચે છે. પ્રાયોગિક કાર્ય બાદ બાળકો તેના દ્રઢીકરણ હેતુ જાતે પ્રયોગ કરી શકે તે માટે ફ્રી તાસ કે રિસેસના સમય દરમિયાન તેનું આયોજન કરવામાં આવે છે. આ માટે વર્ગસંખ્યા આધારે ચાર થી પાંચ બાળકોનાં ગ્રુપ બનાવી જે તે પ્રયોગની કીટ આપવામાં આવે છે, જેથી તે બાળકો ગ્રુપમાં જાતે પ્રયોગ કરીને દ્રઢીકરણ કરી શકે.

બાળકોનું એકમ કસોટી કે સત્રાંત પરિક્ષામાં પૂછવામાં આવેલા પ્રયોગોનું બાળકોએ કેવી રીતે વર્ણન કરેલ છે, તેમજ સમગ્ર પ્રાયોગિક કાર્ય આધારિત મૌખિક પ્રશ્નોત્તરીને આધારે મૂલ્યાંકનકરવામાં આવે છે.આ નવતર પ્રયોગની શરૂઆત પહેલા ધો. 6 થી 8 નાં 20 ટકા જેટલા જ બાળકો પરીક્ષામાં જે તે પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન કરી શકતા હતા. જયારે આ નવતર પ્રયોગ બાદ 65 થી 70 ટકા બાળકો પ્રયોગનું યોગ્ય વર્ણન કરતાં થયા છે.


ગજેરા ચિરાગભાઈ દિલીપભાઈ

શ્રી જામબરવાળા પે સેન્ટર શાળા

Mo. 9574746303










**સ્ટોલ 24**

ઈનોવેટરનું નામ : જીકાદરા જયસુખભાઇ એલ. મોબાઈલ નંબર : 8200454521
શાળાનું નામ : શ્રી કન્યાશાળા – શાખપુર તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી



# નકામા પ્લાસ્ટીકનો જીવન વ્યવહારમાં સદુપયોગ

શાળાની આસપાસ અને ગામમાં જ્યાં ત્યાં નકામા પ્લાસ્ટીકના કાગળ, બોટલ, દોરી, બૂચ અને પટ્ટીઓ વેરાયેલી જોઇ. ગંદકી ફેલાયેલી જોઇ.

આ વેરાયેલી વેસ્ટ વસ્તુઓમાંથી " વેસ્ટમાંથી બેસ્ટ" બનાવવાનો વિચાર આવ્યો.આ નકામી વસ્તુઓમાંથી જીવન ઉપયોગી વસ્તુંઓ બનાવવા આચાર્યશ્રીનો અભિપ્રાય લઇને વર્ષની શરૂઆતથી જ બાળકોને આ બાબત અંગે જાગૃત કર્યા. ઉપરોકત દર્શાવ્યા મુજબની રદ્દી પ્લાસ્ટીકની નકામી વસ્તુઓ બાળકોને એકત્રિત કરવાનું કહેલ. ગામના દુકાનદારો પાસેથી પણ પ્લાસ્ટીકની બોટલ મેળવી સ્ટાફ પરીવારનો આ માટે બહોળો સહકાર રહ્યો હતો.

આ પ્રવૃતિ કાર્યાનુભવના પિરીયડમાં વર્ષની શરૂઆતથી જ વર્ગખંડમાં કરવામાં આવી હતી. જેમાં હું એક આદર્શ નમૂનો બનાવી આપતો. બાળકો આ નમૂના મુજબ ઘરેથી અથવા શાળા કક્ષાએ તૈયાર કરતા. વર્ગના બાળકોની આ પ્રવૃતિ જોઇ શાળાના તમામ બાળકો આ પ્રવૃતિ કરવા પ્રોત્સાહિત થયા.

આ પ્રવૃતિમાં અમે ખુરશી, સ્ટૂલ, નાઇટ લેમ્પ, છત્રીઓ, રેઇન કોટ, જળવાહક વાહન, જળાશય, તોરણ, ઝુમર, પેન સ્ટેન્ડ, ઘર, ફોટો ફ્રેમ વગેરેનું નિર્માણ કર્યું હતું. તેનો ઉપયોગ શાળા કક્ષાએ સુશોભન/અભ્યાસ માટે કરવામાં આવે છે. આ વસ્તુ નિર્માણ માટે વાલીગણનો પણ સારો એવો સહકાર મળ્યો છે.

આ પ્રવૃતિની શરૂઆતમાં બાળકો ઓછો કે નહીવત્ રસ દાખવતાં. પરંતુ આ પ્રવૃતિ શરૂ રહેતાં ખૂબ બહોળી સંખ્યામાં બાળકો રસ દાખવતાં થયાં.શાળા પરીવારે પણ રસ લઇને આ પ્રવૃતિ બાળકોના સહકારથી કરી અને સફળતાં મેળવી.

બાળકોએ રદ્દી પ્લાસ્ટીકમાંથી બનાવેલ વિવિધ નમૂનાઓનું નિદર્શન ગોઠવવામાં આવ્યું. સૌ પોતાની આગવી સૂઝબુજ મુજબ નમૂના બનાવી લાવતાં. સૌને રસ પડતો.

" AN EQUATION MEANS NOTHING TO ME UNLESS IT EXPRESSES A THOUGHT OF GOD "

જીકાદરા જયસુખભાઇ લાલજીભાઇ
શ્રી કન્યાશાળા – શાખપુર
**Mo** 8200454521















**સ્ટોલ 25**


ઈનોવેટરનું નામ : ચાવડા મનુબેન ડાયાભાઈ મોબાઈલ નંબર : 9909322270

શાળાનું નામ : શ્રી હજીરાધાર પ્રાથમિક શાળા તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી




# સહ અભ્યાસિક પ્રવૃત્તિ દ્વારા શિક્ષણકાર્ય

ધોરણ છઠ્ઠામાં આવતા બાળકોની વાંચન લેખન અને વર્ણ ઉચ્ચારણ ની કચા કચાશ અને ગુણોત્સવનું નીચું પરિણામ એ સમસ્યાના કારણે હું આ ઇનોવેશન કરવા પ્રેરાઇ

સત્ર આરંભે ધોરણ છઠ્ઠામાં આવતા બાળકોમાં કક્ષા સિદ્ધિમાં 50 ક્યારે આવતા મૂળાક્ષરોના લેખનથી શરૂ કરીને અનુલેખન શ્રુતલેખન સુલેખન વગેરે લેખનકાર્ય નિયમિત કરાવતી લેખન તપાસતી વાંચન અને અને ઉચ્ચારણમાં સ, શ,ષ,ચનું શબ્દ વાચન અને લેખન કરાવતી શિક્ષણકાર્ય દરમિયાન બાળકોને જુદી જુદી પોથીઓ પક્ષીપોથી,પ્રાણીપોથી, શાકભાજી, ફળ ફૂલોના નામ મરીમસાલાના નામ વગેરે ચિત્રો ચોંટાડીને તૈયાર કરાવતી,જેથી અંગ્રેજી, સંસ્કૃત, અને હિન્દી ભાષાનું શબ્દ ભંડોળ સહજતાથી આપ્યું. શૈક્ષણિક કાર્યક્રમો જેવા કે G-20, નિપુણ ભારત, મારી માટી મારો દેશ, નવભારત સાક્ષરતા કાર્યક્રમ, સ્વચ્છતા પખવાડિયું, વિશ્વ વસ્તી દિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ વગેરેની ઉજવણીમાં બાળકોને ઉત્સાહ પૂર્વક ભાગ લેવરાવતી.જેમાં નિબંધ લેખન, ચિત્રસ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા વગેરે સ્પર્ધાઓનુ આયોજન, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીઓમાં બાળકોને પ્રોત્સાહન મળે એ માટે 1 થી 3 નંબર આપીને પ્રોત્સાહિત કરુ અને નોટબુક, કલરબોક્ષ, પેન વગેરે વસ્તુઓ પારિતોષિક રૂપે આપું.

બાળકોએ કરેલી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ. બાળકો ઉત્સાહથી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રેરાયા બાળકોના લેખનમાં સુધારો જોવા મળ્યો. પ્રાર્થનાસભામાં મૌખિક અભિવ્યક્તિ કરી શકે છે. વિષય વસ્તુને સારી રીતે સમજી શકે છે. સમયાંતરે મને આ કાર્યનું સુંદર પરિણામ મળ્યું જેમાં બાળકોનીવાંચન લેખન અને ઉચ્ચારણની કચાસ દૂર થઈ શાળાના દરેક કાર્યક્રમની ઉજવણીમાં બાળકો ઉત્સાહભેર ભાગ લેતા થયા કલામહોત્સવ 2023 અંતર્ગત વિવિધ સ્પર્ધામાં બાળકોએ સીઆરસી અને તાલુકા કક્ષાએ શાળાને ગૌરવ અપાવ્યું નીપુણ ભારત અંતર્ગત નટવરલાલ ધોરણ આઠ વાર્તા સર્જન લેખનમાં પ્રથમ ક્રમાંકે રહ્યો મહોત્સવ 2023 24 માં મકવાણા જાનવી પ્રવીણભાઈ ધોરણ પાંચમું વાર્તા કથનમાં દ્વિતીય ક્રમાંકે રહી સંગીત અને ગાયનમાં કાન મિયા શ્રુતિ પ્રવીણભાઈ ધોરણ આઠ નું તૃતીયક્રમે રહી વર્ષ 20223 જ્ઞાન સાધના પરીક્ષામાં ત્રણ બાળકો ઉત્તીર્ણ થયા જેમાં ધ્રુવ કિશોરભાઈ સોલંકી એ મેરીટમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે વર્ષ 2021 22માં કાર્યાણી શ્વેત સીઆરસી કક્ષાએ આ પુસ્તક વાચક સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે રહેલ અને સોલંકી ધ્રુવ કિશોરભાઈ પુસ્તક વાચક સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમે રહેલ 2020 21 માં મકવાણા દૃષ્ટિ ભાવેશભાઈ ધોરણ આઠ પુસ્તક વાચક સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા રહેલ


ચાવડા મનુબેન ડાયાભાઈ

હજીરાધાર પ્રાથમિક શાળા

Mo. 9909322270


Happy
CHRISTMAS
Day






INDIA



સ્ટોલ 26


ઈનોવેટરનું નામ :સોલંકી દર્શનાબેન કાંતિલાલ મોબાઈલ નંબર : 9726246997

શાળાનું નામ : શ્રી ભાલવાવ પ્રાથમિક શાળા તાલુકો : લાઠી જિલ્લો : અમરેલી




# શૈક્ષણિક ઇ – મેગેઝીન " શાળા પ્રતિબિંબ "

દરેક સત્યનું એક પ્રતિબિંબ હોય છે.
મારા સત્યનું પ્રતિબિંબ 'શાળા પ્રતિબિંબ' છે."


શૈક્ષણિક ઇ-મેગેઝીન મારી શાળાના બાળકો ખૂબ સારી વાર્તા ઉખાણાં, કાવ્ય, જોક્સની રચના કરી શકતા ઘણી વાર તેમની રચના "બાલસૃષ્ટિ" મેગેઝીનમાં પણ મોકલવામાં આવતી પણ સમગ્ર ગુજરાતના બાળકોની ઘણી કૃતિઓ મળતી હોય ત્યારે મારી શાળાનાં બાળકોની રચના લાંબા સમયે એકાદ પ્રકાશિત થતી આ રીતે યોગ્ય પ્લેટફોર્મ ન મળવાને કારણે ઉદાસીનતા આવી જતી. તેમજ શાળામાં થતી બધી જ પ્રવૃતિઓથી વાલીઓ અને અન્ય શાળાના શિક્ષકો - વિદ્યાર્થીઓ અજાણ રહેતા.


તેથી રોજબરોજની પ્રવૃત્તિઓથી વાકેફ કરવાનાં હેતુથી સમગ્ર મહિનાની પ્રવૃત્તિઓનું એકત્રીકરણ કરી સંગ્રહકરવાનું નક્કી કરવામાં આવ્યું સૌ પહેલા જૂન મહિનામાં આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીની એક ટીમ બનાવી અને નક્કી કર્યું કે શૈક્ષણિક મેગેઝિનમાં શું- શું લઈ શકાય અને કેવું કેવું મૂકી શકાય? ત્યાર બાદ વિદ્યાર્થીઓને આ વાતની જાણ કરાઇ જેથી .વિદ્યાર્થી વિભાગમાંદરેક બાળક પોતાની ક્ષમતા મુજબ કાવ્ય, બાળવાર્તા ઉખાણાં ,જોક્સ , ચિત્રો સંકલિત કરી લાવતા શિક્ષકો દ્વારા સંકલિત લેખો તેમજ દર માસે થતી શાળાકીય પ્રવૃત્તિઓનુ સંકલન કરવામાં આવ્યું. જુલાઈ મહિનામાં શિક્ષકો અને બાળકોએ આપેલી કૃતિઓનું કલેક્શન કરી M.S.Wordમાં ઇ-મેગેઝીન તૈયાર કરવામાં આવ્યું. વિધિવત આ મેગેઝીનનું નામ આપવામાં આવ્યું "શાળા પ્રતિબિંબ". જે રાષ્ટ્રીય પર્વ ૧૫ મી ઓગષ્ટે ભાલવાવ ગામના શૈલેન્દ્રસિંહ ગોહિલ (મિકેનિકલ એન્જીનિયર-અમદાવાદ) અને પિયુષભાઇ માંગુકિયા (એડવોકેટ -સુરત સેશનકોર્ટ)ના હસ્તે વિમોચન કરવામાં આવ્યું. આ મેગેઝીન વિવિધ દ્વારા ppastahwગ્રુપમાં મોકલું છું. જેથી અન્ય શાળાના બાળકો પણ લાભ લઈ શકે. આ શૈક્ષણિક મેગેઝીન દર મહિનાની 1 તારીખે પ્રકાશિત કરવામાં આવે છે. આજ સુધીમાં 3 અંક તૈયાર કરેલ છે. આ મેગેઝીન મારી શાળામાં આજે પણ કાર્યરત છે.

મૂલ્યાંકનના ભાગરૂપે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમ કે ચિત્ર સ્પર્ધા, બાળગીત, બાળકાવ્ય, જોક્સ, ઉખાણા સ્પર્ધાનું આયોજન કરાયું. જિલ્લાના અને તાલુકાના અન્ય શિક્ષકો અને અન્ય શાળામાંથી ભાવ–પ્રતિભાવ મેળવવામાં આવ્યાં. જેથી ખ્યાલ આવે કે આ ઈ-મેગેઝિનનો અન્ય સ્કુલમાં પણ ઉપયોગ થઇ રહ્યોછે. વાલીઓનાં પણ પ્રતિભાવ ખૂબ સારા મળ્યાં.

મારા આ નવતર પ્રયોગથી બાળકોમાં જોડણીભૂલમાં સુધારો જોવા મળ્યો. બાળકોમાં અક્ષર સુધારણા પણ જોવા મળી. તેમનાં મૌલિક સર્જનવૃતિનો વિકાસ થયો. ગામનાં વાલીઓ શાળાની પ્રવૃતિથી માહિતગાર થયાં. શિક્ષકોએ સંકલિત કરેલા લેખો પરથી વિવિધ સ્પર્ધાત્મક જેમ કે પરીક્ષાઓની તૈયારી કરતાં થયાં.


સોલંકી દર્શનાબેન કાંતિલાલ
શ્રી ભાલવાવ પ્રાથમિક શાળા
Mo. 9726246997


ભાલવાવ પ્રાથમિક શાળાનું મુખપત્ર
શાળા પ્રતિબિંબ
(શૈક્ષણિક ઇ-મેગેઝિન)
મારી શાળા શ્રેષ્ઠ શાળા
વર્ષ: 1 અંક : 1 ઓગષ્ટ :2023
---• સંપાદક •---
શ્રી ભાલવાવ પ્રાથમિક શાળા
તા.લાઠી
જી.અમરેલી
પિન 365220
----• માર્ગદર્શક •----
જયભાઇ આર.દવે
•સંપાદક મંડળ•
દર્શનાબેન કે.સોલંકી
ભાવેશભાઈ આર.બલર
મનીષાબેન એમ.ખોખરીયા
સંપર્ક : 9426464861
e-mail:bhalvav.lathi@gmail.com


ભાલવાવ પ્રાથમિક શાળાનું મુખપત્ર
શાળા પ્રતિબિંબ
(શૈક્ષણિક ઇ-મેગેઝિન)
"જે સ્વર્ગથીએ વ્હાલી ....
અમને અમારી શાળા"
વર્ષ: 1 અંક : 2 સપ્ટેમ્બર :2023
---• સંપાદક •---
શ્રી ભાલવાવ પ્રાથમિક શાળા
તા.લાઠી
જી.અમરેલી
પિન 365220
----• માર્ગદર્શક •----
જયભાઇ આર.દવે
•સંપાદક મંડળ•
દર્શનાબેન કે.સોલંકી
ભાવેશભાઈ આર.બલર
મનીષાબેન એમ.ખોખરીયા
સ્વાતંત્ર્ય દિન વિશેષાંક
સંપર્ક : 9426464861
e-mail:bhalvav.lathi@gmail.com


ભાલવાવ પ્રાથમિક શાળાનું મુખપત્ર
શાળા પ્રતિબિંબ
"જે સ્વર્ગથીએ વ્હાલી ....
અમને અમારી શાળા"
(શૈક્ષણિક ઇ-મેગેઝિન)
વર્ષ: 1 અંક : 3 ઓક્ટોબર :2023
---• સંપાદક •---
શ્રી ભાલવાવ પ્રાથમિક શાળા
તા.લાઠી
જી.અમરેલી
પિન 365220
----• માર્ગદર્શક •----
જયભાઇ આર.દવે
•સંપાદક મંડળ•
દર્શનાબેન કે.સોલંકી
ભાવેશભાઈ આર.બલર
મનીષાબેન એમ.ખોખરીયા
સંપર્ક : 9426464861
e-mail:bhalvav.lathi@gmail.com








સર્વાંગી લક્ષ્યાંક
• બાળકોમાં સારા સ્વાસ્થ્ય અને સુખાકારીનું નિર્માણ
• બાળકોમાં અસરકારક રીતે સંવાદ કરવાની સમતાનું સર્જન





સ્ટોલ 27


ઈનોવેટરનું નામ : મકવાણા કૈલાસબેન જે. મોબાઈલ નંબર : 9913811414

શાળાનું નામ : શ્રી મા.અને ઉ.મા-શાળા નાનીકુંડળ તાલુકો : બાબરા જિલ્લો : અમરેલી




# ધ્યાનના માધ્યમથી મળેલ સિદ્ધિ.

"ગુરૂર બ્રહ્મા ગુરૂર વિષ્ણુ ગુરૂર દેવો મહેશ્વરાય,
ગુરૂર સાક્ષાત પર બ્રહ્મ તસમય શ્રી ગુરુવે નમઃ"

અમારી શાળામાં ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ના વર્ષનું બોર્ડ પરિણામ અનુક્રમે 16% અને 39% જેટલું હતું જે ખુબ જ નીચું હતું. જેના લીધે તે સમયે દર મહીને જિલ્લા કક્ષાએ થતી રીવ્યુ મિટીંગમાં પરિણામ સુધારણા પ્લાન આપવો પડતો જે કંટાળાજનક લાગતું. જેના લીધે પરિણામ સુધારણા માટે કાર્ય કઈ રીતે કરી શકાય કોરોના સમય દરમ્યાન થયેલ લોકડાઉન પછી બાળકોમાં અભ્યાસ પ્રત્યેનાં રસ રુચિનું પ્રમાણ નહીવત જોવા મળેલ તથા અમારા વિસ્તારમાં લોકડાઉન દરમિયાન ઓનલાઈન મોબાઈલ ગેમ્સ અને અન્ય મનોરંજક એપ્સને લીધે બાળકોમાં મોબાઈલનું વ્યસન જોવા મળેલ અને પરિણામે અભ્યાસ પ્રત્યેનાં વલણમાં ઘટાડો થયેલ.

આમારી શાળામાં વર્ષ ૨૦૧૭-૧૮માં માત્ર એક જ શિક્ષક તરીકે કાર્યભાર સંભાળવાનો થતા બાળકોમાં સ્વયંશિસ્ત વિકસે તે માટે સૌપ્રથમ ઓમકાર મંત્ર શું છે તેની સમજ આપવામાં આવી અને ઓમકાર મંત્રના માધ્યમથી પ્રાર્થના સમય દરમિયાન 10 મિનીટ ધ્યાન કરાવવાનું ચાલુ કર્યું જેના લીધે બાળકોને અભ્યાસ પ્રત્યે તેમજ અન્ય શાલેય પ્રવૃત્તિઓમાં રસ જાગ્યો. આ ઉપરાંત સમર્પણ ધ્યાન પરિવાર દ્વારા ધ્યાન અંગેનો શાળા કક્ષાએ સેમિનાર યોજવામાં આવ્યો. જેમના દ્વારા ધ્યાન એટલે શું? ધ્યાન કરવાથી શું ફાયદા થાય છે? ધ્યાન કેવી રીતે કરવું ? વગેરે વિષે સમજૂતી આપવામાં આવી અને શનિવારની પ્રાર્થનામાં તથા વર્ગખંડમાં બ્રેઈન સ્ટોર્મીંગ રમતો દ્વારા બાળકોના વિકાસ માટેના પ્રયાસ કરવામાં આવ્યા.

અમારી શાળામાં સૌપ્રથમ પ્રાર્થના અને વર્ગખંડ દરમ્યાન વિદ્યાર્થીઓનું અનૌપચારિક રીતે પ્રશ્નોત્તરી દ્વારા, શાળાને વિવિધ તબક્કે મળેલી સિધ્ધીઓ દ્વારા તેમજ ધોરણ- ૧૦ અને ધોરણ-૧૨નાં બોર્ડની પરીક્ષામાં મેળવેલ પરિણામ દ્વારા મૂલ્યાંકન થાય છે. વર્ષ ૨૦૧૮-૧૯માં અમરેલી જિલ્લાની તમામ સરકારી શાળાઓમાં અમે અમારી શાળાનું શ્રેષ્ઠ પરિણામ લાવી શક્યા. ત્યાર પછીના વર્ષમાં પણ આમારી શાળાનું પરિણામ શ્રેષ્ઠ આવેલું છે. આમારી શાળા રમતગમતમાં ખેલ મહાકુંભમા રાજ્ય કક્ષાએ ભાગ લઇ શકી. તેમજ જિલ્લા કક્ષાની મોટા ભાગની તમામ રમતોમાં પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરી શકી. સ્વામી વિવેકાનંદ પરીક્ષામાં પણ જિલ્લા કક્ષાએ બીજો ક્રમ પ્રાપ્ત કરેલ છે. ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી રાજ્યકક્ષાએ ભાગીદારી નોંધાવી શકી. આ ઉપરાંત RBI ક્વિઝમાં રાજ્ય કક્ષાએ બીજો ક્રમ પ્રાપ્ત કરી શકી. અને આ બધી સિદ્ધિઓ ધ્યાન દ્વારા બાળકોમાં થયેલ આધ્યાત્મિક ભાવનાનાં વિકાસ થકી શક્ય બની છે.


મકવાણા કૈલાસબેન જગદીશભાઈ

મા.અને ઉ.મા-શાળા નાની કુંડળ

Mo.9913811414

**સ્ટોલ 28**


ઈનોવેટરનું નામ : સુતરિયા નિધિબેન મહેશભાઈ મોબાઈલ નંબર : 9825542629

શાળાનું નામ : શ્રી વાવડી પ્રાથમિક શાળા તાલુકો : બાબરા જિલ્લો : અમરેલી




# मस्ती की पाठशाला

ડુંગર (રાજુલા) થી વાવડી (બાબરા) પ્રા.શાળામાં આંતરિક ફેરબદલી થતા વાવડી પ્રા.શાળામાં શિક્ષણકાર્ય કરવાની તક મળી. ત્યારે બાળકો સહ અભ્યાસિક પ્રવૃતિમાં રસ-રુચિ ઓછી, કઠિન બિંદુ સમજવામાં મુશ્કેલી, અમુક બાળકોમાં એકાગ્રતા, નિર્ણયશક્તિ, જિજ્ઞાસાવૃતિ, સર્જનશક્તિનો અભાવ જોવા મળ્યો.બાળકોમાં મોબાઈલનો વધું પડતો ઉપયોગ એવી વાલી ફરિયાદ હંમેશા રહેતી.

બાળકોને રોજ અવનવું કરવાનું ગમતું હોય છે. તેમને શિક્ષણ ભાર વગરનું લાગે તે માટે શાળામાં તથા વર્ગખંડમાં વિષય શિક્ષણની સાથે સાથે રમતો, બાળગીતો, અવનવી પ્રવૃતિ, ઉત્સવો, સ્પર્ધાઓ, ક્રાફ્ટ, આર્ટ વગેરે શીખવવામાં આવ્યું. વિવિધ રમતો જેમાં ગાણિતિક રમતો જેવી કે ગાણિતિક ચિહ્નોની પઝલ, રમો અને ગણોની રમત, કૌતુહલ પ્રેરક રમતો - પાણીમાં દડો તારે છે,એકાગ્રતાની રમત – ફૂગગાનું સંતુલન રાખવું,સંકેતો પર ચાલવામાં સંતુલન રાખવું, બૌધ્ધિક વિકાસ આધારિત પ્રવૃતિ – હાથની વિવિધ કસરતો,પગથી દડો લેવો, મૂલ્ય શિક્ષણ આધારિત પ્રવૃતિ – એકબીજાને મદદ કરવી, સુટેવ-કુટેવનો ડેમો વિડીયો, વાવડી સ્કૂલ બસ, કૌતુહલ પ્રેરક પ્રવૃતિઓ – જાદુઈ ચકરડી, રંગીન પાણી બનાવો, યૌગિક રમતો – અંગ કસરતો, અવલોકન આધારિત પ્રવૃતિ – દિવાસળીઓ ચિત્ર મુજબ ગોઠવો, રંગોની પઝલ વગેરે, ઈન્ડોર રમતો જેવી કે, માતૃવંદના, ઈસરોને સલામ, દડાનું એકત્રીકરણ, આઉટડોર રમતો – દડા પસાર, રંગોની ઓળખ દડાથી, જૂથની રમતો, વિષય આધારિત રમતો જેવી કે દિવાસળીમાંથી આકારો બનાવો, મૂલ્યશિક્ષણ આધારિત પ્રવૃતિ જેવી કે એકબીજાને મદદ કરવી, સુટેવ કુટેવનો વિડીયો શાળા કક્ષાએ **मस्ती की पाठशाला** ઈનોવેશન શરૂ કર્યું. પ્રવૃતિઓ અને રમતોની ઝલક વોટ્સએપ, ફેસબુક પેઇઝ,'પથદર્શક ઈ-મેગેઝીન નિધિબેન સુતરિયા ઉપર મૂકવામાં આવ્યું. જેનો લાભ શાળાના તમામ 112 બાળકો તથા અન્ય શાળાના શિક્ષકો તથા બાળકો લઈ રહ્યા છે. તમામ રમતો 4:30 કલાક બાદ રમાડવામાં આવે છે.

બાળકોમાં નવી ઊર્જાનો સંચાર થયો. તદ્દન ઓછું અને શરમાળ પ્રકૃતિના બાળકો દરેક પ્રવૃતિ, રમતો ઉત્સાહથી ભાગીદારી આપતા થયાં. બાળકોમાં ત્વરિત નિર્ણયશક્તિ, જિજ્ઞાસાવૃતિ, એકાગ્રતા, કૌતુહલવૃતિનો ઉતરોતર વધારો થતો જોવા મળ્યો. બાળકો ભાર વગરના ભણતરનો આનંદ માણવા લાગ્યાં. અન્ય શાળાઓ પણ આ પ્રવૃતિ અને રમતો અપનાવી તેની અમલવારી કરવા લાગ્યાં.


સુતરિયા નિધિબેન મહેશભાઈ

શ્રી વાવડી પ્રા.શાળા

Mo.9825542629


વાવડી પ્રાથમિક શાળા
નિધિબેન સુતરિયા


વાવડી પ્રાથમિક શાળા
INDIA
ISRO
ISRO




નિધિબેન સુતરિયા
વાવડી પ્રાથમિક શાળા


વાવડી પ્રાથમિક શાળા
નિધિબેન સુતરિયા

**સ્ટોલ 29**


ઈનોવેટરનું નામ : ત્રિવેદી ભાવેશકુમાર રસિકલાલ   મોબાઈલ નંબર : 9426126245

શાળાનું નામ : શ્રી બાંટવા દેવળી પ્રા. શાળા   તાલુકો : કુંકાવાવ   જિલ્લો : અમરેલી




# STUDENT PARLIAMENT THROUGH CHILD DEVELOPMENT AND VALUABLE EDUCATION

મારી શાળામાં શૈક્ષણીક, સહ અભ્યાસિક અને મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની ઓછી ભાગીદારી જોવા મળતી હતી. શાળાકીય શિસ્ત,બાળ આરોગ્ય અને રમત-ગમત જેવી બાબતોમાં વિદ્યાર્થીઓમાં અવ્યવસ્થા જોવા મળતી હતી. આમ બાળકના સર્વાંગી વિકાસાર્થે આ ઇનોવેશન આકાર પામ્યું.

બાળકના સર્વાંગી વિકાસ માટે શાળામાં ઘણા કાર્યો હોય છે. માત્ર શિક્ષકોજ શાળાના બધા કર્યો કરે તો સમય અને શક્તિના વ્યયની સાથે સાથે વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય પણ બગડે છે. પરંતુ જો સુંદર સુચારુ આયોજન અને શિક્ષકના યોગ્ય માર્ગદર્શન થકી આ કાર્યો જો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે તો ચોક્કસ બાળ વિકાસ કરી શકાશે આ માટે અમારી શાળા શ્રી બાંટવાદેવળી પ્રા. શાળામાં 11 જેટલી સમિતિઓની રચના કરવામાં આવેલ છે .જે નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| 1 | પ્રાર્થના સમિતિ | 7 | સાંસ્કૃતિક સમિતિ |
| 2 | શિક્ષણ સમિતિ | 8 | પુસ્તકાલય સમિતિ |
| 3 | પાણી-પર્યાવરણ સમિતિ | 9 | બાલહાટ સમિતિ |
| 4 | સફાઈ અને આરોગ્ય સમિતિ | 10 | SCHOOL POLICE |
| 5 | મધ્યાહ્ન ભોજન સમિતિ | 11 | CLASS MANAGEMENT COMMITTEE |
| 6 | રમત-ગમત સમિતિ | | |

આ સમિતિઓમાં બાળસંસની ચૂંટણીપ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓની મંત્રી અને ઉપમંત્રી તરીકે વરણી કરવામાં આવે છે. મંત્રી અને ઉપમંત્રી પોતાની સમિતિના કાર્યો કરવા માટે શાળાના વિદ્યાર્થીઓને સભ્યતરીકે સમિતિમાં લેછે આ દરેક સમિતિઓમાં શાળાના એક-એક શિક્ષકશ્રીને માર્ગદર્શકની ભૂમિકા સોંપવામાં આવે છે. આમ સમિતિની સંપૂર્ણ રચના પછી દરેક સમિતિને પોતાના કાર્યો કરવા માટે માર્ગદર્શકની સાથે રાખી તાલીમ આપવામાં આવેછે. દરેક સમિતિ પોતાના નિશ્ચિત કરેલા કાર્યો અને નિયમો સાથે કાર્ય કરે છે. દર અઠવાડિયે સમિતિએ કરેલા કાર્યોની સમીક્ષા કરવામાં આવે છે. શાળા ઉપયોગી કાર્ય કરનાર વિદ્યાર્થીને વાઈટ સ્ટાર અને સમિતિના કાર્યોમાં વિઘ્ન કરનાર કે પોતાનું કાર્ય યોગ્યરીતે ન કરનાર વિદ્યાર્થીને સમિતિમાં સ્થગિત કરવામાં આવે છે. અથવા સમિતિમાંથી દૂર કરવામાં આવે છે. સમિતિની મિટિંગમાં નવો લક્ષ્યાંક નક્કી કરવામાં આવે છે. સમિતિના સભ્યોની ફેરબદલ થાય કે નવા સભ્યનો ઉમેરો થાય તો તેની કાર્યવાહી નોંધમાં શાળાના મુખ્ય મંત્રી દ્વારા નોંધ કરવામાં આવે છે. આવી રીતે વિદ્યાર્થીઓ શાળા વિકાસના કાર્યોમાં ભાગીદાર બને છે.

અઠવાડિક મિટિંગમાં માર્ગદર્શક શિક્ષકશ્રી અનૌપચારિક રીતે મૂલ્યાંકન કરે છે. આ રીતે કાર્ય કરવાથી વિદ્યાર્થીઓમાં સ્વયંશિસ્તની ખીલવણી થાય છે. વિદ્યાર્થીઓ શાળા વિકાસના કાર્યોમાં પોતાના નિર્ણયોથી વ્યવસ્થાપન કરે છે. તેથી તેમનો આત્મવિશ્વાસ વધે છે. અને શાળા પ્રત્યે પોતિકાપણાનો ભાવ જાગે છે.


ત્રિવેદી ભાવેશકુમાર રસિકલાલ

**શ્રી બાંટવા દેવળી પ્રા. શાળા**

**Mo 9426126245**

















સ્ટોલ 30


ઈનોવેટરનું નામ : ઠુંબર અંકિતાબેન જી.  મોબાઈલ નંબર : 8238047378

શાળાનું નામ : શ્રી બ્રાંચ શાળા નં- 2  તાલુકો : સાવરકુંડલા  જિલ્લો : અમરેલી




## શિક્ષણથી સ્વનિર્ભરતા (AnkisArt )

સામાન્ય રીતે સરકારી પ્રાથમિક શાળાના બાળકોનાપરિવારની આર્થિક સ્થિતિ મધ્યમ હોય છે. આપણા પ્રધાનમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી બાળકોમાં શિક્ષણની સાથે સ્કીલનો પણ વિકાસ થાય એ વાત પર વધુ ભાર મુકે છે.પરંતુ મોટાભાગે એવું જોવા મળે છે કે અભ્યાસક્રમ પૂરો કરવામાં કલા અને સ્કીલને નજર અંદાજ કરવામાં આવે છે.જેના ફળ સ્વરૂપ વિદ્યાર્થીઓ અભ્યાસ તો પૂર્ણ કરે છે પરંતુ એ અભ્યાસને આવકમાં રૂપાંતરિત કરી શકતો નથી અને શિક્ષિત બેરોજગારીની સમસ્યા ઉદ્ભવે છે જે આ 21મી સદીનો સૌથી મોટો પડકાર છે.

આ નવતર પ્રયોગ કરવા માટે અમારી શાળામાં એક "Craft Corner" ની રચના કરવામાં આવી. આ ક્રાફ્ટ કોર્નરમાં અઠવાડિયામાં બે તાસ કલા અને સ્કીલ ડેવલોપમેન્ટના ગોઠવવામાં આવે છે.10 DaysBagless તથા ક્રાફ્ટ કોર્નર અંતર્ગત કન્યાઓને સીવણ,પેપર ક્રાફ્ટ,લીપણ આર્ટ,તોરણ,ભરતકામ , માટી કામ,જ્વેલરી મેકિંગ વેસ્ટમાંથી બેસ્ટ જેવું ક્રાફ્ટને લગતું કામ કન્યાઓને શીખવવામાં આવે છે.આ craftના વિડીઓ બનાવી "Ankis Art" નામની "YouTube" ચેનલમાંમાં વિડીઓ શેર કરીએ છીએ અને વિદ્યાર્થીના ગ્રુપમાં તેમજ કન્યાઓ ધરાવતી શાળાઓમાં શેર કરીએ છીએ .

આ કલાનો ઉપયોગ કન્યાઓ પોતાની રીતે આર્થિક પગભર થવા માટે કરે છે.જયારે કન્યાઓ ધોરણ 8નો અભ્યાસ પૂરો કરી આ શાળામાંથી વિદાઈ થશે ત્યારે માત્ર એની પાસે ધોરણ 8 પાસ એવી માર્કશીટ જ નહી હોય પરંતુ એ માર્કશીટની સાથે સાથે એક આવકનું સાધન પણ હશે જેના ઉપયોગથી આ કન્યાઓ પોતાનો આગળનો અભ્યાસ પૂરો કરી શકશે અને પરિવારને આર્થિક મદદ કરી શકશે.

આ સાથે જે કલાકૃતિનું નિર્માણ કન્યાઓ દ્વારા કરવામાં આવે છે તેનું પ્રદર્શન અને વેચાણ અવાર નવાર યોજાનારા શાળાના કાર્યક્મો અને વાલી મીટીંગમાં કરવામાં આવે છે.સુખી સંપન ગ્રામજનો અને વાલીઓ પોતાની ઈચ્છા અનુસાર આ કલાકૃતિઓની ખરીદી કરે છે.જેમાંથી જે ધનરાશી પ્રાપ્ત થાય છે એ કન્યાઓના વિકાસ અર્થે વાપરવામાં આવે છે.આ નવતર પ્રયોગ પહેલા એક મૌખિક સર્વે કરવામાં આવ્યો .જેમાં માત્ર 2% કન્યાઓ આર્ટસ અને ક્રાફ્ટનું જ્ઞાન ધરાવતી હતી. અને આ જ્ઞાન પણ દિશાહીન હતું.હાલમાં કુલ 32% કન્યાઓ આર્ટસ અને ક્રાફ્ટમાં રસ દાખવે છે તથા કન્યાઓનું આજ સુધીની આવક (2-મહિનાની ) 630 રૂપિયા થઇ છે.

અમારો હજી પણ એવો પ્રયત્ન છે કે અમે શાળા કક્ષાએ નાનો ગૃહઉદ્યોગ ચાલુ કરીએ અને આ પ્રવૃતિનો લાભ વિદ્યાર્થીઓ તથા જે વિદ્યાર્થીઓ અગાઉ આ સ્કુલમાં અભ્યાસ કરેલ છે તે અને ગ્રામજનો અને માતાઓ લઇ શકે.


ઠુંબર અંકિતાબેન જી.

બ્રાંચ શાળા નં- 2

Mo. 8238047378

**સ્ટોલ 31**


ઈનોવેટરનું નામ : ચાવડા પરેશકુમાર મોહનભાઈ મોબાઈલ નંબર : 9426651698

શાળાનું નામ : શ્રી મોટા મુંજીયાસર પ્રા. શાળા. તાલુકો : બગસરા. જિલ્લો : અમરેલી




# હું ગુજરાત છું

શ્રી મોટા મુંજીયાસર શાળા એટલે વિદ્યાર્થીઓ માટે નીતનવી પ્રવૃતિ શોધીને તેના માટે વધારેમાં વધારે જ્ઞાનની ક્ષિતિજોને ખોલતી શાળા. આ શાળા એટલે તમામની મનગમતી શાળા નાના-મોટા તમામ આ શાળા સાથે હૂંફની લાગણી ધરાવે, પરિવારની ભાવનાથી કામ કરતી શાળા, આ શાળામાં ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન દસમાં વર્ષે અમારી શાળાનું ૮ મુ ઇનોવેશન આપની સમક્ષ મુકતા અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ. ચાલો જોઈએ આ વર્ષનું મહ્ત્વનું ઇનોવેશન.

'હુ ગુજરાત છું.' પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીની જાણકારી વધે તે માટે રાજ્યની વિવિધ માહિતી અલગ કરી એકત્ર કરવામાં આવી તેમાં શબ્દ સમાન, રૂઢિપ્રયોગ, ગુજરાતનું વિશેષ સ્થળ, ગુજરાતના વ્યક્તિ વિશેષ, ગુજરાત વિશેષ પ્રશ્નો, અને ગુજરાતની ઐતિહાસિક ઘટના જેવા મુદ્દાઓનું સંકલન કરીને માહિતી એકત્ર કરવામાં આવી ત્યારબાદ તેને ભૂલ રહિત છાપવા માટે કમ્પ્યુટર ઓપરેટર પાસે ટાઈપ કરવા આપી, તેમની પાસે યોગ્ય સાઈઝમાં પેઇઝ તૈયાર કરાવી, તેના પર વિવિધ શાળાઓના નામ સાથે માસ્ટર ફાઈલ તૈયાર કરવામાં આવી, તમામ અલગ ફાઈલ બનાવવાની હોવાથી સામાન્ય ખર્ચ પ્રતિ દિવસ ૧.૫૦ પૈસા જે તે શાળા ચૂકવશે તેવું નક્કી કરવામાં આવ્યું. દર માસે આ ફાઈલ પી.ડી.એફ. સ્વરૂપે જે તે શાળાના જવાબદાર શિક્ષકશ્રીને આપવામાં આવે છે, માસના અંતે જે શાળા ઈચ્છે તો શાળા કમ્પ્યુટર બેઇઝ ટેસ્ટ પણ લઇ શકે જે વિદ્યાર્થીના દ્રઢીકરણ માટે છે. આમ આ પ્રોજેક્ટનું અમલીકરણ કરી શકાય છે. જે સમાન્ય ખર્ચમાં વિદ્યાર્થીને સારામાં સારું સાહિત્ય તૈયાર કરી આપવામાં આવે છે, આ પ્રોજેક્ટ શાળા કક્ષાએ કોઇપણ શાળા અમલ કરી શકે અને પોતાનો અલગથી પ્રોજેક્ટ પણ અમલી બનાવી શકે.

આગામી સમયમાં વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનની કમી ન રહે તે માટે આમે વિવિધ પ્રકલ્પો પ્રારંભ કરીશું અને શિક્ષણ જગતમાં અમારા નાનકડા પ્રયત્નને બાલદેવોની સેવામાં સમર્પિત કરીશું.....


ચાવડા પરેશકુમાર મોહનભાઈ

શ્રી મોટા મુંજીયાસર પ્રાથમિક શાળા.

Mo. ૯૪૨૬૬ ૫૧૬૯૮

**સ્ટૉલ 32**


ઈનોવેટરનું નામ : ચૌહાણ મનીષાબેન એ. મોબાઈલ નંબર : 9925548788

શાળાનું નામ : શ્રી પાણિયા પ્રાથમિક શાળા. તાલુકો : અમરેલી જિલ્લો : અમરેલી




# મોબાઈલનો સદ્ઉપયોગ વેસ્ટમાંથી બેસ્ટ

“ વેસ્ટ વસ્તુને બાળક કરે નવી નકોર,
બનાવે નિતનવા ઉપકરણ આજ ”


અમરેલીથી પશ્ચિમ દિશામાં આવેલું બગસરા રોડ પરનું કલુબાઈનાં પાણિયાથી ઓળખાતું ગામ એટલે પાણીદાર ‘પાણિયા’. એપ્રિલ માસમાં એક - બે વાલીઓને મળવાનું થયું . વાલીઓદ્વારા જાણવા મળ્યું કે વેકેશન પડતાં જ બાળકો મોબાઈલનો ખુબ ઉપયોગ કરશે.આ બાળકોને પ્રશ્નો પૂછી જાણ્યું કે મોબાઈલમાં શું વધુ જોવો છો? ૬૦ % બાળકો મોબાઈલમાં ગેમ રમતા હતાં.૨૦%બાળકો ફિલ્મ જોતા હતાં.૨૦% બાળકો રમુજી વિડીઓ તેમજ ગીત સાંભળતા હતાં, તેથી જ વિચાર આવ્યો કે બાળકો વેકેશનમાં મોબાઈલનો સદ્દઉપયોગ કરે તે માટે નવું કઇંક કરવું.

આ માટે મેં નજીકમાં રહેતા વિદ્યાર્થીઓના ગ્રુપ બનાવ્યાં અને તેમને કાર્ય સોપવામાં આવ્યું કેયુ-ટ્યુબ પરથી વેસ્ટમાંથી બેસ્ટ બનાવેલ વસ્તુના વિડીઓ જોવા અને તમને ગમતી વસ્તુ બનાવવી.બાળકો વિડીઓ મને જોવા મોકલતા કે આ બનાવી શકાય? ત્યાર બાદ બીજા દિવસે બાળકોને જરૂરીયાત મુજબની વસ્તુ આપવામાં આવતી. ક્યારેક તેઓ લઈ પણ આવતા,ક્યારેક ગ્રામ્ય કારીગરો જેવાકે દરજી, લુહાર,સુથારની પણ મદદ લેતા. તેમજ વેસ્ટ કપડાંના ટુકડાં,નાડાછડી,પિસ્તાના ફોતરાં, પ્લાસ્ટિક બોટલ, પૂંઠા, ગુંદર,લેસપટ્ટી, કોકડી, પસ્તીના કાગળ,છીપલાં, ઉન વગેરે આપવામાં આવતાં.

- ✓ આ સર્જનાત્મક પ્રવૃત્તિ ઘરે અનેશાળાએ બાળકો રિસેસના સમયમાં વેસ્ટમાંથીબેસ્ટવસ્તુના નમુના બનાવતા.
- ✓ ગ્રુપમાં બેસી કાર્ય કરતા અને સહકારની ભાવનાથી તેમજ તેમના વિચારોને અમલમાં મૂકતા.
- ✓ આ પ્રવૃતિમાં તેમણે અંદાજે ૨૦થી વધારે નમૂના બનાવ્યા છે. જેમકે નાડાછડી માંથી ગણપતિ ,વેસ્ટ કપડાંના ટુકડાંમાંથી વોલપીસ, ગુલ્ફી સ્ટીકમાંથી ફૂલદાની વગેરે...

યુ ટ્યુબ માંથી જોયા વગર જાતે પોતાની સૂઝથી નમૂના બનાવતાં શીખ્યાં .સર્જનાત્મક પ્રવૃત્તિ જે ગેમ રમતા હતાં, ફિલ્મ જોતા.બીજા વિડીઓ કે ગીત સાંભળતા હતાં તેમાંથી આ ઇનોવેશનથી ૭૦%બાળકો આ સર્જનાત્મક પ્રવૃત્તિમાં જોડાય ગયા.એકબીજાને શીખડાવવાથીવિદ્યાર્થીઓમાં સમૂહભાવનાનો વિકાસ થયો. બાળકો પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતાં શીખ્યા.NEP ૧૦ બેગલેસ ડે, લાઈફ સ્કીલમેળો,કલા મહાકુંભમાં પણ સર્જનાત્મક પ્રવૃતિને મહત્વ આપવામાં આવતાં તે પણ સાર્થક થતું જોવા મળ્યું.


ચૌહાણ મનીષાબેન અરવિંદભાઇ
શ્રી પાણિયા પ્રાથમિક શાળા.
Mo. 9925548788








**સ્ટોલ 33**


ઈનોવેટરનું નામ : કરકર માધવી કનુભાઈ    મોબાઈલ નંબર : 9624028143

શાળાનું નામ : શ્રી ઠવી પ્રાથમિક શાળા    તાલુકો : સાવારકુંડલા    જિલ્લો : અમરેલી




# લાઈબ્રેરી વિધાર્થીને દ્વાર

સાવરકુંડલાનું ઠવી ગામ તેની આંબાની કલમોને કારણે પ્રખ્યાત છે. આ ગામની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી અભણ અને ગરીબ વાલીઓ, વાંચનમાં રસ પડે તેવા વાતાવરણનો અભાવ, ઈતર વાંચન માટેની પ્રેરણાનો અભાવ, મોબાઈલ અને ટીવીમાં બાળકો વધારે રસ લે છે.આથી બાળકોનો વાંચનમાં અને લાઈબ્રેરી પ્રત્યેનો રસ ઘટ્યો છે. આથી મેં 'લાઈબ્રેરી વિદ્યાર્થીને દ્વાર' એવો પ્રયોગ હાથ ધર્યો છે.

વિદ્યાર્થીઓ લાઈબ્રેરીનો અસરકારક ઉપયોગ કરતા થાય તેમાટે તબક્કાવાર આપ્રમાણે પ્રયોગ કર્યો.

- **લાઈબ્રેરી તાસ:** ફ્રીતાસમાં બાળકોને લાઈબ્રેરીમાંથી 35 મિનીટ માટે એક પુસ્તક વાંચવા આપવામાં આવ્યું. છેલ્લી પાંચ મીનીટમાં તેના વિશે અનૌપચારિક રીતે પૂછ્યું અને પછી લખવા જણાવ્યું તો બાળકો ઠીક ઠીક બોલી શક્યા અને લખી શક્યા.પછીમે પુસ્તક પરિચય કેવી રીતે લખવો અને રજુ કરવો તેનું માર્ગદર્શન આપ્યું.બીજા તાસમાં ફરી લખવા જણાવ્યું.આ રીતે ધીમે ધીમે પુસ્તક પરિચય લખતા અને રજુ કરતા થયા.
- **પુસ્તક મેળો:** શાળામાં પુસ્તક મેળો યોજવામાં આવ્યો.જેમાં દરેક બાળકે રૂબરૂ અનેક પુસ્તકો જોયા,પાનાં ફેરવીને તેનું અવલોકન કર્યું. દરેકે મનપસંદ પુસ્તક પસંદ કર્યું. વાંચવા ઘરે લઇ ગયા.મહિનાના અંતે નિયત ફોર્મેટમાં પુસ્તક પરિચય લખ્યો.આ રીતે દર મહીને પુસ્તક મેળો યોજવામાં આવે છે.વાંચેલ પુસ્તકોનો દરેક વિદ્યાર્થી વાઈઝ રેકોર્ડ રાખવામાં આવે છે.પુસ્તક મેળોએ આ પ્રયોગનું આકર્ષણનું કેન્દ્ર છે. મહિનાનાં અંતે તો વિદ્યાર્થીઓ પુસ્તક મેળાની રાહ જોઈને બેઠા હોઈ છે.અને નવા નવા પુસ્તકો જોવા અને વાંચવા ઉત્સુક હોઈ છે.
  - **પ્રાર્થનાસભામાં પુસ્તક પરિચાય:** વિદ્યાર્થીએ આખું પુસ્તક વાંચી લીધા પછી પ્રાર્થના સભામાં પોતે વાંચેલ પુસ્તક પરિચય રજુ કર્યું. હાલમાં દરરોજ પ્રાર્થના સભામાં એક વિદ્યાર્થી એક પુસ્તક પરિચય રજુ કરે છે.

વિદ્યાર્થીએ લખેલા અથવા પ્રાર્થના સભામાં રજુ કરેલા અહેવાલ પરથી અથવા અનૌપચારિક રીતે રજુ કરેલા અભિપ્રાય પરથી તારવવામાં આવ્યું કે વિદ્યાર્થીઓની કથન અભિવ્યક્તિ અને લેખનશૈલીમાં વધારો થયો છે. વિદ્યાર્થીઓ લાઈબ્રેરી પ્રત્યે રસ ધરાવતા, લાઈબ્રેરીનો અસરકારક ઉપયોગ કરતા અને પુસ્તકો વાંચતા થયાછે. બાળકો સારા વાંચક બન્યાછે. આ પ્રયોગ ' વાંચે ગુજરાત અભિયાન'નું લઘુ સ્વરૂપ ગણાય છે. આ પ્રયોગ ધો-6 થી 8 નાં વિદ્યાર્થીઓમાં કરેલ છે. કોઈ પણ ધોરણમાં અને કોઈ પણ શાળામાં આ પ્રયોગનો અમલ કરી શકાય. હાલમાં આ પ્રયોગ શરુ છે.


કરકર માધવી કનુભાઈ

શ્રી ઠવી પ્રાથમિક શાળા

**Mo** 9624028143








સ્ટોલ 34

ઈનોવેટરનું નામ : ત્રિવેદી મેહુલકુમાર દિલીપભાઇ મોબાઈલ નંબર :9427434956
શાળાનું નામ :શ્રી ગાધકડા પે સેન્ટર શાળા તાલુકો : સાવરકુંડલા જિલ્લો : અમરેલી



# માય પરફોર્મિંગ આર્ટ ક્લબ

કોરોના મહામારી દરમિયાન વિદ્યાર્થીઓ ઘરે પ્રવૃત્તિશીલ રહે એ હેતુથી આ કાર્યની શરૂઆત કરેલ તે દરમિયાન ધ્યાનમાં આવ્યું શાળામાં વિદ્યાર્થીઓમાં કલા પ્રત્યેની રુચિ ખૂબ જ ઓછી જોવા મળતી હતી. તે વાતને ધ્યાને લઈ શાળામાં સૌપ્રથમ ફક્ત ડ્રોઈંગ ક્લબની શરૂઆત કરી સંગીતના સાધનો કઢંગી રીતે વગાડતા અને સુરના જ્ઞાનનો અભાવ હતો. સંગીતના સારા વાદ્યો સાધનોની ઘટ હતી. ચિત્રના નામે છાપકામ કરતાં વિદ્યાર્થીઓ અને શિક્ષક સંગીત જાણતા ન હતા. શાળાના સમય દરમિયાન સંગીત શીખવવું અશક્ય હતું કારણ શાળા ની ઇમારત ચાર બાજુએથી બંધ છે.

સૌ પ્રથમ આ ક્લબમાં જોડાવું એ સંપૂર્ણ સ્વૈચ્છિક છે. જે કોઈ વિદ્યાર્થીઓ એ જોડાવું હોય તેમણે ચિત્ર દોરીને અથવા તો ગીત ગાયને અથવા સર્જનાત્મક વસ્તુ બનાવીને બતાવવું પડે છે. ત્યારબાદ તેમની પસંદગી કરવામાં આવી. અમારી ક્લબમાં જોડાયા બાદ તેમને શાળા તરફથી એક કીટ આપવામાં આવે છે. જેમાં ચિત્રને લગતી વસ્તુઓ હોય છે. ત્યારબાદ તે વિદ્યાર્થીને પેન્સિલ વર્ક શીખવવામાં આવે છે. જેમ જેમ તેના વર્કમાં સુધારો થતો જાય તેમ તેમ તેમને પેન્સિલ કલર, વેક્સ કલર, વોટર કલર, પોસ્ટર કલર, ગ્લાસ પેઇન્ટિંગ કલર, કામ કરતાં શીખવવામાં આવે છે. તેમને ચિત્રની વિવિધ શૈલીઓ શીખવવામાં આવે છે. આ ક્લબના સંગીત વર્ગમાં પાંચ જોડી તબલા, ત્રણ કીબોર્ડ ,બે હાર્મોનિયમછે. જેમાં વિદ્યાર્થીઓની પસંદગી મુજબ વાદ્યો શીખવવામાં આવે છે. સાથે વિદ્યાર્થીઓને ફક્ત શાસ્ત્રીય સંગીત શીખવવામાં આવે છે. સંગીત શીખવવા માટે એક સંગીત વિશારદ શિક્ષક રાખવામાં આવેલ છે. જે શાળા સમય પહેલા સંગીતના વર્ગ લેવા આવેછે. સંગીત વર્ગનો સમય શાળા સમય પહેલા સવારે 07;00 થી 09;00 રાખેલછે. આ સંગીત શિક્ષક યસભાઈ વાડોદરિયાને એક વિદ્યાર્થીની ફી 400 રૂપિયા લેખે રૂપિયા 8000નો પગાર આચાર્યશ્રી પોતાના સ્વખર્ચે આપે છે. સંગીતમાં વિદ્યાર્થીઓને જુદી જુદી સ્પર્ધાઓ માટે અને પરીક્ષા માટે તૈયાર કરવામાં પણ આવેછે. વિદ્યાર્થીઓ પ્રાર્થના સભામાં પોતે શીખેલું સંગીતનું જ્ઞાનનું પ્રદર્શન દર શનિવારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સમક્ષ કરેછે

વિદ્યાર્થીઓમાટે શાળામાં આંતરિક સ્પર્ધાનું આયોજન કરી મૂલ્યાંકન કરવું તેમજ કલાઉત્સવ કલા મહાકુંભ સંગીત એકાદમી દ્વારા લેવાતી પરીક્ષા અને સ્પર્ધામાં ભાગ લેવડાવામાં આવે છે રંગોત્સવ ચિત્ર પરીક્ષા, ચિત્રોની જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લેવડાવો. અન્ય સંગીત શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાનની ચકાસણી કરાવવા**મા આવે છે**

આ નવતર પ્રયોગ ધોરણ ૫ થી ૮ ના બાળકો જેમને કલામાં રસ રુચિ હોય તે વિદ્યાર્થીઓની કલા બહાર આવે છે અને ભાવિક કલાકાર થવાનું એક પ્લેટફોર્મ મળેછે જેમાં ફક્ત 13 વિદ્યાર્થીઓ સભ્ય હતા. જે આજે વધીને 76 વિદ્યાર્થીઓ અમારી ક્લબના સભ્યછે. જેમાં શાસ્ત્રીય સંગીતમાં 24 વિદ્યાર્થીઓ અને ચિત્ર અને સર્જનાત્મકમાં 52 વિદ્યાર્થીઓ છે.

ત્રિવેદી મેહુલકુમાર દિલીપભાઇ
શ્રી ગાધકડા પે સેન્ટર શાળા
**Mo.** 9427434956






INDIA
G20



સ્ટોલ 35


ઈનોવેટરનું નામ : સોજીત્રા દયાબેન સમજુભાઇ  મોબાઈલ નંબર : 8153987599

શાળાનું નામ : શ્રી અમરાપુર પ્લોટ શાળા  તાલુકો : કુંકાવાવ  જિલ્લો : અમરેલી




# આકાશને આંબતા મેઘ ધનુષ્યો

આજ સ્પર્ધાત્મક પરીક્ષા દેશું અમે;
ઉચી આસમાની ઉડાન ભરીશું અમે ...... દયા સોજીત્રા

સંત સૂરા અને શૂરવિરોની ભૂમિ એટલે મારા અમરાપુરની ભૂમિ, જ્યાં હું ઘણા સમયથી વિદ્યાદાન આપું છુ. શરૂઆતમાં મારી શાળામાં બાળકોને શિક્ષણની સાથે સહ- અભ્યાસિક પ્રવૃત્તિઓને ઓછો વેગ મળતો બાહ્ય સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગીદારીતાનો અભાવ જોવા મળતો. તેમજ શાળા સમય પેહલા બાળકો 10:30 કલાકે આવી દોડા-દોડી કરતા આ મુખ્ય સમસ્યા હતી.

કહેવાય છે કે 'મન હોય તો માળવે જવાય.' આ શબ્દો ને સાર્થક કરવા આ સહ અભ્યાસિક વર્ગના શ્રી ગણેશ કયા. આ વર્ગ અઠવાડિયામાં ત્રણ દિવસ લેવામાં આવતો, એ પણ શાળા સમય પહેલા જેથી ચાલુ સમયમાં અભ્યાસક્રમને ખલેલ ન પહોચે.

સૌપ્રથમ આ વર્ગમાં 30 થી 40 બાળકો જોડાયા અત્યારે 60 થી 70 બાળકો જોડાઈને વર્ગને સ્વર્ગ બનાવી રહ્યા છે. આ વર્ગમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની માહિતી તૈયારી કરાવવામાં આવતી. જેમાં ધોરણ 5 થી 8 ના બાળકોને લાભ મળ્યો આ સહઅભ્યાસિક વર્ગમાં TLM પ્રોજેક્ટવર્ક અને જ્ઞાનકુંજના માધ્યમથી ઘણી માહિતી સાથે NMMS, જ્ઞાન સાધના, નવોદય, સંસ્કૃતગૌરવ પરીક્ષા, કલાઉત્સવ, આઝાદી કા અમૃત મહોત્સવ, પુસ્તક સમિક્ષા, શિષ્યવૃત્તિ પરીક્ષા, નિપૂર્ણ ભારત, ચિત્ર, સંગીત, ગાયન-વાદન, બાળ કવિતા, ઓનલાઈન ટેસ્ટ, ppબનાવવી, એકભારત શ્રેષ્ઠ ભારત, મેરી માટી મેરા દેશ, હર ઘર તિરંગા, ગરબા, સ્થાનિક પર્વની ઉજવણી, જન્માષ્ટમી, રક્ષાબંધન, વેશભૂષા જેવી ઘણી બધી સ્પર્ધાઓની તૈયારી વિવિધ અંકોના માધ્યમોથી કરાવવામાં આવતી.

આજે ફલશ્રુતિ રૂપે મારી શાળાના બાળકો 2018 થી તાલુકા, જિલ્લા, ઝોન અને રાજ્યકક્ષાએ પ્રતિનિધિત્વ કરી તેમજ ઘણા બાળકો વિવિધ સ્પર્ધાઓમાં પાસ થઈને મેરીટમાં સ્થાન પામ્યા છે, આનું અનુકરણ બીજા જિલ્લામાં પણ કરી રહ્યા છે. જ્ઞાન સાધનામાં 13 બાળકોમાંથી 7 બાળકો મેરીટમાં પસંદ થયા. **NMMS** NMMSમાં 70 બાળકોમાંથી 60 પાસ થયા અને 6 મેરીટમાં આવ્યા,LINE **ONLINE** ક્વિઝમાં 80 બાળકો જોડાયા, સંસ્કૃત ગૌરવ પરિક્ષામાં 18 બાળકો 90% ઉપર ગુણ મેળવ્યા, કલા ઉત્સવમાં 2 બાળકો રાજ્ય કક્ષાએ પહોચ્યા. આ વર્ષે કલા ઉત્સવમાં કાવ્યલેખન, સંગીત વાદન અને વાર્તા કથનમાં પ્રથમ સ્થાન, ચિત્રમાં બીજું, વાર્તાલેખનમાં ત્રીજું અને તાલુકા લેવલે કાવ્ય લેખનમાં પ્રથમ આવી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. વિજ્ઞાન પ્રદર્શનમાં અમારી બે કૃતિઓ પ્રથમ આવી અને શાળાનું ગૌરવ વધારેલ છે.

ભરી આશા આખોમાં અમે આવ્યા શાળામાં ,
તારી જીવન પથની નદિયોં વહી આવ્યા સાગરમાં .


સોજીત્રા દયાબેન સમજુભાઈ

અમરાપુર પ્લોટ શાળા

Mo. 8153987599

સ્ટોલ 36

ઈનોવેટરનું નામ : દવે વરુણકુમાર અતુલભાઈ મોબાઈલ નંબર : 9601041590

શાળાનું નામ : શ્રી બવાડી પ્રાથમિક શાળા તાલુકો : લીલીયા જિલ્લો : અમરેલી



# ડિજિટલ જ્ઞાન મિશન

ચારેય બાજુ વેરાન વિસ્તાર,પાણીનો કોઈ વરતારો નહીં,જયા જુઓ ત્યાં બસ ખારોપાટ વિસ્તાર,જમીનમાં પાણી નહીં વરસાદ પર આધાર સિંહોની ગર્જના કરતો, ડુંગરાની ચોટીની બાજુમાં આવેલ આ અંતરિયાળ વિસ્તારની એક શાળા જેનું નામ બવાડી જેમાં વસ્તીનું પ્રમાણ ઓછું અને બાળકોની સંખ્યા 88 જેમાં બાળકોગણિત અને વિજ્ઞાનમાં કઠિન અધ્યયન નિષ્પતિઓના આધારે એક શૈક્ષણિક સરેરાશ સિધ્ધીના મૂલ્યાંકનના આધારે E-CONTANTબનાવવામાં આવ્યું જેનાથી અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સારી રીતે શીખવી શકાય અને બાળકોને એ અધ્યયન નિષ્પતિ સરળતાથી આવડી શકે.

બવાડી, બવાડા પ્રાથમિક શાળામાં ધોરણ 5, 6 અને 7 માટે એક પ્રિ-ટેસ્ટ 25 ગુણની લેવામાં આવી જેમાં કઠિનબિંદુઓના આધારે 25 ગુણની OMR શીટમાં ટેસ્ટ લેવામાં આવેલ હતી .આ માટે બે એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવેલો હતો .જેનું નામ 1.EVELLBEE અને 2.ZIPGRADE ત્યાર બાદ બંને શાળાના ગુણના આધારે એક નવતર પ્રયોગ કરવામાં આવેલ હતો ધોરણ 6, 7 માં ઇ-કન્ટેન્ટ આપવામાં આવેલું હતું .E-CONTANT અંદર કઠિન અધ્યયન નિષ્પતિઓના વિડીયો, ઓડિયો, QR CODE, PDF મટીરીયલ્સ, પ્રશ્નબુક વગેરેની એક નાનકડી બુકલેટ તૈયાર કરવામાં આવેલી હતી આ બુકલેટની અંદર વિડીયો તૈયાર કરવા માટે ઈન્ટરએક્ટિવ વિડીયો એડિટર H5P APPICATIONમાં વિડીયો બનાવવામાં આવેલા હતા. ઑગમેંટેડ રિયાલિટી અને વર્ચ્યુઅલ રિયાલિટી આધારિત પણ વિડીયો બનાવવામાં આવેલા હતા .ધોરણ 6માં ગણિતની 15 અને વિજ્ઞાનની 14 અધ્યયન નિષ્પતિઓ ધોરણ 7 ગણિતમાં 15 અને વિજ્ઞાનમાં 15 અધ્યયન નિષ્પતિઓના આધારે કઠિનબિંદુઓ શિક્ષણમાં માટે સરળ પડે તે માટે વિડીયો અને તેના QR CODE બનાવ્યા ત્યાર બાદ PDF સ્વરૂપે મટીરીયલ્સ તૈયાર કરેલું હતું અને E-CONTANT ના આધારે બાળકોનેનાની બુકલેટ આપવામાં આવેલી હતી અને તેની અંદર જ પોસ્ટ ટેસ્ટ લેવામાં આવેલી હતી.

બાળકોમાં તર્કશક્તિ,રમત આધારિત શિક્ષણ હાયર ઓર્ડર થીંકીંગ પ્રશ્નો,બનાવવામાં આવેલા હતા મારા દ્વારા એક એપ્લિકેશન બનાવવામાં આવી હતી તેનું નામ ગાઇડ (guide) તેમાં અલગ અલગ એકમ કસોટી, સ્વ-અઘયન પોથી અને શિક્ષક અને વિદ્યાર્થી માટે શિક્ષક કોર્નર અને વિધાર્થી માટે મટીરીયલ્સ મુકેલ છે. અને CHATGTP અને CANAVA એપ્લિકેશન દ્વારા ડિઝાઇન કરવામાં આવેલા હતા.


ઈ-કન્ટેન્ટના આધારે પોસ્ટ ટેસ્ટ 25 ગુણ લેવામાં આવેલી હતી તેમાં EVELLBEE અને ZIP GRADE એપ્લિકેશનના ઉપયોગ દ્વારા ધોરણ છ અને સાતના ગણિત-વિજ્ઞાનની અધ્યયન નિષ્પત્તિ આધારે ટેસ્ટ લેવામાં આવી હતી.76 % જેટલું ગણિત અને વિજ્ઞાન વિષયમાં વૃદ્ધિ જોવા મળે છે.આ એપ્લિકેશન ઉપયોગ ગુજરાતમાં 1,34,000 શિક્ષકો તેનો ઉપયોગ કરે છે .





દવે વરુણકુમાર અતુલભાઈ
બવાડી પ્રાથમિક શાળા
Mo. 9601041590


Shot on OnePlus


Quiz Key
Name std 8
A: PRIMARY
B: ALT. KEY
SCAN FOR KEY
ADD KEY
1: A B C D E 1pt
2: A B C D E 1pt
3: A B C D E 1pt
4: A B C D E 1pt
5: A B C D E 1pt
6: A B C D E 1pt
7: A B C D E 1pt
8: A B C D E 1pt
9: A B C D E 1pt
10: A B C D E 1pt
11: A B C D E 1pt
12: A B C D E 1pt
13: A B C D E 1pt


Name
Date
Period
A B C D E
A B C D E
1 2 3 4 5 6 7 8 9 10
11 12 13 14 15 16 17 18 19 20
Test Version: A B C D
ZipGrade.com


Quiz Menu
Name std 8
DETAILS
STATISTICS
Classes
Answer Sheet 20 Question Form (1)
Date 2023-09-13
Papers 0
Questions 20
EDIT KEY
SCAN PAPERS
REVIEW PAPERS
ITEM ANALYSIS
TAG REPORT


પ્રાથમિક શિક્ષણ જગતનું નંબર - 1 ફ્રી એપ્લીકેશન
1,50,000 દોઢ લાખ ડાઉનલોડ
બાલવાટિકા અને ધોરણ 1 થી ધોરણ 8 ના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષક મિત્રો માટે અમુલ્ય ........
➢ દરેક વિષયના સ્વાધ્યાયના જવાબો
➢ જુન 2023ની ભરેલી સ્વ અધ્યયનપોથીઓ ( તમામ ધોરણ )
➢ ભરેલી ગાલા નવનીત સ્વાધ્યાયપોથીઓ ( તમામ ધોરણ )
➢ ધોરણ 3, 4, અને 5 માટે પાઠ્યપુસ્તકોમાં લખેલા જવાબો
➢ એકમ કસોટીઓના જવાબો 2023
➢ ધોરણ 6, 7, અને 8 માટે તમામ વિષયના પાઠ્યપુસ્તકોના સ્વાધ્યાયના જવાબો
➢ નવોદય પરીક્ષા અને NMMS પરીક્ષાનું સંપૂર્ણ મટેરિયલ
➢ દરરોજનું પ્રાર્થના સંમેલન
❖ લેટેસ્ટ પરિપત્રો અને વર્ગખંડ માટેનું સંપૂર્ણ મટેરિયલ
❖ શિક્ષકો માટે સ્પેશિયલ અલગ વિભાગ Teacher Corner
એકવાર ડાઉનલોડ કર્યા બાદ આપ ડીલીટ કરવાનું ક્યારેય નહી વિચારી શકો.
બિલકુલ ફ્રી......મોબાઈલ નંબર નાખવાની પણ જરૂર નહી.
ડાઉનલોડ કરવા ગુગલ પ્લેસ્ટોર પર લખો - Guide Application
અથવા
ડાઉનલોડ કરવા અહી ક્લિક કરો


સ્વઅધ્યયનપોથી
વાર્ષિક પરીક્ષા પેપર - 2023
શિષ્યવૃતિ પરીક્ષા
એકલવ્ય પરીક્ષા
ધોરણ:- 9
ધોરણ:- 10
Teacher Corner
સન્ડેફંડે
ધો - 1 - 2 અને બાલવાટિકા
નવી આવેલ સ્વઅધ્યયનપોથી


Shot on OnePlus

**સ્ટોલ 37**


ઈનોવેટરનું નામ : રૂડાણી પ્રતિકકુમાર એ. મોબાઈલ નંબર : 7069751000

શાળાનું નામ : શ્રી મોટા સમઢીયાળા પ્રા. શાળા તાલુકો : ખાંભા જિલ્લો : અમરેલી




## ન્યુઝ ચેનલ

ખાંભા તાલુકાના ઈંગોરાળા ક્લસ્ટરની 10 શાળાઓ છે જે તમામ પ્રવૃતિઓમાં ખૂબ જ અગ્રેસર હોય છે. બસ સમસ્યા માત્ર એ જ છે કે તેમનો યોગ્ય પ્રચાર પ્રસાર થતો નથી. શાળાઓના બાળકોમાં પોતાનામાં રહેલી વિવિધ શક્તિઓની પોતાના શબ્દોમાં વ્યક્ત કરવામાં સંકોચ અનુભવતા હતા.

ઈંગોરાળા ક્લસ્ટરની મારી 10 શાળાઓની શાળા મુલાકાત દરમિયાન આ ‘ ન્યુઝ ચેનલ’ નામના નવતર પ્રયોગની અમલવારી કરવામાં આવી, જેમાં સૌ પ્રથમ ‘ HELLO SIRJI’ નામની યુટ્યુબ ચેનલ બનાવવામાં આવી. ત્યારબાદ ન્યુઝ રિપોર્ટર ઉપયોગ કરતા હોય તેવું એક માઈક ખરીદવામાં આવ્યું. હવે સમય હતો આ ન્યુઝ ચેનલની અમલવારીનો જેમાં શાળા મુલાકાત દરમિયાન એક ન્યુઝ રિપોર્ટરની જેમ શાળામાં વિવિધ પ્રવૃતિઓનો એક વિડીયો અહેવાલ બનાવવામાં આવે છે. આ વિડીયો મોબાઈલમાં OPEN CAMERA નામની એપ્લીકેશનમાં ઉતારવામાં આવે છે. અને તેને યુટ્યુબ પર અપલોડ કરી whatsapp ગ્રુપ અને FACEBOOKના માધ્યમથી પ્રચાર કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં શાળાઓની મારી મુલાકાત દરમિયાન મેં નીચે મુજબના શાળાઓમાં વિડીયો ઉતારવામાં આવ્યા છે.

- શાળાની ભૌતિક સુવિધાઓ
- શાળાઓમાં થતી વિવિધ પ્રવૃતિઓ
- શાળાઓમાં ચાલતા જુદા જુદા વર્કશોપ
- પ્રવાસ પાર્ટન જેવી પ્રવૃતિના અહેવાલ
- વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યું
- સ્પર્ધાત્મક પરીક્ષાની માહિતી
- શૈક્ષણિક કાર્ય

આમ ઉપરોક્ત ટોપિક સાથે વિડીયો દરેક શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને સાથે રાખી નિર્માણ કરવામાં આવે છે . આગામી સમયમાં શૈક્ષણિક મુદ્દાઓના આધારે અને વિદ્યાર્થીઓ પોતે એન્કરીંગ કરી ન્યુઝ રીપોર્ટ બનાવે તેવું આયોજન છે.

યુટ્યુબ પર ચેનલને મળેલા સબસ્ક્રાઈબર, લાઈક અને વ્યુ નાં આધારે તથા ઈન્ટરવ્યું માટે વિદ્યાર્થીઓના રિસ્પોન્સથી આ ન્યુઝ ચેનલ કેટલી સફળ છે તેની માહિતી મળી રહે છે.“HELLO SIRJI’નામની આ યુટ્યુબ ચેનલને જુલાઈ 2022-23 થી શરુ કરવામાં આવી અને અત્યાર સુધીમાં 258 સબસ્ક્રાઈબર અને લગભગ ૩000 થી વધુ વ્યુ આ ચેનલને મળ્યા છે.


રૂડાણી પ્રતિકકુમાર અરવિંદભાઇ

મોટા સમઢીયાળા પ્રા. શાળા

Mo. 7069751000




CRC
INGORALA
PowerDirector



**સ્ટોલ 38**


ઈનોવેટરનું નામ : હીનાબેન કે. ચૌહાણ    મોબાઈલ નંબર :7096984584

શાળાનું નામ : શ્રી સ.મા.શાળા-બાબરકોટ    તાલુકો : જાફરાબાદ    જિલ્લો : અમરેલી




# વિદ્યાધામ

" પ્રભુ જગ મંદિર તણી દિવડી બનવા ચાહું,<br>
જગ કાજ જલુ નિશ-દિન અંતરથી હું એ ચાહું,<br>
થઈ પ્રેમલ જ્યોત જલું થઈ અંજવાળું મલકું,<br>
તવ સાંનિધ્યે ઈશ્વર અંતરથી હું એ ચાહું ..."

તા. 03-04-2017ના રોજ મારી કર્મયાત્રાની શરૂઆત થઈ. શિક્ષણ કાર્યને કર્મયોગ ગણી શિક્ષણ યજ્ઞની શરૂઆત કરી, શ્રેષ્ઠ શાળાનું સ્વપ્ન જોયું. પ્રાચીન સમયમાં નાલંદા, તક્ષશિલા અને વલ્લભીવિદ્યાપીઠ જેવા વિશ્વવિદ્યાલયો ભારતમાં હતાં. શું આપણી સરકારી શાળા આવું વિદ્યાધામ ન બની શકે ? શું આપણે વિદ્યાર્થીને સમાજની જરૂરિયાત પ્રત્યે સંવેદનશીલ ન બનાવી શકીએ ? આવા પ્રશ્નનોના જવાબની શોધમાં શરૂ થઈ અમારી શાળા વિદ્યાધામ બનવાની સફર.

શ્રી સરકારી માધ્યમિક શાળા બાબરકોટ તા.જાફરાબાદ જિ-અમરેલી ધોરણ- 9 થી 10 ચાર (4) વર્ગ વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા દર વર્ષે આશરે 250 થી 300.ગામની સાક્ષરતા 30% ઓછી. શિક્ષકોની સંખ્યા 2020/21માં 1(એક) હાલ બે શિક્ષકો કાર્યરત છે. સામાજિક ,આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત દરિયાકાંઠાનું ગામ મારૂ બાબરકોટ. ગામમાં શાળાની ખરાબ છાપ અને શાળા પ્રત્યે ગામલોકોના વિરોધી માનસના વચ્ચે શરૂ થઈ મારી શૈક્ષણિક કર્મયાત્રાની શરૂઆત. જેમાં વિદ્યાર્થીઓને સંવેદનશીલ વિશ્વના જવાબદાર નાગરિક બનાવવા માટે સર્વગ્રાહી શિક્ષણ આપતી શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થા બનાવવાના હેતુમાં પડકારરુપ તમામ બાબતોને ધ્યાનમાં રાખી આશરે 52થી વધારે જેટલા શૈક્ષણિક નવીન પ્રયોગો કરવામાં આવ્યા. તેમાં 1.ચાંદલા વ્રત, 2.શાળા શિસ્ત, 3.શાળા સંસ્કાર, 4.સખી મિટિંગ, 5.અદભૂત પ્રાર્થના, 6.પ્રાણાયામ, 7.રોજ વિષયવાઇજ પ્રશ્નોતરી, 8.શાળા તત્પરતા કાર્યક્રમ, 9. મોટિવેશન & શેર હેપ્પીનેશ 10.જાદુઇ સ્પર્શ, 11.વિદ્યાર્થીઓની ક્ષમતા ચકાસણી, 12. ફરજિયાત એકમ કસોટી અને એસેસમેંટ, 13. શિક્ષકોના સૂચન/પ્રતિભાવ બુક, 14. વિદ્યાર્થી સૂચન/પ્રતિભાવ બુક, 15.ગેરહાજર વિદ્યાર્થીના વાલીને તે જ દિવસે ફોન દ્વારા જાણ, 16.લેશન ન લાવતા વિદ્યાર્થીઓના વાલીઓને ફોન દ્વારા જાણ,17.સતત ગેરહાજર વિદ્યાર્થીઓના વાલીઓની રૂબરૂ મુલાકાત, 18. વાલીમિટિંગ, 19.એક જ ક્લાસમાં 121 થી વધારે વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય કરાવવાના પડકારને જીલવા શિક્ષણમાં ટેક્નોલૉજીનો ઉપયોગ, 20.સમયદાન, 21. મારી શાળા મારૂ મંદિર, 22. નકશાપૂર્તિ 23. ઉપચારાત્મક કાર્ય 24. મુલાકાત અને મુવમેંટ રજીસ્ટર 25.અગવડતાઓમાં સગવડતા ઊભી કરવી 26.ગામ વિકાસમાં ભાગીદારી (ગામ સફાઈ, સમુદ્ર કાંઠા સફાઈ, શેરી નાટકો, રેલીઓ, પ્રભાતફેરી) 27.સંગીત સવાર 28. માતૃ – પિતૃ પૂજન 29.તારે જમી પે (ચિત્ર સ્પર્ધા) 30.દિન વિશેષની ઉજવણી 31.શાળા સંચાલનમાં વિદ્યાર્થીની ભાગીદારી (બાળ સાંસદ) 32.શ્રેષ્ઠ વિધાર્થીની અને શ્રેષ્ઠ વિદ્યાર્થી 33.જય શ્રીકૃષ્ણ 34.ચર્ચા સભા 35. પ્રશ્નોતરી દિવસ 36. વ્યક્તિ વિશેષ તજ્જ્ઞોના સેમિનારો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણા પ્રોત્સાહ37.પરીક્ષા રિહર્સલ રાઉન્ડ ટેસ્ટ 38. ચોરીની બદી નાબૂદી 39. પરીક્ષાનો ડર દૂર કરવા વિદ્યાર્થીઓનું વ્યક્તિગત કાઉન્સેલિંગ 40. પરીક્ષા પે ચર્ચામાં ભાગીદારી, 41. વિદ્યાર્થીને જાણો 42.વિદ્યાર્થી કેન્દ્રિત શાળા, 45.પ્લાસ્ટિક મુક્ત શાળા, 46.નશા મુક્તિ અભિયાન,

47.હું પણ સ્પર્ધા કરું, 48.સમૂહ ભોજન 49.શાળા વિકાસમાં ગામ લોકોની ભાગીદારી 50.રમત ગમત દિવસ 51. વેબ સાઇટ 52.એક મિનિટની રમત 53. વર્ગખંડ ન હોવાના કારણે બહાર બેસતા વિદ્યાર્થીઓને રમત દ્વારા શિક્ષણ 54. શૈક્ષણિક પ્રવાસ તેમજ નવી શિક્ષણ નીતિને ધ્યાને લઇ મૂલ્યલક્ષી શિક્ષણ તેમજ તમામ પાસાંઓ પર નિયમાનુસાર ચાલવાનું શરૂ કર્યું.

શાળાને શાળા તરીકે કાર્યાન્વિત કરવામાં અમને પાંચ વર્ષ જેવો લાંબો સમય લાગ્યો છે. હવે શાળા વિદ્યાધામ બનવાના ધ્યેય તરફ આગળ વધી રહી છે.અમારી પ્રગતિ વિદ્યાર્થીઓના અને ગામલોકોના શાળા માટે આપેલ અભિપ્રાયો, DEO, AEI, EI, BRC, CRC, પ્રાથમિક શાળાના આચાર્ય, શાળાના શિક્ષકોએ શાળા માટે આપેલ અભિપ્રાયો, તેમજ વિવિધ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની ભાગીદારી અને સ્પર્ધાના પરિણામો દ્વારા જાણી શકાય છે. એકમ કસોટી, શાળાકીય પરીક્ષાઓ, બોર્ડની પરીક્ષામાં શાળાના પરિણામમાં સુધારો થયો છે. SSC બોર્ડની પરીક્ષામાં શાળાનું પરિણામ જે 8% હતું તે આજ 68% એ પહોચ્યું છે. વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને સફળતા મળેલ છે.શાળા સંસ્કાર અને શાળા શિસ્ત દ્વારા શાળામાં શૈક્ષણિક ભાવાવરણનું નિર્માણ થયું છે. અમારી શાળા પ્રથમ સરકારી શાળા છે જેણે શાળાકીય વહીવટનો ભાર હળવો કરવા પોતાની વેબસાઇટ (www.govsecbabarkot.in) બનાવી તેને ઉપયોગમાં લાવ્યા છીએ.એક વિદ્યાર્થી પરીક્ષાના દબાણમાં આવી ગયેલ તેના વર્તન પર તણાવની ઊંડી અસર થઇ હતી તે વિદ્યાર્થી અને તેના વાલીનું વ્યક્તિગત કાઉન્સેલિંગ કરેલ તે વિદ્યાર્થી તે જ વર્ષે પરીક્ષા આપી પ્રથમ પ્રયત્ને પાસ થયેલ છે. હાલ શાળાના એક વિદ્યાર્થી આર્મીમાં પસંદગી પામેલ છે. ગામલોકો અને વિદ્યાર્થીઓની પુણ્ય ભાવનાથી શાળામાં સરસ્વતી માતાનું મંદિર નિર્માણ (મુર્તિ પ્રાણપ્રતિષ્ઠા) થયેલ છે. માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ પણ શાળા મુલાકાત દરમિયાન શાળાના આચાર્ય અને શિક્ષકોની કામગીરીને બિરદાવી છે. હજુ શાળાને વિદ્યાધામ બનાવવાની પ્રક્રિયા ચાલુ છે. જે અવિરત ચાલુ રહેશે.

હીનાબેન કે. ચૌહાણ
શ્રી સ.મા.શાળા-બાબરકોટ
Mo. 7096984584















पढे चलो, पढे चलो
RASHTRIYA MADHYAMIK SHIKSHA ABHIYAN
REDMI K50i | S.M.
22/08/2023 14:29

**સ્ટોલ 39**


ઈનોવેટરનું નામ : ભુત ટીનાબેન ધરમશીભાઇ મોબાઈલ નંબર 9909082682

શાળાનું નામ : શ્રી એમ.વી.પટેલ કન્યા વિધાલય તાલુકો :અમરેલી જિલ્લો : અમરેલી




# વિધાર્થી ઉપયોગી ઉત્પાદકિય કાર્ય

મારા આ વિચારની શરુઆત NEP 2020 નાં હેતુને અનુરૂપ ગાંધીજીએ કહ્યુ છે તે પ્રમાણે " કેળવણી એટલે બાળકોમાં પડેલા ઉત્તમ અંશોનું આવિષ્કરણ " એ વિચારને સાર્થક કરવા આ કાર્યની શરુઆત મારી શાળામાં ધોરણ 11 થી થાય છે.

સૌ પ્રથમ બધા વિદ્યાર્થીઓમાંથી પાંચ વિદ્યાર્થીને લીડર બનાવવામાં આવે છે. આ પાંચ લીડરની ટીમમાં બાકીના વિદ્યાર્થીઓની ફાળવણી કરવામાં આવે છે.

આ પાંચ લીડરને શિક્ષક દ્વારા ક્રમશ: જુદા જુદા પ્રકારનાં ટાંકા શીખડાવવામાં આવે છે. જેવાકે સાદુભરત, ટીભ ટાંકો. કાચ ભરત, કચ્છી ભરત, ગુલાબ ટાંકો વગેરે….. તે લીડર તેમની ટીમના બાકીનાં વિદ્યાર્થીનીઓને શીખવાડે છે. ત્યાર બાદ ફ્રી સમયમાં બધીજ વિદ્યાર્થીની બહેનો ટાંકાની પ્રેકટીસ કરે છે. ટાંકા પર પક્ડ આવી જાય પછી લેટેસ્ટ ડિઝાઇન પર કાર્ય કરે છે. વિદ્યાર્થીઓ દ્વારા રૂમાલ, પેચવર્ક, નવરાત્રિ માટે સેટ, નવરાત્રિ માટે બેલ્ટ, પોતાની કુર્તી, ટી-શર્ટ વગેરે પર વર્ક કરે છે. ત્યાર બાદ પોતે કરેલ દરેક પ્રવૃત્તિની ફાઇલ બનાવે છે.

આ વિસરાઇ જતી હસ્તકળા લગભગ દરેક છોકરીઓને હસ્તગત થઇ ગઈ. છોકરીઓ બહેનપણીના જન્મદિવસ પર પોતે બનાવેલ રૂમાલ કે પર્સ જેવી વસ્તુઓ ભેટમાં આપતી થઈ. આ રીતે પોતાની જાતે આર્થિક ઉપાર્જન માટે પણ સક્ષમ થઇ ગઈ. પોતાની આવડતથી વાકેફ થઇ અને પોતાનામાં આત્મવિશ્વાસનો સંચાર થયો.

મારા આ પ્રયાશથી ઘણી બધી દિકરીઓને સ્વ રોજગારી મળશે.



ભુત ટીનાબેન ધરમશીભાઇ

એમ.વી.પટેલ કન્યાવિદ્યાલય

Mo. 9909082682






RADHI



સ્ટોલ 40


ઈનોવેટરનું નામ : પઠાણ ફિરોઝખાન દિલાવર ખાન મોબાઈલ નંબર : 9427431992

શાળાનું નામ : IED SSA બી.આર.સી.ભવન તાલુકો : ખાંભા જિલ્લો : અમરેલી




# દિવ્યાંગ દિવ્ય દ્રષ્ટિ ક્ષિતિજ પાર

ગત જુનથી સત્રની શરૂઆત થઇ મારા કલસ્ટર કુમાર શાળા ખાંભાની શાળાઓમાં દિવ્યાંગ બાળકોના સર્વે બાબતે જવાનું થયું. સર્વેની સાથે સાથે બે શિક્ષકોની વાત ચીત દરમિયાન એકવાત ધ્યાને આવી કે, આ બાળકને વારંવાર શિખવવા છતાં યાદ રહેતું નથી. આવું ઘણા વર્ગોમાં અને ઘણી શાળાઓમાં જોવા મળતું હોય છે. આવા બાળકોને શિખવવાની અક્ષમતા Special Learning Disibility કે Show Learner disibility મોડું શીખે છે.

Special Learning Disibility દિવ્યાંગ બાળકોની ઓળખ કરવામાં આવી. ત્યારબાદ સ્ક્રિનીંગ રીપોર્ટ અને કેશ સ્ટડી કરવામાં આવ્યો. સ્ક્રિનીંગ રીપોર્ટમાં બાળક સ્વતંત્ર રીતે કાર્ય કરવામાં સક્ષમ છે કે કેમ? મૌખિક જવાબ,માતૃભાષાની સમજ, લખતી વખતે પેનની પકડ, અક્ષરો, જોડણી, શ્રુતલેખન વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવી. બાળકના જન્મથી લઇને આજ સુધીની કેસ સ્ટડી કરવામાં આવી. તેનાં સર્વાંગી વિકાસાત્મક તબકકા એટલે કે, સાંભળતા, બોલતા, ચાલતા, વાંચતા, લખતા, વર્તન વગેરેની જાણકારીના આધારે તેને લગત અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યા. જેમાં વિષયવસ્તુ આધારે વાર્તા, રમતો દ્વારા સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું. કેસ સ્ટડીથી મળેલી વિગતોની સાથે વિષયવસ્તુને જોડીને સમજાવી. દા.ત. ઘરમાં સૌથી વધારે દાદા સાથે વાત કરવી ગમે તો વિષયવસ્તુની વાતને દાદાની સાથે વણી લઇ સમજાવીને દ્રઢીકરણ કરાવ્યું. છેલ્લે મૂલ્યાંકન કરતી વખતે વિભાગ પધ્ધતિથી મૂલ્યાંકન કર્યું. વિધાર્થી સાથે સાથે હું પણ જવાબ બોલતો ગયો. જેથી બાળકમાં આત્મવિશ્વાસ વધે. મુકતમનથી બાળક જવાબ આપે તેવા પ્રયત્નો કર્યાં.

વિધાર્થીઓની મુલાકાત દરમિયાન અનૌપચારિક રીતે, બાળક સાથે વાતચિત દ્વારા અને વાલીઓના પ્રતિભાવથી મૂલ્યાંકન કરવામાં આવ્યું.

બાલવાટિકાથી ધોરણ-૫ ના ૭ વિધાર્થીઓ, ધોરણ-૬ થી ૮ માં ત્રણ વિધાર્થીઓ ધોરણ-૯ થી ૧૨ માં ત્રણ વિધાર્થીઓ આ બાળકોમાં ઘણું પુનવર્સન જોવા મળ્યું. ઓળખતા થયાં, વાતચિત કરે, સોંપાયેલ કામ પૂર્ણ કરે, જાહેરમાં બોલતા શીખ્યા, લેખનકાર્ય સામાન્ય કરે. બાલવાટિકાથી ધોરણ-૧૨ નાં વિધાર્થીઓના સ્ક્રિનીંગ અને કેસ સ્ટડીથી અને રમતો, પઝલો દ્વારા સફળતા મળી. Special Learning Disibility વિધાર્થીઓ જવાબ આપતાં થયા.


પઠાણ ફિરોઝખાન દિલાવર ખાન

ED SSA બી.આર.સી.ભવન ખાંભા

**Mo** 9427431992













# તાલુકા ઈનોવેશન અને શેરીંગ વર્કશોપ
# તસ્વીરી ઝલક


















## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
## અમરેલી